'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર અહિંસા-સંયમ-તપ ઝંકાર

|| ૪ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ


અહિંસા - સંયમ - તપ - બ્રહ્મચર્ય

અહિંસાધર્મનો સૌથી અધિકમાં અધિક વિકાસ
ભગવાન મહાવીરના અહિંસાધર્મના સિદ્ધાંતોથી થયો છે.
ભગવાન મહાવીરનું દર્શન એ આત્મદર્શન છે,
તેમાં ષડ્દર્શન પ્રમુખથી વિશ્વના સૌ જીવોનો વિચાર છે.
અહિંસા = સર્વ જીવવિષયક ઔચિત્ય સહિત
નૈગમ - વ્યવહારનયના વિષયરૂપે પરમેષ્ઠિ નમસ્કાર.
સંયમ = આત્મવિષયક ઔચિત્ય સહિત
ઋજુસૂત્રનયના વિષયરૂપે નમસ્કારની પરિણતિ.
તપ = પરમાત્મવિષયક ઔચિત્ય સહિત શબ્દાદિનયોના
વિષયરૂપે નમસ્કારનો જ્ઞાતા સ્વયં નમસ્કાર.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી
**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराजा



मयि तद्रूपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર અહિંસા-સંયમ-તપ ઝંકાર

॥ ૪ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ


અહિંસા - સંયમ - તપ - બ્રહ્મચર્ય

- **PARAM BHADRANKAR AHINSA-SANYAM-TAP NO ZANKAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Non-Violence and Calibacy.
  by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 4**

  Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ખજાનામાંથી વિષયવાર ચિંતનો ચૂંટીને લઘુ ગ્રંથોરૂપે પ્રકટ કરતાં આપણા હસ્તદ્વયમાં અહિંસા-સંયમ-તપનો ઝંકાર શોભી રહ્યો છે. પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યે પોતાની રોજનીશીમાં આલેખેલ એક અણમોલ ચિંતન જોઈએ:

'અહિંસા-સંયમ-તપના પ્રભાવે જીવનમાં રાગ-દ્વેષ-ગમા-અણગમા ઘટી પ્રસન્નતા અને વિશ્વમૈત્રી ભાવના પ્રતિષ્ઠિત થાય છે. અહિંસા યાને અદ્વેષ, કોઈનું બુરૂં ન ઈચ્છવું તે. સંયમના પ્રભાવે વિલાસ તરફ દોડતું મન વૈરાગ્ય તરફ જવાથી સમતારસની સરિતા વહે છે. તપના પ્રભાવે કષાય-ક્લેશો ઓછા થઈ કર્મબંધનો ઢીલા પડતાં લાગે અને નિર્મળતા-સરળતા-સહૃદયતાનો પ્રાદુર્ભાવ થતો દેખાય છે. અહિંસાના બે રૂપમાં સંયમ (સંવર) એ પરભાવવિરમણ રૂપ અને તપ (નિર્જરા) એ સ્વભાવરમણ રૂપ છે. એ બે મળીને જ અહિંસા પૂર્ણ થાય છે. અહિંસા વડે દેહશુદ્ધિ-ક્ષાન્તતા-મૈત્રી, સંયમ વડે ઈંદ્રિયશુદ્ધિ-દાન્તતા-વૈરાગ્ય અને તપ વડે મનશુદ્ધિ-શાન્તતા-જ્ઞાન પ્રાપ્ત થાય છે. અહિંસાથી પાપ, સંયમથી દુ:ખ, તપથી કર્મનાશ થાય છે. અહિંસા વડે સર્વ જીવો સાથે, સંયમ વડે પોતાના આત્મા સાથે અને તપ વડે પરમાત્મા સાથે ઉચિત વ્યવહાર થાય છે.'

આવા ચિંતનો આપણને પહોંચ્યા તેમાં આપણા જ ઉત્તમ કોટીનાં શ્રાવકરત્ન **પારસભાઈએ** પોતાના ઉપકારી વયોવૃદ્ધ માતુશ્રી **જયાબેન** તથા પિતાશ્રી **ચુનીલાલ દોઢીયાની** પુણ્યાઈએ લાભ લીધો છે તથા રાજકોટના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતાની** સમજપૂર્વકની અખંડ ગુરૂભક્તિના પ્રભાવે આ કાર્ય થયું છે.

આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરું હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લંડન / હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

## 'અહિંસા'નો અર્થ...

ફક્ત 'ન મારવું' એટલો જ મર્યાદિત નહિ, કિન્તુ બધા જ જીવો પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ, કરુણા અને મન-વચન-કાયા વડે બધાનું ભલું કરવાની ભાવનાનો સમાવેશ આ એક નાનકડા 'અહિંસા' શબ્દમાં થાય છે.

## 'અહિંસા પરમો ધર્મઃ'નો અર્થ શું ?

'આત્મા શુદ્ધ સાત્વિક સ્વભાવે અખંડ છે' તે પ્રભુવચનમાં અંતરશ્રદ્ધા કરી તેમાં અડગ રહેવું, તેનું નામ અહિંસા અને તે જ પરમ ધર્મ છે.

જીવસૃષ્ટિ સાથેનું અદ્વૈત જ્યારે આપણી જે માનવજાતિને ગળે ઉતરે, ત્યારે 'અહિંસા એ પરમ ધર્મ છે' તે સત્ય સમજાય છે.

જેમાં અહિંસાને પરમ સ્થાન છે - શ્રેષ્ઠ સ્થાન છે, તે ધર્મ. ધર્મનો હેતુ અહિંસા છે, અહિંસાનો હેતુ મોક્ષ છે. તન, મન, કર્મ, વચન કે વાણી વડે કોઈપણ જીવને નુકસાન ન પહોંચાડવું - આઘાત ન થવા દેવું, તે અહિંસા છે.

'હું આનંદસ્વરૂપ છું' એટલે સુખ મેળવવાને માટે મારે જગતના પ્રાણી - પદાર્થોની આવશ્યકતા ન હોય. 'હું શરીર નથી' એટલે જન્મ, મૃત્યુ, જરા યા વ્યાધિ મને પીડા આપી શકે નહીં. 'હું પ્રાણ નથી' એટલે ક્ષુધા, તૃષા, શીતોષ્ણ મને વ્યાકુળ કરી શકે નહીં. 'હું ઇંદ્રિયો નથી' એટલે વિષયના સંયોગ - વિયોગ, જન્મ, સુખ અને દુઃખ મને સ્પર્શ કરી શકે નહીં. 'હું અંતઃકરણ નથી' એટલે શોક - મોહ, રાગ - દ્વેષ, કર્તા - ભોક્તા વગેરે ધર્મો મારા સુધી પહોંચી શકે નહીં.

'હું છું કે નહિ?' એવો સંશય ક્યારેય થતો નથી. આત્મા પ્રત્યક્ષ છે, અન્યથા 'હું છું' એવો પ્રત્યય ન ઘટે.

કર્તૃત્વાભિમાનનો નિરાસ કરવા એમ વિચારવું કે:

પોતાનું વર્તમાન જીવરૂપ સ્વરૂપ ખોટું છે અને સાચું સ્વરૂપ તો શુદ્ધ આત્માનું રૂપ છે.

'હું શુદ્ધ છું' એ વિચારનું સૂક્ષ્મ અભિમાન પણ દુરુપયોગ કરી ન જાય, તે ખાતર ઈશ્વરાર્પણ વિધિ છે.

અહિંસા, સંયમ અને તપ - એ ત્રણે એકત્ર મળીને
ધર્મમંગળ બને છે. જેની પાસે ધર્મમંગળ છે, તેને
કોઈ દેવને ય નમવું પડતું નથી. પ્રત્યુત દેવોને પણ
ધર્મમંગળ જેની પાસે છે, તેને નમવું પડે છે.

અહિંસા, સંયમ અને તપને એ જ કારણે
ઉત્કૃષ્ટ મંગળ તરીકે ગણાવ્યાં છે.

અહિંસા એ આધ્યાત્મિકતાનો મૂળ પાયો છે.

વાનપ્રસ્થ સંન્યાસીઓમાં મુખ્ય ધ્યેય હતું:
બ્રહ્મચિન્તન, ધ્યાન અને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનું.

તેઓમાં ક્યારેય અહિંસામૂલક ઉગ્ર આચરણ કે
અહિંસાના વિચારમાંથી ઉભું થયેલું ઉગ્ર આચરણ ન હતું.

જેને ખાતર લેવામાં પણ હિંસા જણાય,
તેને ખેતી કરવા નહીં, તે સત્યાગ્રહ છે. આવા વ્યક્તિઓ
આહાર ન મળે, તો મૃત્યુ સ્વીકારવા પણ તૈયાર છે.
તેને સમાજદ્રોહી કે સમાજ ઉપર નભનાર ન કહેવાય.
સમાજને બદલામાં જે આપ્યું, તે ભાગ્યેજ આપી ન શકાય.

# ધર્મનું મૂળ - અહિંસા અને તપ

હિંસા કરીને કોઈને પીડા કરવી, તે પાપ છે.

અહિંસાના પાલન વગર ધર્મ હોઈ શકે જ નહીં, કારણકે ધર્મનું મૂળ દયા, અનુકંપા, પ્રેમ, સહાનુભૂતિ છે, ક્રૂરતા, ક્રોધ, વેર કે ધિક્કાર નહિ. મનુષ્યની ઊંચાઈનું માપ તેના દયા અને પ્રેમભાવનાના માપથી નીકળે છે. બ્રહ્મચર્ય ઉપરનો ભાર, તપ - વ્રતોનો આગ્રહ અને બધા અહિંસક આચારધર્મો - એ જૈન ધર્મનો નિચોડ છે. ભારતની સર્વ સિદ્ધિમાં જે સિદ્ધિ ઊડીને આંખે વળગીને હૃદયના તારેતાર હલાવી નાંખે છે, તે છે: અહિંસા અને તપ. અહિંસાની ભાવના હૃદયના માર્ગે જ પુષ્ટ થાય, માટે ભગવાન વારે ક્ષમાપના - શુભેચ્છા વડે, મન - ઇંદ્રિયોને દમવા વડે હૃદયને અત્યંત નિર્મળ રાખવાનો બોધ કર્યો.

જો આપણે હૃદયની સાફસુફી પ્રત્યે બેદરકાર રહીશું, તો રસ્તો ભૂલીશું, પ્રકાશ બુઝાઈ જશે તથા અજ્ઞાન અને મોહનો અંધકાર બધે ફરી વળશે.

કરુણાસાગર ભગવાને મનુષ્યમાત્રને કહ્યું કે:

'આ સૃષ્ટિ દયાને - ક્ષમાને - પ્રેમને પાત્ર છે.
પ્રાણીમાત્રને કોમળ લાગણીથી, દુઃખ, દર્દ, આંસુ સ્પર્શે છે.
તેમનો સંહાર ન કરીશ. સમગ્ર સૃષ્ટિ તારા પ્રેમની ભૂખી
છે, તારી દયાને ઝંખે છે, તારું હૃદય માંગે છે. એ કારણે
તું એને પ્રેમ આપ, અભય આપ. એનો સંહાર છોડી દે.
એ તારું ભોજન નહિ, તું એનું ભોજન ત્યજ.
તારી જરૂરીયાતોનો તું અન્યની ખાતર સંહાર કર,
પરન્તુ તારી ખાતર તું અન્યનો સંહાર ન કર.
તું તપસ્વી - વ્રતી થા, મૌની થા, અનાથ સૃષ્ટિનો નાથ થા.
તું સૃષ્ટિનો રક્ષક થા, ભક્ષક કદી નહીં.
તપ અને અહિંસા વગર માનવનો ઉત્કર્ષ નહિ!
પરમ પવિત્ર, પૂજ્ય, દયા - કરુણા - પ્રેમના અપાર સાગર
સમા પ્રભુ મહાવીરે જે આમ કહ્યું, તે અક્ષરશઃ સાચું છે.

અહિંસા, દયા, કરુણા અને પ્રેમ - એ ધર્મના
ચાર પાયા છે અને અહિંસા એ તપનો પાયો છે.

અહિંસાધર્મનો સૌથી અધિકમાં અધિક વિકાસ

ભગવાન મહાવીરના અહિંસાધર્મના સિદ્ધાંતોથી થયો છે.

ભગવાન મહાવીરનું દર્શન એ આત્મદર્શન છે,
તેમાં ષડ્દર્શન પ્રમાણે વિશ્વના સૌ જીવોનો વિચાર છે.

અહિંસા = સર્વ જીવવિષયક ઔચિત્ય અર્થાત્
નૈગમ - વ્યવહારનયના વિષયરૂપે પરમેષ્ઠિ નમસ્કાર.

સંયમ = આત્મવિષયક ઔચિત્ય અર્થાત્
ઋજુસૂત્રનયના વિષયરૂપે નમસ્કારની પરિણતિ.

તપ = પરમાત્મવિષયક ઔચિત્ય અર્થાત્ શબ્દાદિનયોના
વિષયરૂપે નમસ્કારનો જ્ઞાતા સ્વયં નમસ્કાર.

'બીજાને દુઃખ ન આપો' એટલો જ અહિંસાનો અર્થ નથી.

અહિંસા એ સ્વધર્મ - આત્મસ્વભાવ છે,
તે બીજા ઉપર આધારિત કેમ હોઈ શકે ?
આત્મતત્ત્વને શ્રેષ્ઠ માનવાથી રાગદ્વેષ જાય છે.
રાગાદિના અભાવવાળી માનસિક સ્થિતિ તે અહિંસા છે,
તેથી શુદ્ધ ચૈતન્યપ્રભુની રક્ષા ધર્મ છે.

# ભગવાન મહાવીરની અહિંસા

પ્રભુનો ભાર અહિંસા ઉપર નહીં, આત્મભોગ ઉપર હતો.
જે આત્માથી પરિચિત ન હોય, તે અહિંસક ન હોઈ શકે.
હિંસા છોડવા માત્રથી અહિંસા આવી જતી નથી,
પરંતુ તે આત્મમય થઈ જવાથી આવે છે.

ભગવાન મહાવીરે જે છોડ્યું એ નહીં,
પરન્તુ જે મેળવ્યું, તે મહત્વનું છે.

(૧) અહિંસા = મહાવીર.
(૨) તથાતા = બુદ્ધ - તથતા - nonresistance.
(3) Total acceptability = લાઓત્સે.

'તથાતા' એટલે જે છે, તે બધું મંજુર છે,
ઉપરાંત જે જેવું છે, તે તેવું આપણને મંજુર છે,
એમાં આપણે કોઈ ફેરફાર કરવા ચાહતા નથી.

'શરીર હું નથી, આત્મા જ હું છું' એવું સતત ધ્યાન
અને મહાવીરનો તપ આત્મલાભપ્રેરક છે.
તપની પ્રક્રિયા ધ્યાનનું જ રૂપાંતર છે.

ધર્મને એક જ શબ્દમાં 'અહિંસા' શબ્દથી કહી શકાય.
આત્મા, પરમાત્મા, પૂજા, પ્રાર્થના, દાન, સેવા, ધ્યાન,
સમાધિ વગેરેને ધર્મ ન કહેતાં અહિંસાને જ ધર્મ કેમ?
'અહિંસા શું છે?' એનો જવાબ એક જ વાક્યમાં
આમ કહી શકાય કે: 'આત્મજ્ઞાન એ જ અહિંસા છે.'

જ્ઞાન સ્વસંવેદનવાળું હોવું જોઈએ, એ માટે
અહિંસાને જીવનમાં ઉતારી તેનો અનુભવ લેવો જોઈએ.

'સંયમ' એટલે સ્વયંમાં રહી અનુભવવું.

સ્વયંમાં સ્થિત, અડગ તથા અવિચલિત એવા
સર્વ ઇંદ્રિયો જ્યારે ભીતર તરફ વળવાનું શરૂ કરે છે,
ત્યારે વ્યક્તિ સંયમી બને છે.

અહિંસા, સંયમ અને તપને અનુક્રમે
અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ નામ આપી શકાય.
અહિંસાનું બીજું સ્વરૂપ અનેકાંત = વિચારની અહિંસા.

સર્વ જીવો પ્રત્યે સંયમપૂર્વકનું વર્તન રાખવું,
તેમાં નિપુણ અહિંસા છે.

જૈન શાસનમાં ધર્મનું મૂળ વિનય છે,

ધર્મનું સ્વરૂપ અહિંસા છે અને અધિષ્ઠાતા સત્ય છે.

બાહ્ય વિનય - વૈયાવચ્ચ આદિ અભ્યંતર તપને ઉત્તેજે છે,
સ્વાધ્યાય આદિમાં એકાગ્રતા ઉત્પન્ન કરે છે અને
ધ્યાન - કાયોત્સર્ગ આદિમાં સ્થિરતા લાવે છે.
તપ એ અનુક્રમે આત્મસ્વરૂપમાં લીન બનાવી
નિજ શુદ્ધ પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરાવે છે.

ઇચ્છાનિરોધરૂપ તપનું મૂળ
વિનય એટલે કે આજ્ઞાપાલનનો અધ્યવસાય છે.

વૃક્ષના મૂળ વિના જેમ તેનું સ્વરૂપ હોઈ શકતું નથી
અને વૃક્ષનું સ્વરૂપ તૈયાર થયાં પછી જ
તેનો અધિષ્ઠાતા હોય છે,
તેમ વિનય, અહિંસા અને સત્ય માટે સમજવાનું છે.
વિનયહીન, હિંસક અને અસત્યવક્તા
મૂળ વિનાના લીલાંછમ વૃક્ષની શોભા જેવી છે,
તેનાથી ફળની પ્રાપ્તિ થઈ શકતી નથી.

વિનયને ધર્મનું મૂળ માનવું જ રહ્યું.

વિનયને ધર્મનું મૂળ નહીં માનતાં અહિંસા કે સત્યને
માનીએ, તો આપણને એ મોક્ષપ્રાપ્તિ થઈ જવી જોઈએ,
કારણ કે આપણે પણ સંપૂર્ણ અહિંસક કે
નિરપવાદ સત્ય બોલનારા હોઈ શકે છે.
પોતાના ખેતરમાં જે વૃક્ષ ફૂલ ન આપે,
તે ખેડૂતને મન ભાર રૂપ છે, એ ન્યાયે આપણે બધા
જીવોના અહિંસા અને સત્ય અનુકૂળ હોવાથી નિરર્થક છે.

અહિંસા એટલે સત્યાગ્રહ માધ્યસ્થવૃત્તિ.

અહિંસા એ સત્ય છે અને હિંસા એ અસત્ય છે,
કેમકે આત્મૌપમ્યભાવ સત્ય છે.
તે હિંસાથી હણાય છે અને અહિંસાથી રક્ષાય છે.
ધર્મનો મુખ્ય સિદ્ધાંત અહિંસાનો છે.
જ્યાં જેટલો આગ્રહ, ત્યાં તેટલી હિંસા.
જેઓ સત્યને સમજવા તત્પર ન હોય,
તેને માટે રાહ જોવી અનિવાર્ય છે.

સત્ય વગેરે વ્રતો અહિંસામાંથી જ ફૂટે છે અને
અહિંસાને જ શુદ્ધ કરે છે.

અહિંસામાં પ્રેમ, જ્ઞાનનો પ્રકાશ, વાત્સલ્ય ભરેલાં છે,
તેમાં સદ્ભાવની સુવાસ - શાંતિનું સંગીત રહેલું છે,
અહિંસામાં તપ - ત્યાગ રહેલા છે અને સંયમની સાથે
દૃષ્ટિની વિશાળતા અને સત્યની પક્ષપાતિતા રહેલી છે.

અહિંસાનો અર્થ છે શુદ્ધ આચાર - વિચાર.

અહિંસાનો અર્થ દાન, દયા, ઉપકાર તેટલો જ નહિ,
કિન્તુ સર્વને આત્મિક એકતાથી ચાહવું તે છે.
ચાહવું તે spiritual need છે.

અહિંસા વિચારમાં, સંયમ ઉચ્ચારમાં અને
તપ આચારમાં આવે છે, ત્યારે સમાનતા પ્રગટે છે.
આચાર સુધારવા માટે તપ કરો, કેમકે
તપથી આચાર વિશુદ્ધ થાય છે.
આચારમાં અહિંસા - વિચારમાં અનેકાંત ધારણ કરવાથી
બધી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે છે.

અહિંસાથી આચારશુદ્ધિ, અનેકાન્તથી વિચારશુદ્ધિ કેળવાય.

આચારશુદ્ધિ વડે વ્યવહારનય અને
વિચારશુદ્ધિ વડે નિશ્ચયનય આરાધાય છે.

શાસ્ત્રોથી જેટલી હિંસા નહીં થઈ, તેથી વધુ તો આગ્રહી
આચાર - વિચારથી થઈ છે. આચાર અને વિચારમાં
અહિંસાથી જીવનમાં શાંતિ - સુખ - પ્રગતિની પ્રાપ્તિ છે
તથા સત્યની બધી જ બાજુઓનો સ્વીકાર પણ છે.

અહિંસા ધર્મનો અને અનેકાંત સમન્વયનો પર્યાય છે.

હિંસા એ વેર અને ભયને વધારે છે, જ્યારે
અહિંસા એ બન્નેને શમાવે છે.

જે રીતે ધર્મની સાધનાનું સર્વોત્તમ સાધન અહિંસા છે,
તેમ અનેકાંત વિના પણ ધર્મમાં પ્રગતિ આવતી નથી.

બીજા જીવોના જીવનને આદર આપ્યા વિના
અહિંસાની ભાવના ફળતી નથી, તેમ
બીજાના વિચારોમાંના સત્ય પ્રત્યે ઉદારતા બતાવ્યાં વિના
ધર્મભાવનાનો પૂર્ણ વિકાસ અસંભવિત છે.

# અહિંસા અને અનેકાન્ત

વિચારની અહિંસા અનેકાન્ત, વાણીની અહિંસા સ્યાદ્વાદ
અને કાયાની અહિંસા જીવવધનો ત્યાગ.
વિચાર, વાણી અને આચાર દ્વારા
અહિંસકપણાનું આચરણ તે જ
ક્રોધાદિ કષાયો તથા શબ્દાદિ વિષયોને જીતાવનાર
અને દુર્ગતિમાં પડતાં જીવોને બચાવનાર છે.
આમ અનેકાન્તવાદ પણ અહિંસા માટે અનિવાર્ય છે.
સત્યને અગણિત પાસાં છે.
સત્યનિષ્ઠ વ્યક્તિમાં મતાગ્રહને અવકાશ નહિ.
મતાગ્રહમાં માનસિક, વાચિક અને
બૌદ્ધિક હિંસા અને બખબખરીનું તત્વ છે.
અનેકાંતમાં સહિષ્ણુતા અને સમભાવ છે, તેથી
આંતરકરુણા અને અહિંસાનો લાભ અખંડિત રહે છે.
અહિંસાના બે પાસા છે:
પ્રથમ બાહ્ય પ્રત્યે નમ્ર બનવું, બીજું નિર્ભય થવું.

અહિંસાના પાલન માટે વિચારમાં અનેકાંત જોઈએ.

અહિંસામાંથી જ જૈન ધર્મનો દાર્શનિક સિદ્ધાંત અનેકાંત ફલિત થયો છે. વિચારનાં દ્વાર ખુલ્લાં મૂકવાથી બધાના વિચારોમાંથી સત્યનો અંશ જડી આવશે. બાકીના સત્ય વિચારને પણ અસત્ય માનવા અને તેનો આગ્રહ ધરાવવો, એ જ અનીતિ, અન્યાય અને હિંસાનું પગથિયું છે. આથી અહિંસકને અનેકાંતવાદી થવું પણ અનિવાર્ય છે.

અહિંસાથી ફલિત થતું દર્શન તે અનેકાંત અને
અનેકાંતથી ફલિત થતો આચાર તે અહિંસા.

તે અહિંસામાં સૂક્ષ્મતમ જીવોની પણ રક્ષાની ભાવના છે, તેને આધારે જ આચારના વિધિનિષેધોની પરંપરા છે. અહિંસાનું મૂળ મધ્યસ્થદૃષ્ટિ છે, તેનું મૂળ સામાયિકનો લાભ છે, એનું પણ મૂળ કર્મના સિદ્ધાંતનું જ્ઞાન છે.

એ જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ આપે છે.

અહિંસા પ્રાણ વધારે છે, ભૌતિક બળ વધારે છે, ઇંદ્રિયજન્ય આનંદમાં - તત્ત્વજ્ઞાન દૃષ્ટિમાં વધારો કરે છે.

તીર્થંકરના ઉપદેશનું રહસ્ય છે કે...

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત.

અહિંસાનો આચાર વિકસાવવા ચરણકરણાનુયોગ છે,

અનેકાન્તનો વિચાર વિકસાવવા માટે

સમગ્ર દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ છે તથા

કથાનુયોગ અહિંસા તથા અનેકાંત - ઉભયને વિકસાવે છે.

આચારને અહિંસામય અને વિચારને અનેકાન્તમય

રાખવા માટે જ સમતા સામાયિક છે.

અહિંસા તત્ત્વની સાધના માટે મુખ્યત્વે બે સાધનો:

સંયમ અને તપ.

સંયમનો સંબંધ મુખ્યત્વે મન અને વચન સાથે છે,

તેથી તેમાં ધ્યાન અને મૌન સમાવેશ પામે છે.

તપનો સંબંધ મુખ્યત્વે કાયા સાથે છે,

તેથી તેમાં ઉપવાસ, અનશન વગેરે સમાવેશ પામે છે.

તપ એ કેવળ દેહ - દુઃખ કે દેહ - દમન નહિ.

તપથી સહનશીલતા કેળવાય છે.

અહિંસાના વિચારને માનવના હૃદયના સ્પંદન સાથે તથા
અનેકાન્તને માનવબુદ્ધિમાં પેદા થતાં તર્ક સાથે સંબંધ છે.
એકમાંથી પ્રેમ અને કરુણા નિર્ઝરા થાય છે, જ્યારે
બીજામાંથી બૌદ્ધિક ઔદાર્ય - સત્યાગ્રહિતા ઉત્પન્ન થાય.
અહિંસા અને અનેકાન્ત દબાણોને રોકવાનું શીખવે છે.
તે પરસ્પરના જીવન તથા વિચારોનો આદર કરવાનું કહે છે.

અહિંસા અને અનેકાન્ત - બન્ને
ઉર્ધ્વ ચેતનાનાં આવિર્ભાવ દ્વારા
સૌ સાધકોને પરમ તત્ત્વની અનુભૂતિ કરાવનાર છે.

°

અહિંસા means the prevention
from violating any
code of natural constitution.
It is more subjective than objective.
It is creative, relative and
conditioned state of consciousness.

## અહિંસા, સંયમ અને તપનું જ્ઞાન શું ?

જીવોની પ્રકૃતિ વિચિત્રતાઓને મૈત્ર્યાદિ વડે સહવા,
તે અહિંસાનું જ્ઞાન છે અને પોતાને પ્રાપ્ત થતી સુખ
- દુઃખ આદિ વિવિધ અવસ્થાઓને સમતાથી વેઠવા,
તે અનુક્રમે સંયમ અને તપનું જ્ઞાન છે.

તપધર્મને વિકસાવવા માટે દુઃખની ઉપયોગીતા,
સંયમધર્મને વિકસાવવા માટે સુખની ઉપયોગીતા તથા
અહિંસા આરાધવા જીવોની વિવિધતાની ઉપયોગીતા છે.
જીવોને સહવા તે અહિંસા, સુખોને સહવા તે સંયમ
અને દુઃખોને સહવા તે તપ છે.

જીવોને સહવા શત્રુ, મિત્ર કે ઉદાસીન પ્રત્યે વાત્સલ્ય
રાખવો, સુખોને સહવાર્થે સુખ વખતે વિરક્ત રહેવું
તથા દુઃખોને સહવા માટે દુઃખ વખતે અદીન રહેવું.
જીવોની વિવિધતામાં એકતાનું ભાન અહિંસાને વિકસાવે છે,
સુખોમાં દુઃખજનકતાનું ભાન સંયમને વિકસાવે છે,
દુઃખોમાં સુખજનકતાનું ભાન તપગુણને વિકસાવે છે.

વિચારવૈષમ્યનું નિવારણ અનેકાન્તથી થાય છે,
ક્રિયાસ્વાતંત્ર્યનું નિયંત્રણ અહિંસાથી થાય છે.
અહિંસાના ઉપદેશમાં ભાર મુખ્યતઃ
સૌ મનુષ્યની માનસિક શુદ્ધિ ઉપર છે.
જીવો પ્રત્યે આત્મતુલ્ય વૃત્તિથી વ્યવહાર રાખવા
અનેકાન્ત અને અહિંસાની અપેક્ષા રહે છે.
અનેકાન્તથી સત્યનું પાલન થાય તથા
અહિંસાના ભાવથી સત્યનું પાલન થાય.
પ્રાણીઓમાં રહેલાં પ્રાણ જેવું વસ્તુઓમાં રહેલ સત્ય છે.
વિચારમાં રહેલ સત્ય તેટલું જ કિંમતી છે,
જેટલી આચરણમાં ઉતરેલ અહિંસા.
એકમાં ન્યાયની અને બીજામાં સત્યની રક્ષા થાય છે.
અજીવના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાનો
અપગમ અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ સંયમથી થાય છે અને
સ્વસ્વરૂપના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાનો
વિકાસ તપધર્મથી થાય છે.

# અહિંસા, અનેકાંત અને મૈત્રી

અહિંસા અને અનેકાંતની જોડીએ જ
મૈત્રી સાચી રીતે સંભવિત છે.

જેમ વાસના અને વિષયો - ઉભય ત્યાજ્ય છે,
તેમ અહિંસા અને મૈત્રી - ઉભય ઉપાદેય છે.

મૈત્રી વિનાની અહિંસાનું પાલન સકલ જીવોને પણ અનંત વાર ઉત્કૃષ્ટપણે થયું, છતાં સંસારનો એક અંશ પણ ઘટતો નહિ, તેમ અહિંસા કે દયાનું પાલન અનંતવાર થયું, તો ય જે જીવોની અહિંસા કે દયા પાળવામાં આવે છે, તે જીવો પ્રત્યે મૈત્રી કે સ્નેહનો પરિણામ નહીં હોય, તો તેનો સહજમલ સહેજે ય ઓછો થવાનો નહિ.

પરદ્રવ્યના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ સહજમલનો હ્રાસ સંયમની અપેક્ષા રાખે, આત્મદ્રવ્યના સંબંધમાં આવવાની યોગ્યતા તપની અપેક્ષા રાખે છે.

સંયમ એ સહજમલની જુગુપ્સા રૂપ છે અને
તપ એ તથાભવ્યત્વ સ્વભાવની અનુમોદના રૂપ છે.

અહિંસા એ બુદ્ધિ - તર્ક - દલીલ કે વાદનો વિષય નથી.

અહિંસા એ વિષય છે અંતઃસંવેદનનો તથા

દિલના ઊંડાણમાં ઊગેલા કરૂણાનો.

જેના દિલમાં કરૂણાનો ઉદય થયો નથી,

અન્ય જીવોના સુખ-દુઃખ વિષે સંવેદન ઊભું થયું નથી,

તેના માટે હિંસા કે અહિંસાની ચર્ચાનો કોઈ અર્થ નથી.

ધર્મદૃષ્ટિએ પ્રાણહત્યા પાપ, કુદરતની દૃષ્ટિએ ગુન્હો છે.

અહિંસાનો મૂળ વિચાર = સત્ય, પ્રેમ, કરૂણા.

'અહિંસા' એટલે અન્ય જીવો તરફ સદ્ભાવ.

'અનેકાંત' એટલે અન્ય વિચારો (ધર્મો) તરફ સદ્ભાવ.

'અપરિગ્રહ' એટલે અન્ય પદાર્થો તરફ નિઃસ્પૃહતા.

અહિંસામાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય છૂપાયેલા જ છે.

અપરિગ્રહમાં સંતોષ, સહિષ્ણુતા અને નિઃસ્પૃહતા રહેલાં છે.

હિંસાત્યાગથી અહિંસાની, વિષયત્યાગથી સંયમની અને

કષાયત્યાગથી તપની આરાધના થાય છે.

અહિંસાનો પ્રવાહ = મધ્યસ્થદૃષ્ટિ, સમન્વયદૃષ્ટિ, ન્યાયદૃષ્ટિ.

## વીતરાગ દૃષ્ટિ તથા અહિંસાનો આચાર

સાચું જૈનત્વ એટલે સમભાવ કે સમદૃષ્ટિ - સત્યદૃષ્ટિ.
સમભાવ એટલે અહિંસા તથા સત્યદૃષ્ટિ એટલે અનેકાંત.
અહિંસા આચારને નિર્મળ બનાવે છે,
અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ કરે છે.
અહિંસા ભોગ - તૃષ્ણાનો ત્યાગ માંગે છે અને
અનેકાંત સંકુચિતતાનો ત્યાગ માંગે છે.
વીતરાગ દૃષ્ટિ એટલે 'વસુધૈવ કુટુંબકમ્'ની દૃષ્ટિ.
સત્ય એટલે અનેકાંત તથા અહિંસા એટલે સમભાવ.
અહિંસા તથા અપરિગ્રહની પૃષ્ઠ ભૂમિકા અનેકાંત છે.
કામ - ક્રોધાદિ વૃત્તિઓ જ મલિનતાનું મૂળ છે.
વૃત્તિઓનું ઉન્મૂલન કરવું = પોતાના દોષો દૂર કરવા.
એવા દોષો હોવા, તે ભાવહિંસા તથા
તેવા દોષોને રોકવા, તે ભાવઅહિંસા છે.
એવા દોષોને ઉદ્‌ભવનારી પ્રવૃત્તિને પણ હિંસા અને
એવી પ્રવૃત્તિઓનો ત્યાગ, તે અહિંસા કહેવાય છે.

## અહિંસા અને અનેકાંત

અનેકાંતનો આધાર જેમ વસ્તુવિચાર કે તત્ત્વચિન્તન છે,
તેમ અહિંસાનો આધાર પણ તે બન્ને જ છે.
શાસ્ત્રદૃષ્ટિએ બધાં જીવાત્મા સમાન છે,
તેથી પરસ્પર સન્માન - સદ્ભાવ - સહયોગ અનિવાર્ય છે.

## અહિંસાનો પાયો અપરિગ્રહ છે.

જે સ્વાર્થવૃત્તિ માનવ પ્રત્યે ઉપેક્ષા કે નિષ્ઠુરતા ધારણ
કરી શકે છે, તે અબોલ પશુઓ કે પ્રાણીઓ પ્રત્યે
દયા કે અનુકંપાને કેવી રીતે ધારણ કરી શકશે?
દયા - કરુણાનું ઝરણું સુકાવા માંડે,
તો માનવની અહિંસા પણ કેવળ અને કેવળ
એક જડ ક્રિયા જ બની રહેશે અને એમ
જડતાનો પ્રવેશ થતાં અંગત સ્વાર્થને જ જોનારી બનશે
તથા અન્યોની લાગણી સમજવા જેટલી
આર્દ્રતા અને સહાનુભૂતિ પણ ખોઈ બેસશે.
અત્યના હિંસક પ્રસંગો જોવાથી લાગણી બુઠ્ઠી બની જાય છે.

# અહિંસા અને કુમારપાળનું જૈનત્વ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ
કુમારપાલ મહારાજાને પ્રતિબોધ કરીને જૈન બનાવ્યા હતાં.
તેઓએ પોતાના સમસ્ત રાજ્યમાં અહિંસા પ્રવર્તાવી,
અમારિ પડહ વગાડાવ્યો હતો.

એમના રાજ્યમાં કોઈપણ મનુષ્ય પશુ-પંખીને તો ન જ
મારી શકે પણ કીડી, મંકોડા, માખી, માંકડ, જુ સુદ્ધાંને ય
મારી શકતાં નહીં. આજના યુગમાં મનુષ્ય મનુષ્યને ન
મારે, એટલી મર્યાદાએ જ અહિંસાની પ્રવૃત્તિ દેખાય છે.

આજે ગુજરાત, મારવાડ, માળવા ઉપરાંત
મેવાડમાં માંસાહાર અને મત્સ્યાહારની પરહેજ તથા
અહિંસાધર્મ તરફ લાગણી દેખાય છે, તેનું કારણ
શ્રી કુમારપાલ મહારાજાના એ રાજ્યની છાયા છે,
જે બધું હેમચંદ્રાચાર્યજીને આભારી છે.

સમગ્ર દેશમાં અહિંસાનો પ્રચાર કરવાની ભાવના અને
ક્રિયાથી રાજા કુમારપાળે ગણધરપદયોગ્ય પુણ્ય ઉપાર્જ્યું.

અહિંસા બે પ્રકારે: મનની ભાવના અને ક્રિયારૂપ.
ક્રિયારૂપ અહિંસા પણ પ્રયોજનાનુસાર અનેક પ્રકારની છે.
સંકલ્પપૂર્વક હિંસા તે કે જે મન, વચન, કાયાથી
નિષ્પ્રયોજન કે ક્રોધ, વેર આદિ દુષ્ટ ભાવનાથી હોય.

તીર્થંકર નામકર્મનું સર્જન કઈ રીતે ?

સમગ્ર વિશ્વને અહિંસક બનાવવાની
ભાવના તથા ક્રિયાથી તીર્થંકર નામકર્મનું સર્જન થાય છે.

બાળમાં અહિંસાનું આરોપણ

ભાવનાથી અને ક્રિયાથી - એમ બે રીતે થાય છે.
તેનું ક્રિયાત્મક સ્વરૂપ વિશિષ્ટ જીવોમાં આવે છે,
ભાવનાત્મક સ્વરૂપ સર્વ મુક્તિગામી જીવોમાં હોય છે.
અહિંસા તથા બાળ પણ યોગથી વિપરીત એટલું
અસમર્થ થવામાં મુખ્ય કારણ પોતાને નાનકડા એવા
ભૌતિક શરીરમાં સંકુચિત રૂપે જોવું, તે છે.
એ કારણે યોગી મુનિઓ અહિંસા આદિના પાલન માટે
પ્રાણીમાત્રમાં પોતાના આત્માને વ્યાપકરૂપે જોવે છે.

# કાયિક - વાચિક - માનસિક અહિંસા

અનેકાંત તે માનસ અહિંસા, સ્યાદ્વાદ તે વાચિક અહિંસા
તથા અહિંસા ખાતર પ્રાણ - વધનો ત્યાગ એટલે કે
સર્વસ્વનો ત્યાગ તે કાયિક અહિંસા છે.

કાયાની સુયોગ્ય પ્રવૃત્તિ તે અહિંસા,
ઈંદ્રિયોનો નિગ્રહ તે સંયમ, મનનો નિગ્રહ તે તપ છે.
હિંસામાં અન્ય જીવો પ્રત્યે પ્રેમને બદલે વિરોધભાવ છે.

જીવનની પવિત્રતાનો આધાર જ અહિંસા છે.

જો તે કાયિક - વાચિક - માનસિક ત્રણે રીતે હોય,
તો જ તે પૂર્ણ બને છે. કાયિક અને વાચિક અહિંસા
માટે પાંચ યમ સહાયક છે અને માનસિક અહિંસા
પાળવાને માટે પાંચ નિયમોનું પાલન સહાયક છે.

અહિંસાથી ધર્મ અને શરીરની રક્ષા થાય છે.

તન, મન, ધન, વચન તથા
ધર્મ - અર્થ - કામ અને મોક્ષપુરૂષાર્થનું
સાધન અહિંસા આદિ યમોના પાલનથી થાય છે.

## વ્યવહારનયની નિષ્ફળતાસૂચક ગુણો

અહિંસા, સંયમ, તપ, ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, સંતોષ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, આકિંચન્યાદિ ગુણો એ ધર્મ છે.

અહિંસા વડે દેહની શુદ્ધિ, સંયમ વડે ઈંદ્રિયોની શુદ્ધિ અને તપ વડે મનની શુદ્ધિ થાય છે.

સમત્વનું સાધન અહિંસા, અહિંસાનું સાધન સંયમ-તપ.

તપ - સંયમ દ્વારા હિંસાનું મૂળ જ દૂર થઈ જાય છે.

સંયમ દ્વારા ઈંદ્રિયોનો અને બાહ્ય - આભ્યંતર તપ દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ સધાય છે.

અહિંસાની સિદ્ધિ કાયાનો નિગ્રહ માંગે છે,

સંયમની સિદ્ધિ વચન ઉપરાંત ઈંદ્રિયોનો કાબુ માંગે છે

અને તપની સિદ્ધિ મનોનિગ્રહ માંગે છે.

સંયમ સંવર રૂપ છે, તપ નિર્જરા સ્વરૂપ છે.

બે ભેગા મળીને અહિંસા પૂર્ણ થાય છે.

અહિંસા સર્વ જીવો પ્રત્યે સદ્ભાવ રૂપ છે.

અનેકાંત સર્વ સદ્વિચારો પ્રત્યે સમભાવસ્વરૂપ છે.

# મન, વચન, કાયાની અહિંસા કઈ રીતે જન્મે ?

'સર્વ જીવ મારાં જેવા જ છે' એવી દૃઢ પ્રતીતિમાંથી
મન, વચન, કાયાથી અહિંસા જન્મે છે.

વાચિક અહિંસા એ અનેકાંત, કાયિક અહિંસા એ અહિંસા
અને માનસિક અહિંસા એ અપરિગ્રહ છે.
વિચારોનો અપરિગ્રહ એ અનેકાન્ત છે.

પરસ્પરના વિચારો પ્રત્યે આદર તે અનેકાન્ત છે,
બીજાના જીવન પ્રત્યે આદર તે અહિંસા છે.
પાપનાં બીજ માનવીના મસ્તકમાં ઉપજે છે.

અહિંસા અને સત્યનું આચરણ પણ
મનોદશા ઉપર આધારિત છે, તેથી જ ધર્મશાસ્ત્રોમાં
જ્ઞાન, દર્શન અને ચારિત્રને જ મહત્ત્વ અપાયું છે.

અહિંસાથી બીજા જીવોને ન્યાય મળે છે, સંયમ અને
તપથી પોતાના આત્મા પ્રત્યે ન્યાયપૂર્ણ વર્તન થાય છે.

સમતાની પ્રાપ્તિનો ઉપાય તે અહિંસા.
અહિંસાની પ્રાપ્તિનો ઉપાય સંયમ અને તપની સાધના.

## માનસિક - વાચિક - કાયિક અહિંસા શેની ઉપર નિર્ભર ?

માનસિક અહિંસા અનેકાન્ત ઉપર,
વાચિક અહિંસા સ્યાદ્વાદ ઉપર અને
કાયિક અહિંસા પ્રાણાતિપાત વિરમણ ઉપર નિર્ભર છે.
ત્રિવિધ અહિંસા દ્વારા સમતાનું સેવન થાય છે અને
અપરિગ્રહ દ્વારા મમતાનું વિસર્જન થાય છે.
સર્વ વિચારો ઉપર સમભાવ એ માનસિક અહિંસા છે,
વિચારોને દર્શાવનાર સર્વ વાક્યો ઉપર
સમભાવ એ વાચિક અહિંસા છે અને
સર્વ જીવો ઉપર સમભાવ એ કાયિક અહિંસા છે.

## સાચી અહિંસા ક્યારે સૂઝે ?

અહિંસા = આત્મદર્શનનો અમલમાં ઉતરેલો મહાપ્રભાવ.
મનુષ્યનો મહોદય થવાનો હોય, ત્યારે તેને અહિંસા સૂઝે.
એકાંતે ષડ્જીવકાયની રક્ષા એ અહિંસા નહિ, પરન્તુ
જીવત્વે અભિન્નતાનું ભાન તથા આત્મસમદર્શિત્વના
પરિણામ સહિત થતું દયાનું પાલન એ અહિંસા છે.

કાયિક અહિંસાર્થે વ્યક્તિગત સમ્યગ્ આચરણ જરૂરી છે,
તેમ વાચિક અને માનસિક અહિંસા માટે
અનેકાન્તદૃષ્ટિ વિશેષ રૂપથી ઉપાસનીય છે.
અહિંસાનો નિયત સંબંધ બાહ્ય પ્રવૃત્તિઓ સાથે નહિ,
અહિંસાનો નિયત સંબંધ માનસિક પ્રવૃત્તિઓ સાથે છે.
માનસિક અહિંસા વિના
કેવળ બાહ્ય અહિંસા યાચિતમંડન રૂપ છે.
માનસ અહિંસાના સંવર્દ્ધન અને પરિપોષણાર્થે
અનેકાન્તદૃષ્ટિ રૂપ સંજીવની આવશ્યક છે.
અહિંસા એટલે આત્મૌપમ્યની દૃષ્ટિ.
અહિંસાની પ્રતિષ્ઠા જ આત્મૌપમ્યની દૃષ્ટિમાંથી થઈ છે.
પ્રમાદ એ મોટો માનસિક દોષ છે. પ્રમાદરહિતપણે
થતી અહિંસા એ નિર્દોષ - નિર્જરા(ગુણ)વર્ધક બને છે.
હિંસા = પ્રમાદ, અયતના, અસંયમ.
અહિંસા = અપ્રમાદ, યતના, સંયમ.
હિંસામાં દુઃખ અને ભય બન્ને છે.

આત્મૌપમ્યની દૃષ્ટિ હોય, તો આપણા થકી...

અહિંસા દ્વારા સર્વ જીવો સાથે,
સંયમ દ્વારા પોતાના આત્મા સાથે અને
તપ દ્વારા પરમાત્મા સાથે ઉચિત વ્યવહાર થાય છે.
જીવો સાથેના ઉચિત વ્યવહારથી ક્રોધ, હિંસા અને
તેના સાથે સંબંધિત પાપોનો ક્ષય થાય છે.
આત્મા સાથે યોગ્ય પ્રવર્તન કરવાથી
ઇંદ્રિયો અને મનનો અસંયમ જાય છે.
આત્મશક્તિને આવરિત કરનાર દોષો
જેમ જેમ ક્ષીણ થતાં જાય છે, તેમ તેમ તેમની શક્તિ
અહિંસા, સંયમ અને તપ દ્વારા આવિર્ભાવ પામે છે.
અહિંસક આત્મા અક્ષોભ્ય રહી શકે છે.
અહિંસા એ આધ્યાત્મિક યોજનાની ઉચ્ચ ભૂમિકા છે.
બધા પ્રાણી પ્રત્યે સમદૃષ્ટિ કેળવવી અને આત્મૌપમ્યની
ભાવનાને પ્રામાણિકપણે આચરણમાં મૂકવી તથા ઉત્તરોત્તર
વિકસાવવી, તે અહિંસાના સ્વરૂપનો મુખ્ય મુદ્દો છે.

અહિંસાનો પાયો એટલે આત્મૌપમ્યની દૃષ્ટિ અર્થાત્
સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ.

એ જ આત્મૌપમ્યની દૃષ્ટિ છે,
જે સર્વ જીવની સમાનતાની શ્રદ્ધા ઉપર રચાયેલી છે.
જીવનના વિકાસની દૃષ્ટિએ ભલે ભેદ છે,
પરન્તુ સત્તાથી તો સર્વ જીવો સમાન છે.
Potentially all are divine.
અહિંસાની ખરી વ્યાખ્યા અનુભવની જ છે.
આપણી જેમ જ સર્વ જીવોને
પોતાનું જીવન પ્રિય છે, જીવનમાં સુખ પ્રિય છે.
હિંસા કે ક્રોધ ન કરીએ, એટલું જ નહીં પણ અહિંસા,
સત્ય તથા પ્રેમભાવ પ્રત્યે નિષ્ઠા વધારવાની જરૂર છે.
વિશ્વના જીવોના આંતરસામ્રાજ્યમાં કોઈ ફેર જ નથી.
સર્વને જીવન પ્રિય છે - મરણ અપ્રિય છે.
માનવભાવ, લોકભાવ અને આત્મૌપમ્યભાવ - આ ત્રણે
ત્રણ ભાવોનું પરિમાર્જન એક આત્મૌપમ્યભાવમાં છે.

## આત્મૌપમ્ય દૃષ્ટિથી અહિંસા સહજ બને છે.

આત્મૌપમ્યભાવનું ફળ મૈત્રી અને અહિંસા છે તથા
પરમાત્મૌપમ્યભાવનું ફળ માધ્યસ્થ્યભાવ છે.
આત્મૌપમ્યભાવ મૈત્રીભાવનો પોષક છે તથા
પરમાત્મૌપમ્યભાવ માધ્યસ્થભાવનો પોષક છે.
તે માટે અહિંસા અને અનેકાન્ત - બે મોટાં સાધન છે.
અહિંસા માટે આત્મૌપમ્ય, સંયમ માટે પરમાત્મૌપમ્ય તથા
તપ માટે આત્મપરમાત્મૌપમ્ય.
અહિંસા = આત્મૌપમ્ય યા આત્માના ભાવપ્રાણની રક્ષા,
જે સંયમ અને તપના અભ્યાસથી જ થઈ શકે છે,
તેથી ધર્મનું સ્વરૂપ અહિંસા - સંયમ - તપનો કહેલ છે
અને તે ધર્મ ઉત્કૃષ્ટ મંગળરૂપ બને છે.

### અહિંસાથી કઈ કઈ વૃત્તિ વિકસે?

(૧) અસત્ય તરફ ઉપેક્ષાવૃત્તિ.
(૨) દરેક આત્મામાં ગુણદર્શનની વૃત્તિ.
(૩) નમ્રતાથી શૂન્યતા - પૂર્ણતા તરફ જવાની વૃત્તિ.

## ત્રણ પ્રકારે સમાપત્તિ

(૧) અહિંસા દ્વારા જીવસમાપત્તિ - ભવનિસ્તારકર છે.

(૨) સંયમ દ્વારા આત્મસમાપત્તિ - મોહવિષવારક છે.

(૩) તપ દ્વારા પરમાત્મસમાપત્તિ - કર્મરોગચિકિત્સા છે.

(૪) જીવાત્મા - આત્મા અને પરમાત્માની સમાપત્તિને આગમની ભાષામાં અહિંસા - સંયમ તથા તપ કહે છે.

### તપસ્યાનો સંબંધ સમાપત્તિ સાથે...

અહિંસાનો સંબંધ સર્વ જીવરાશિ સાથે,
સંયમનો સંબંધ આત્મા સાથે અને
તપસ્યાનો સંબંધ પરમાત્મસમાપત્તિ સાથે છે.
અહિંસા, સંયમ તથા તપની સિદ્ધિ
ત્રણે પ્રકારની સમાપત્તિ રૂપ જ છે.
આત્મસમાપત્તિ અહિંસા, પરમાત્મસમાપત્તિ સંયમ
તથા સર્વાત્મસમાપત્તિ તપ છે.
અહિંસા, સંયમ અને તપ - એ ત્રણે
સમાપત્તિના હેતુ હોવાથી સવિશેષ આદરણીય છે.

અહિંસાના પાલન વડે બહિરાત્મભાવનો ત્યાગ થાય છે,
સંયમના સેવન વડે અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે
તથા તપ દ્વારા પરમાત્મભાવનું ધ્યાન થાય છે.
તે વડે ધ્યેય રૂપ પરમાત્મસ્વરૂપનો લાભ થાય છે.
એ ધ્યાન માટે અહિંસા અને સંયમની જરૂર છે, તેમ
અહિંસાના પાલન માટે પણ સંયમ ઉપરાંત
બારે પ્રકારના તપની પણ તેટલી જ જરૂર છે.
અહિંસા એ ધર્મ છે, સંયમ-તપ તેની બે બાજુ છે.
અહિંસા એ વસ્તુસ્વભાવ રૂપ ધર્મ છે.
આત્મા એ જ અહિંસા છે અથવા અહિંસા જ આત્મભાવ
છે અને તેની રક્ષા સંયમ રૂપી સંવર અને તપ રૂપી
નિર્જરા વડે થાય છે. તપ એ ઇચ્છાનિરોધરૂપ છે,
જ્યારે સંયમ એ પ્રશસ્ત ઇચ્છારૂપ છે.
આત્મૌપમ્ય ભાવની રક્ષાના તે બે સાધન છે.
સંયમ વડે જીવમૈત્રી સધાય છે અને
તપ દ્વારા જિનભક્તિ સધાય છે.

## બહિરાત્મ - અંતરાત્મ - પરમાત્મભાવની ત્રિવેણી

બહિરાત્મભાવનો ત્યાગ - અહિંસાથી થાય.
અંતરાત્મભાવમાં સ્થિરતા - સંયમથી થાય.
પરમાત્મભાવમાં રમણ - તપથી થાય.

અહિંસા = આત્મજાગરણ. સત્ય = સ્વસત્તાની અનુભૂતિ.

હિંસાથી બચવું એ જ માત્ર અહિંસા નથી, કિન્તુ
જેમ પ્રભુશક્તિનું જાગરણ એ સ્વાસ્થ્ય છે, તેમ
અહિંસા એ હિંસાથી બચાવ નથી, આત્માનું જાગરણ છે.
અહિંસાથી કેવળ દુઃખમુક્તિ થઈ જાય નહિ,
પરન્તુ અહિંસા તો આનંદની પ્રતિષ્ઠા છે.
અંધકાર મિટાવવાનો ઉપાય પ્રકાશને પ્રગટાવવો તે છે.
હિંસા અને દ્વેષરૂપી અંધકાર અહિંસા અને પ્રેમથી જાય.
આત્મા અહિંસા છે, અહિંસા આત્મા - આત્મસ્વભાવ છે.
તપ અને સંયમ વડે આત્મા સિદ્ધ થાય છે.
'અહિંસા' શબ્દમાં હિંસાની નિષેધાત્મકતાનો નિષેધ છે,
તેથી 'અહિંસા' શબ્દ વિધાયકતાનો સંકેત કરે છે.

V.V. [signature]

'હું જગતનો અને જગત મારું'

એ અહિંસાનું દર્શનશાસ્ત્ર છે તથા

'મારું સુખ સર્વનું અને સર્વનું દુઃખ મારું'

એ અહિંસાનું વર્તનશાસ્ત્ર છે.

એક નિશ્ચયપક્ષ છે, બીજો વ્યવહારપક્ષ છે.

જેવું દર્શન, તેવું જ વર્તન - તે અહિંસા અર્થાત્

જીવના જીવતત્ત્વનું દર્શન.

જેવું જ્ઞાન, તેવું જ વર્તન - તે સંયમ અર્થાત્

કર્મકૃત વૈષમ્યનું જ્ઞાન.

અહિંસા અને સંયમ માટે કષ્ટસહન - તે તપ અર્થાત્

ધર્મજન્ય કર્મક્ષયનો લાભ.

તપનું મુખ્ય લક્ષણ શું ?

[illegible] પ્રકારની તપસ્યા એ ઇચ્છાના નિરોધરૂપ છે. સ્વસુખની ઇચ્છાનો નિરોધ જેના દ્વારા થાય અને સર્વના સુખ માટે અહિંસા અને સંયમના પાલન માટે જે કષ્ટ સમતાપૂર્વક સહન થાય, તે તપનું લક્ષણ છે.

સાચો ધર્મ ક્ષાન્ત, દાન્ત અને શાન્ત થવામાં રહેલો છે.

પાપનું સાધન ક્રોધ છે, દુઃખનું કારણ અસંયમ છે અને

ભવની પરંપરાનું મૂળ ઇચ્છા છે.

શાન્તતા માટે તપ જરૂરી છે,

દાન્તતા માટે સંયમ, ક્ષાન્તતા માટે અહિંસા જરૂરી છે.

મૈત્રીવાન તૃષ્ણા રાખતો નથી, એટલે ક્ષમાશીલ થાય છે.

અહિંસા સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવમાં છે,

સંયમ પાંચે પાંચ ઇંદ્રિયોના નિગ્રહમાં છે અને

બાહ્ય તથા આભ્યંતર તપ ઇચ્છાનિરોધમાં છે.

હિંસામાં સ્વાર્થ અને વેર હોય છે. સ્વાર્થ એ રાગ

અને વેર એ દ્વેષ છે, જ્યારે અહિંસામાં તે બંને નથી.

અહિંસાની ભૂમિ કઈ?

વિચાર વ્યક્તિગત છે, જ્યારે સદ્વિચાર સામાજિક છે.

પરસ્પર બધાં વચ્ચે મતભેદ તો હંમેશાં રહેવાના જ,

કિન્તુ તેમાંથી મતૈક્ય તારવવું, એ અહિંસાની ભૂમિ છે.

Agree with thy adversary quickly.

## અહિંસા, સંયમ અને તપ વડે શું પ્રાપ્ત થાય?

અનેકમાં એક - ભેદમાં અભેદને શોધે, તે અહિંસા છે.
અહિંસા વડે દેહશુદ્ધિ - કોમળતા - મૈત્રી પ્રાપ્ત થાય.
સંયમ વડે ઈંદ્રિયોની શુદ્ધિ - દાન્તતા - વૈરાગ્ય પ્રાપ્ત થાય.
તપ વડે મનની શુદ્ધિ - શાન્તતા તથા જ્ઞાન પ્રાપ્ત થાય.

## આરાધના પાલનનું અંતિમ રહસ્ય

આત્માએ આત્મસ્વરૂપમાં વિરમણ કરવું, તે છે,
તેનાં સાધન અહિંસા, સંયમ, તપ છે તથા
તેના સાધન કોમળ - દાન્ત - શાન્તભાવનો અભ્યાસ.
પરમાત્માનું ધ્યાન, પૂજા, ભાવનાદિ
કર્મક્ષયનું કારણ બની અભેદભાવે શાંતિ - સમતા અર્પીને
કોમળ, દાન્ત, શાન્તભાવ રૂપે પ્રગટ થાય છે અને પ્રથમ
ગુણસ્થાનકે અહિંસા - સંયમ - તપરૂપે આવિર્ભાવ પામે છે,
તેમ ઉપરના ગુણસ્થાનકે અહિંસા, સંયમ અને તપ
એ ત્રણે આત્મસ્વરૂપને ધારણ કરે છે અર્થાત્
આત્મા પોતે જ અહિંસા, સંયમ, તપરૂપ બની જાય છે.

## આત્મૌપમ્યની દૃષ્ટિ જીવનમાં

સમત્વ ભાવના કેળવાય છે અને અભેદની દૃષ્ટિ
જીવનમાં વિશ્વ-મૈત્રી યા પ્રેમભાવના કેળવાય છે.
આ બંને ભાવનાઓ
અંતે તો અહિંસાને જ પરમ ધર્મ તરીકે સિદ્ધ કરે છે.
જો જીવનમાં અહિંસા સાકાર ન થાય,
તો એ બંને ભાવનાઓ માત્ર શાબ્દિક જ બની રહે.
અંતે 'પ્રેમ અને સમ' - એ બંને શબ્દો અહિંસા અને
તેના અનુષંગી મૂળ વ્રતોમાં ચરિતાર્થ જ બની જાય છે.
સર્વ ક્ષેત્રે આત્મૌપમ્યમૂલક અથવા આત્માભેદમૂલક
અહિંસાના સાચા વ્યવહારની આવશ્યકતા ખૂબ વધારે છે.
મનુષ્યનું મહત્ત્વ ધનથી નહીં, પરન્તુ ચારિત્રથી છે.
સ્વાતંત્રતાનું સાધન ઉચ્છૃંખલતા નહીં, કિન્તુ સંયમ છે.
જૈનનું જીવન અહિંસાના અખંડ - નિરંતર પાલનથી
સભર છે, તેથી તે જગતના જીવમાત્રને પ્રેરણા અને
આશ્વાસન લેવા માટેનું ઉત્તમ સ્થાન ગણાય છે.

સામાયિકનો સામ પરિણામ એ અહિંસા સ્વરૂપ છે,

સમ પરિણામ એ સંયમ રૂપ છે અને

સમ્મ પરિણામ એ તપ સ્વરૂપ છે.

સર્વજ્ઞ ભગવંતે એ સામાયિકને મોક્ષનું પરમ પરમ
કારણ માનેલું છે અને તેના ત્રણ અંગો ફરમાવ્યા છે:

અહિંસા - સંયમ - તપ અથવા

સામ - સમ - સમ્મ અને દર્શન - જ્ઞાન - ચારિત્ર.

અનેકાન્તદૃષ્ટિ વિચારમાં અહિંસા પ્રગટાવે છે.

અનેકાન્ત એક દૃષ્ટિ છે - સ્યાદ્વાદ એક ભાષાશૈલી છે.
જૈનનું મૂળ સમન્વયભાવ છે. એ માટે સમાન વિચારોમાં
એકતા અગર વિભિન્ન વિચારોમાં મધ્યસ્થતા જરૂરી છે.

જૈન ધર્મ સમભાવની સાધના માટેનો ધર્મ છે.

ગુણ એટલે અહિંસાદિ. અહિંસા એટલે આચારની સમતા.

અહિંસાનાં ભાવ એટલે મૈત્રી, મુદિતાદિ.

અહિંસા એ સામનું, સંયમ એ સમ પરિણામનું ફળ છે
અને તપ એ સમ્મ પરિણામનો આવિર્ભાવ છે.

## ધર્મમાં આચારે ઉપાસના શેની ?

ધર્મનો મર્મ બ્રહ્મચર્યનો વિકાસ,
પરોપકારનું નિર્વહણ અને શમવૃત્તિનું ઉપાસન છે.
અહિંસાના પાલનથી બ્રહ્મચર્યનો વિકાસ થાય છે,
સંયમના પાલનથી પરોપકારની પરાકાષ્ઠા સધાય છે
તથા તપના સેવનથી શમવૃત્તિની ઉપાસના થાય છે.
બ્રહ્મથી ચિત્તની નિર્મળતા અને સામ્યનું સેવન થાય છે,
પરોપકારથી ચિત્તની સ્થિરતા અનુભવાય છે અને
સામ્યનું સેવન થાય છે અને શમવૃત્તિથી
ચિત્તની તન્મયતા તો થાય જ છે, તે ઉપરાંત
સમ્યક્ સામાયિકનું સેવન પણ થાય છે.
સમ્યક્ સામાયિક સમાપત્તિની સિદ્ધિ કરાવે છે.
આશ્રવોનો પરિહાર સ્વરૂપાત્મ રીતિથી અને
નિષેધાત્મક નિયમો દ્વારા જ કરી શકાય છે.
સામાયિકની અપેક્ષાએ બધા વ્રતો એક જ કહેવાય.
અહિંસાદિ બધા વ્રતો સામાયિકચારિત્રમાં અંતર્ભાવ પામે.

# ચિત્તની નિર્મળતાનાં 3 કારણ

(1) અહિંસા = મૈત્રીભાવનો વિકાસ = નિર્મળતા.

(2) સંયમ = પરોપકારનું નિમિત્ત = સ્થિરતા.

(3) તપ = શમવૃત્તિનું ઉપાસન = તન્મયતા.

અહિંસાથી શાંતિ = નિર્મળતા, સંયમથી તુષ્ટિ = સ્થિરતા, તપથી પુષ્ટિ = તન્મયતા.

સત્યના વિચારથી શાંતિ - અહિંસા, આત્મવિચારથી તુષ્ટિ-સંયમ તથા પરમાત્માના ધ્યાનથી પુષ્ટિ - તન્મયતા મળે.

અહિંસા મનને નિર્મળ, સંયમ મનને સ્થિર અને તપ તન્મય બનાવે છે, ત્રણે મળીને સમાપત્તિ થાય છે.

અહિંસા દાનરૂપ છે, તેથી સમકીત નિર્મળ થાય છે, સંયમ શીલરૂપ છે, તેથી જ્ઞાન સમ્યગ્ બને છે તથા તપ ત્યાગરૂપ છે, તેથી ચારિત્ર વિશુદ્ધ થાય છે.

અહિંસા, સંયમ અને તપધર્મની સાધના એટલે અનુક્રમે અહિંસક વૃત્તિ, વૈરાગ્ય યા અનાસક્તિ, અકિંચન સાધના.

સ્વપર ભેદ મટી જાય તે ભાવઅહિંસા છે.

જીવનમાં ધ્યાન અને સ્વાધ્યાય પણ રાગ-દ્વેષાદિ દોષો,
કે જેને લઈને હિંસા જન્મે છે, તેના નિવારણ માટે જ છે.

પૂજા-ભક્તિ આદિ પણ રાગ-દ્વેષને નિવારીને અહિંસક અને પરિણામે વીતરાગી બનવા માટે જ છે.
આ રીતે જીવનમાં પરમ અહિંસક ભાવરૂપ ફળની સિદ્ધિ અર્થે જ જૈનધર્મમાં સકલ આચરણનું નિર્માણ થયેલું છે.
જૈનોમાં પ્રચલિત સામાયિક કે સમભાવ પણ 'સર્વ જીવોને દુઃખ અપ્રિય અને સુખ પ્રિય છે, માટે સૌને સમાન માની કોઈપણ જીવની હિંસા ન કરવી' તે માટે છે.

'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।'

ઉક્તિ: પોતાને પ્રતિકૂળ હોય, તે બીજા પ્રત્યે ન આચરવું.

મહાભારતના ધર્મતત્ત્વનો સાર પણ
શ્રમણોની અહિંસક ભાવનાને આધારે જ છે.

આમ અહિંસા એ વિધાયક અને નિષેધક-બન્ને છે.

મુક્તિ = મનની ક્રિયા રોકવાથી સક્રિયતા વધી જાય, તે.

અહિંસા = પ્રેમ, સ્વયં અને સમસ્ત વચ્ચેનો એકાત્મભાવ.

## અહિંસા - સંયમ - તપધર્મનું માહાત્મ્ય

મનની નિર્મળતા તે મનઃસમાધિ,
મનની સ્થિરતા તે યોગ, મનની તન્મયતા તે તપ.
સમાધિ માટે અહિંસા - ક્ષમાદિ ધર્મો,
સ્થિરતા માટે સંયમ - સંવરાદિ ધર્મો અને
તન્મયતા માટે તપ - સમતા - નિર્જરાદિ સાધનો છે.
આત્મા-પરમાત્મા વચ્ચે રહેલા ભેદનો છેદ તપ કરે છે.
ભેદ કર્મનો છે, તપથી કર્મક્ષય થાય છે.
અહિંસામાં જીવદયા, નિર્મળ સ્નેહ, વિશ્વપ્રેમ સમાયા છે,
સંયમમાં મન અને ઇંદ્રિયોને
વશમાં રાખી સ્વાત્મારામતા - સ્વાત્મરમણતા રહેલી છે
તથા તપમાં તિતિક્ષા, સેવા,
આત્મચિન્તન, અધ્યયનાદિનો સમાવેશ થાય છે.
એ ત્રણેનું એકત્ર મળવું, તે ધર્મ છે.
અહિંસા = ક્ષમા, સંયમ = દમન, તપ = શમન.

માનવજન્મ ધર્મ આરાધના માટે એટલે જ દુર્લભ મનાય છે.

અહિંસા જીવનમાં નિર્ભયતા લાવે છે,
સંયમ સ્થિરતા લાવે છે તથા તપ તન્મયતા લાવે છે.

શાંતિથી મનની શુદ્ધિ, તુષ્ટિથી મનની સ્થિરતા અને
પુષ્ટિથી મનની તન્મયતા લાધે છે.

શાંતિનું કારણ અહિંસા છે, તુષ્ટિનું કારણ સંયમ છે
અને પુષ્ટિનું કારણ તપ છે.

જીવાદિતત્ત્વોનું જ્ઞાન, શ્રદ્ધા તથા તે મુજબનું આચરણ.
અહિંસાનો આધાર છે સમ્યગ્દર્શન, સંયમનો આધાર છે
સમ્યગ્જ્ઞાન અને તપસ્યાનો આધાર છે સમ્યક્ચારિત્ર.

અહિંસાનું ફળ સંવર - નિર્જરા ઉભયાત્મક છે.
સંયમનું ફળ સંવર છે અને તપનું ફળ નિર્જરા છે.

અહિંસા વડે મૈત્રી અને ભક્તિ બંને સાર્થક થાય છે.
સંયમથી જીવમૈત્રી અને તપથી જિનભક્તિ સધાય છે.

અહિંસામાં બીજાને પોતાના આત્મા સમાન,
સંયમમાં પોતાને બીજાના આત્મા સમાન અને
તપમાં પોતાને પરમાત્મા સમાન માનવાનો છે.

## જૈન દર્શનનો પ્રાણ છે...

## વિશ્વમૈત્રી, વિશ્વકલ્યાણ અને વિશ્વશાંતિ.

'અહિંસા' એટલે વિશ્વપ્રેમ.

વિશ્વપ્રેમ એજ પરમ ધર્મ છે, જૈન ધર્મનો તે પાયો છે.
વિશ્વપ્રેમના પાયા ઉપર ક્રોધ-માન-માયા-લોભાદિકોનું
જીવન જીવી શકાય અને સદાચારના સાંગરૂપ સત્ય,
અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું આચરણ થઈ શકે.
વિચારમાં સ્યાદ્વાદ અને વર્તનમાં અહિંસા તો જ આવે,
કે જો જીવમાત્ર પ્રત્યે આત્મસમભાવનું દર્શન થાય.

## જૈનદર્શનમાં અહિંસા મુખ્ય એક વ્રત.

જૈનદર્શનમાં વ્રતોનું વિધાન જે સૂક્ષ્મતાથી અને તેનું
પાલન જે તીવ્રતા-ચીવટાઈથી થાય છે, તે અન્યત્ર નથી.
અહિંસા વ્રત સમગ્ર વિશ્વમાં રહેલા
નાના-મોટાં સર્વ જીવો તરફ પ્રેમભાવ રાખવા પ્રેરે છે.
ક્ષમાગુણના હાર્દમાં પ્રેમની પરાકાષ્ઠા,
લઘુતાગુણનો વિકાસ અને ઔદાર્યની ઉચ્ચ ભાવના છે.

વિશ્વકલ્યાણના મહાકાર્યમાં
એક અહિંસા જ મોખરે રહેલી છે, તેથી
તે જગતજનની - માતાના રૂપમાં પૂજ્યતમ છે.
હૃદયમાં પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના
સદાને માટે જાગ્રત રાખવાથી અહિંસાધર્મ વિકસે છે,
તેના દ્વારા જ વિશ્વકલ્યાણ તથા
વિશ્વમાં સાર્વભૌમ અખંડ શાંતિની સ્થાપના થઈ શકે.
વિશ્વશાંતિ માટે જરૂરી ભાવનાત્મક ઐક્ય.
અહિંસા એ કેવળ સદ્ગુણ નથી, કિન્તુ
જીવનનો વિધાયક કાર્યક્રમ છે,
જે એક મહાન શક્તિનું નિર્માણ કરીને વિશ્વશાંતિ
માટે એક શાશ્વત શક્તિનો માર્ગ સરલ બનાવે છે.
ભારતનો આત્મા એટલે અહિંસા. મન-વચન-કાયાથી
અહિંસાનું આચરણ તે ભારતની સાધના છે.
હિંસા વડે જેઓ જીતે અથવા હારે છે,
તેઓ બંને દુઃખી થાય છે.

'હું' એટલે અખંડ ચૈતન્યનો અંશ.

'આત્મસમર્પણ' એટલે 'પોતે પોતાને આપવું છે'

કર્તા ભાવના તથા 'અહિંસા' એટલે

પોતાપણાંને ભૂલીને આત્મસમર્પણનું વાર કાર્ય.

જાણને માટે આત્મસમર્પણ, અન્યની નિંદાથી દૂર રહેવું,

ક્ષમા, આત્મનિરીક્ષણ, મારાંપણાંના ભાવનો ત્યાગ અર્થાત

'મેં કર્યું' કર્તા ભાવનાનો સંપૂર્ણ ત્યાગ.

જેને તું પીડા આપે છે, તે બીજો નહીં પણ તું જ છે.

અહિંસાનો વિધેયક સમજ

પ્રાણીજગતની સાથે તાદાત્મ્ય સ્થાપિત કરે છે.

સમગ્ર ચૈતન્યની સાથે કોઈ જાતના ભેદભાવ વિના

તાદાત્મ્ય સ્થાપિત કરવું, તે અહિંસાની ભાવના છે.

અહિંસા એ મારવાનું નહીં પણ તારવાનું,

સંહારનું નહીં પણ ઉદ્ધારનું શાસન છે.

હિંસા એ નકારાત્મક છે - અપ્રેમ છે.

અહિંસા પ્રેમ છે અને પ્રેમ એ જીવન છે.

કોઈપણ કાળે, કોઈપણ દેશમાં,
કોઈપણ પ્રયોજન માટે, કોઈપણ પ્રાણીને
પીડા ન કરવારૂપ મહાવ્રત, તે અહિંસા છે.

અહિંસાનું તત્ત્વ તુચ્છમાં તુચ્છ પ્રાણી સાથે બંધુભાવ છે.

'હું અને મારાપણાં'ના મમત્વભાવનો નાશ કરવા માટે
આત્મભાવને પરમાત્મભાવ સુધી પહોંચાડવો જોઈએ.
જેનું સાધન અહિંસા - સંયમ - તપધર્મની આરાધના છે.
જેઓ તે આરાધનાને કરે, તેઓને દેવો પણ નમે છે.
'एगे आया !' અર્થાત્ આત્મા એક જ છે.

'કોઈ જીવને ન હણો' એ ભગવાનની પરમ આજ્ઞા છે.

એનું પૂર્ણ પાલન એ જ પ્રભુનું પૂર્ણ ભજન.
'ભજન'નો મૂળ અર્થ છે આજ્ઞાનું પાલન.
આજ્ઞા છે: તુજ સમા સર્વ જીવોને પ્રેમ કરો, કેમકે
સમસ્ત પ્રાણીજગત પોતાના આત્માનો જ વિસ્તાર છે.
પોતે પોતાની હિંસા કેવી રીતે કરી શકે?
કેમકે જેને તું હણે છે, તે તું જ છે.

## અહિંસાનું તત્ત્વજ્ઞાન એટલે...

'હું સર્વનો - સર્વ મારાં.' એ નિશ્ચયપક્ષ છે.
અહિંસાધર્મનો ઉપદેશ : 'જેને તું હણે છે, તે તું જ છે'.
ભેદની ભાવના સ્વયં એક હિંસા છે.
'આપણને કષ્ટ દેવાથી કષ્ટ મળે છે' એ કષ્ટના ભયથી કષ્ટ છોડવાની વાત છે, તે ભયથી અહિંસા છે.
ભગવાનની ભક્તિમાં મૈત્રી સમાઈ જાય છે, તેથી અહિંસા પ્રગટે, વૈરાગ્ય વડે સંયમ વિકસે અને જ્ઞાન વડે ઇચ્છાનિરોધ રૂપ તપધર્મનો વિકાસ થાય.
ભક્તિ થકી અહિંસા, વૈરાગ્ય થકી સંયમ અને જ્ઞાન થકી તપ - એ સર્વ પરસ્પર સંબંધિત છે.

## અહિંસાનો નીતિમાર્ગ એટલે...

'મારું સુખ સર્વનું - સર્વનું દુઃખ મારું.' એ વ્યવહારપક્ષ છે.
અહિંસાનું બીજ આત્મૌપમ્યભાવ છે અને એનું ય બીજ કિંચિત્ એકતા છે. એકતાનું જ્ઞાન થકી અભેદનો બોધ એ હિંસાભાવને મૂળથી ઉખેડી નાંખે છે.

## 'અહિંસા' અર્થાત્ પ્રેમ.

સ્વયં અને સમસ્તની વચ્ચેનો એકાત્મભાવ.
જે સ્વયંને જાણી લે છે, તે એ પણ જાણી લે છે કે
જે આત્મા એનામાં છે, એ જ સમસ્તમાં છે.
આથી સ્વાભાવિક રીતે જ એનામાંથી સર્વ તરફ પ્રેમ અને
કરુણાનો પ્રવાહ વહેવા લાગે છે. આ સ્થિતિએ જીવન
પોતાને માટે નહીં પણ બધાને ખાતર બની જાય તથા
વ્યક્તિ સ્વયંને જાણીને સ્વયં મુક્ત બની જાય છે.
જૈન આગમોમાં અહિંસાના ૬૦ નામ આપવામાં આવ્યાં છે.
મૈત્રી, સમતા, બંધુતા, અભય, પ્રેમ: અહિંસાના જ નામ છે.

કોઈ રીતે કોઈને મારવું કે સતાવવું નહીં,
એ અહિંસાનું ધ્યેય છે, તેટલું જ
સર્વની સાથે મૈત્રી અને બંધુતાનો વર્તાવ રાખવો,
એ પણ અહિંસાનું જ અભિધેય છે.
અહિંસાને કેવળ નિષેધાત્મક રૂપમાં સમજવી,
તે વાસ્તવમાં તેની અધૂરી વ્યાખ્યા છે.

## મુનિજીવનનો સાર : રત્નત્રયની ઉજ્જવલ આરાધના.

મુનિજીવનનું કર્તવ્ય છે કે

વિનય, વૈયાવચ્ચ, તપ, સંયમ, સ્વાધ્યાયમાં લીન રહેવું.

'णाणी तिहिं गुत्तो ।' અર્થાત્ ત્રિવિધ ગુપ્ત તે જ્ઞાની,

'अगुत्ते अण्णाणी ।' ત્રિવિધ ગુપ્ત નહિ, તે અજ્ઞાની છે.

અક્ષરમાં અક્ષર - પરમેશ્વરનું દર્શન જે કરી શકે,

તે જ ખરો જ્ઞાની છે.

ભેદ હોવા છતાં ભેદભાવ ન હોવો, તે સાચી સાધના છે.

બે પ્રકારે આત્મજ્ઞાન : ત્રિકાલવ્યાપી તથા ત્રિલોકવ્યાપી.

આ બંને પ્રકારે આત્મજ્ઞાન જેને થયું છે,

તે સંપૂર્ણ અહિંસક, સંયમી અને તપસ્વી હોય છે.

ત્રિલોક અને ત્રિકાલવ્યાપી જીવાત્માના રક્ષણાર્થ

અહિંસા - સંયમ - તપધર્મની ઉત્પત્તિ થાય છે.

**જીવરક્ષણ ૩ વસ્તુથી થાય : અહિંસા, સંયમ અને તપ.**

અહિંસા પહેલાં સ્વપર - અભેદ ઉપયોગની થાય, તો જ

તે શુદ્ધ ધર્મ કહેવાય તથા પરમ સુખનું કારણ બને છે.

'अहिंसा लक्खणस्स ।'

જ્યાં જ્યાં સદ્ભાવ કે સદ્ભાવપૂર્ણ અહિંસા સધાય છે,
ત્યાં ત્યાં કેવલિપ્રરૂપિત ધર્મ પોતાનું કાર્ય કરે જ છે.

જૈનોની આ અહિંસાની ભાવનાને કારણે જ
જીવદયા અને ઉદારતાનાં અનેક કાર્યો જોવા મળે છે.
જૈનાચાર્યોના ત્યાગ, તપ અને વિદ્વત્તાને કારણે જૈનોમાં
તપ - ત્યાગ - દાનને ઉત્તેજનનાં કાર્યો ચાલુ જ રહે છે.
જૈનોમાં ચર્ચાઓ - વિવાદો કેટલેક સ્થળે જોવા મળે છે,
તે પણ બુદ્ધિમત્તાનું જ પ્રતીક માની શકાય.

તપ, ત્યાગ અને સંયમનો સદ્બોધ આપનારા
નિષ્કિંચન સંત પુરુષો પાસે દુન્યવી પદાર્થોની માંગણી
કરવી, એ એમના સદ્બોધની અવગણના કરવા સમ છે.
મૈત્રી એ ઈશ્વરની બક્ષિસ - માનવ માટે આશીર્વાદ છે.
સર્વે મહાપુરુષો એવી ભાવના નિરંતર કરે છે કે:
સર્વ જીવો પરહિતરત, દુઃખરહિત, કર્મરહિત બનો
અને તે માટે અહિંસા - સંયમ - તપના આરાધક બનો.

અહિંસા એક અનુભવ છે, સિદ્ધાંત નહીં !
શબ્દ વિના સિદ્ધાંત ન બની શકાય.
અનુભૂતિ શબ્દથી પર છે, તે મળે છે નિઃશબ્દમાં...
જ્યારે સિદ્ધાંત તો મળે છે શબ્દમાં !
અનુભવ મળે, તો અભ્યાસુમાં આવે છે પણ
અભ્યાસુ બનાવા લેખથી અનુભવ નથી આવતો !
અહિંસાયુક્ત ધર્મતત્ત્વને પામવા માટે
તેણે પોતાની અંદરના જ ઊંડા પાતાળને ઢંઢોળવો પડશે.
બધા મહાપુરુષો એ માર્ગે જ ચાલ્યા છે.
માત્ર ધર્મચર્યા કે ધર્મચર્ચાથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી,
પરન્તુ તે બંનેથી પર રહેલ આત્મતત્ત્વના ધ્યાન વડે જ
અવિનાશી આત્મતત્ત્વ પામી શકાય છે.

°

અહિંસાનો સાચો અર્થ - undoing છે.
You observe and understand,
understand and learn.

# પંચસૂત્રનો બોધ અને રત્નત્રયી

દુઃખનું નિવારણ દુષ્કૃતગર્હાથી છે,
સુખનો લાભ સુકૃતાનુમોદનથી છે અને
જીવનમાં દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદનનું ઉત્કૃષ્ટ - શ્રેષ્ઠ
અરિહંત મહાપુરુષોના શરણાગમનથી છે.
અસંયમથી દુઃખ છે અને અસંયમ એ દુષ્કૃત છે.
તેનાથી વિરમેલા મહામુનિઓને વંદન કરવાથી
દુષ્કૃતનું કારણ ટળી જઈને સંયમનું કારણ બનાય છે.
તપ એ ઈચ્છાનિરોધરૂપ છે,
ઈચ્છા એ અસંયમનું બીજ અને અસંયમ એ પાપ છે,
તેથી દુઃખનું કારણ છે. સંયમ અને તપ વડે અને એ
બે ગુણોના આદર - બહુમાન દ્વારા
દુઃખનાં મૂળરૂપ અસંયમ અને પાપનો નાશ થાય છે.
એમ સુખનું પાચન સુકૃતાનુમોદન અને
દુઃખનું શમન દુષ્કૃતગર્હા છે, તેમ જીવનનું ઉત્કૃષ્ટ - શ્રેષ્ઠ
અરિહંત અને અરિહંતના પ્રણામથી છે.

## સ્યાદ્વાદ એ અહિંસક વાણી છે.

માનસિક અહિંસાના પાલન માટે સત્યના નાના-મોટાં એક એક અંશને જાણવા અને સ્વીકારવાની જરૂર છે, જે નયવાદ અથવા સ્યાદ્વાદ વડે શક્ય બને છે.

સમભાવ માટે અહિંસા અને

અહિંસા માટે સ્યાદ્વાદની ઉપયોગિતા છે અને તે બંને વડે સાધનાનું અંતિમ ધ્યેય સિદ્ધ કરી શકાય છે. અહિંસાની સાધના વડે જગતના જીવમાત્ર સાથે મૈત્રી સધાય છે અને સ્યાદ્વાદની ભાવના વડે છ દર્શનોના સત્ય સાથે મૈત્રીની ભાવના સિદ્ધ કરી શકાય છે. તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્વાદ અને આચરણમાં અહિંસા વડે

જૈનદર્શનનો પ્રભાવ સર્વ દર્શનો અને

જીવમાત્ર ઉપર પડ્યો છે, પડે છે અને પડશે. આ જૈનશાસન જયવંત છે, એનું કારણ તે જીવમાત્ર સાથે મૈત્રી અને સત્યમાત્ર સાથે મૈત્રી સાધે છે.

અહિંસા = સમભાવ, અનેકાંત = સમદૃષ્ટિ.

સ્યાદ્વાદના આધારે જ અહિંસા, સંયમ, તપધર્મ તથા તે ગુણોને ધારણ કરનારા મહાપુરુષોની પૂજાની ઉત્પત્તિ છે.

વિશ્વનિયામક તત્ત્વ = અહિંસા સંયમ અને તપ.

સન્માર્ગે ચઢાવી સદાચારથી જીવાવતાં સાધુ પુરુષોનો દેહ પરોપકારનો પીંડ અને અહિંસાનો અવતાર મનાય છે.

અહિંસાથી જીવરાશિ સાથે એકતા સ્થપાય છે, સંયમથી અંતરાત્મભાવ તથા તપથી પરમાત્મભાવ પ્રકટે છે.

અહિંસાપૂર્વકની મૈત્રી, સંયમપૂર્વકનો વૈરાગ્ય અને તપ સહિતની અનાસક્તિ એ જ તાત્ત્વિક છે.

મૈત્રી વિનાની અહિંસા જેમ શુષ્ક છે, તેમ અહિંસા વિનાની મૈત્રી પણ માયા છે. વૈરાગ્ય વિનાનો સંયમ જેમ શુષ્ક છે, તેમ સંયમ વિનાનો વૈરાગ્ય પણ છેતરપિંડી છે. અનાસક્તિ વિનાનો તપ જેમ શુષ્ક છે, તેમ તપ વિનાની અનાસક્તિ પણ આડંબર માત્ર છે.

અહિંસા = બીજાના સુખ-દુઃખને પોતાના ગણીને વર્તવું તે.

સંયમ = સુખનો ત્યાગ. તપ = દુઃખનો સહર્ષ સ્વીકાર.

અહિંસા માટે તપ અને સંયમની આવશ્યકતા છે, તેથી
અહિંસા, સંયમ અને તપ એ જ આર્હન્ત્ય છે.
તે સર્વનું હિત - મંગળ - શિવ કરી શાસન ચલાવે છે.
આર્હન્ત્ય અહિંસાનું યથાર્થ જ્ઞાન આપી
અહિંસાનું યથાર્થ પાલન કરવા ફરમાવે છે તથા
જે કોઈ તે આજ્ઞાને પામે, તેના યોગક્ષેમનું નિર્વહન કરે છે.
આર્હન્ત્ય એટલે 'સવ્વે જીવા ન હન્તવ્વા ।' અથવા
ભગવાનની આજ્ઞા અર્થાત્ અહિંસા.
આર્હન્ત્યમાં ત્રણ ભુવનનું સ્વામિત્વ છે.
પરમાત્માના ધ્યાન દ્વારા આત્માનું
જ્ઞાન કરનારને સર્વાત્માનું જ્ઞાન સરળતાથી થઈ શકે છે.
સર્વાત્માનું જ્ઞાન અહિંસાને વિકસાવે છે, તેથી
અહિંસાને 'બ્રહ્મ' શબ્દથી પણ ઓળખાવવામાં આવે છે.
અહિંસા રૂપી બ્રહ્મ એ પરબ્રહ્મને પામવાનું
એકનું એક ઉપરાંત અનિવાર્ય એવું ઉત્તમ સાધન છે,
એ આ અપેક્ષાએ એકદમ સત્ય ઠરે છે.

## અહિંસા દ્વારા 'અહં'થી 'અર્હં'ની યાત્રા

અહિંસામાં અન્ય જીવો પ્રત્યે અવિરોધ ભાવ છે.
'અહં'કારમાં બધા અન્ય જીવોનો નિષેધ છે, જ્યારે
નમસ્કાર વડે 'અહં'નો ત્યાગ અને 'અર્હં'ની ભક્તિ છે.
'અર્હં' એ જીવોની સાથે એકતા - અભેદનો સૂચક છે.
સંયમ અને તપ અહિંસાની સિદ્ધિ માટેનાં સાધન છે,
તેથી તે બે અહિંસાના અંગ હોવાથી અહિંસારૂપ જ છે.
અહિંસાના પ્રચારની ભાવના 'અહં'ને 'અર્હં' બનાવે
અને અહિંસાપાલનની ભાવના આર્હંત્યની આત્માના
આરાધનરૂપ હોવાથી સિદ્ધત્વને સર્જે છે.

જ્યાં અહિંસા છે, ત્યાં આનંદ છે અને
જ્યાં અર્હં છે, ત્યાં અહિંસા છે.

અહિંસા એ અર્હંની આત્મા છે, તેથી અર્હંથી અભિન્ન છે.
સંયમ એ અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ છે અને
તપ એ સત્પ્રવૃત્તિના સેવનરૂપ છે.
અસત્પ્રવૃત્તિ આસ્રવરૂપ છે, સત્પ્રવૃત્તિ સંવરરૂપ છે.

## શેનાથી શું પુણ્ય થાય?

(૧) દુષ્કૃતગર્હાથી અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ સંયમ પુણ્ય થાય.

(૨) સુકૃતાનુમોદનથી સત્પ્રવૃત્તિના સેવનરૂપ તપ પુણ્ય થાય.

(3) પ્રભુઆજ્ઞાપાલનથી સ્વરૂપાગમનરૂપ અહિંસા પુણ્ય થાય.

અહિંસા સમાધિ છે, હિંસા અસમાધિ છે.

'ધુણે સરીરં ।' કર્મ રૂપી શરીરને આપણે ધુણાવવાનું છે.

આર્તધ્યાન અસત્ પ્રવૃત્તિ છે, અસત્ પ્રવૃત્તિ તે હિંસા છે.

હિંસાદિ રહિત સમત્વ વૃત્તિથી કષ્ટસહન નિર્જરાનો હેતુ છે.

## પ્રવૃત્તિધર્મ - નિવૃત્તિધર્મ

હિંસા ન કરવી, એ નિવૃત્તિરૂપ અને સકલ જીવો પ્રત્યે મૈત્રી રાખી તેમના કલ્યાણનો પ્રયત્ન કરવો, તે વિધાયકરૂપ.

તીર્થંકર ભગવાન પ્રભુ જે તપ - ત્યાગ કરે છે, તે નિવૃત્તિરૂપ અહિંસા છે અને તીર્થની સ્થાપના તથા ધર્મોપદેશ આદિ આપે છે, તે વિધાયકરૂપ અહિંસા છે.

દાન, શીલ, તપ અને ભાવ - એ ૪ પ્રવૃત્તિધર્મ છે, જ્યારે અહિંસા, સંયમ અને તપ એ નિવૃત્તિધર્મ છે.

## અહિંસા એટલે આત્મા.

આચારપાલનના બે અંગ છે : સંયમ અને તપ.
સંયમ વડે અજીવતત્ત્વના સંબંધનો ત્યાગ થાય છે તથા
તપ વડે જીવતત્ત્વનો સંબંધ સ્થિર થાય છે.
ત્યાગ કે તપસ્યા એ નિવૃત્તિરૂપને આભારી છે તથા
જીવનમાં કરુણા, અનુકંપા, દયા કે દાન -
એ બધા અહિંસાના વિધાયક તત્ત્વને આભારી છે.

જીવનમાં અહિંસા ક્યા રૂપે આવવી જોઈએ?

અહિંસા એ સમભાવ કે આત્મૌપમ્યભાવના પરિણામ રૂપે
જ જીવનમાં આવવી જોઈએ અને એ અહિંસાને જ
સર્વ ધર્મોના મૂળમાં મનાઈ છે, કારણ કે સત્ય, અચૌર્ય,
બ્રહ્મચર્ય કે અપરિગ્રહ - એ સૌ અહિંસામૂલક છે અથવા
તો અહિંસાનો જ વિસ્તાર મનાય છે. શ્રાવક કે પછી સાધુના
આચારના નિયમ અહિંસાને જ આધારે જ ઘડાયા છે.
અહિંસા તે નકારાત્મક નહિ, કિન્તુ હિંસાજન્ય
ભેદભાવનો નાશ કરનાર હોવાથી વિધેયાત્મક પણ છે.

પ્રભુપ્રસન્ન કરવાનાં ૩ ઉપાયો : અહિંસા - સંયમ - તપ.

(૧) પ્રાણીદયા (૨) ઈંદ્રિયોનું દમન (૩) ખાવામાં સંતોષ.

અહિંસા એટલે પ્રાણીદયા કે ક્ષમા - તેનાથી દુઃખ જાય.

સંયમ એટલે ઈંદ્રિયોનું દમન - તેનાથી જીવનું દુઃખ જાય.

તપ એટલે ખાવામાં સંતોષ - તેનાથી જીવના કર્મ ટળે.

કર્મરહિત - પાપરહિત - દુઃખરહિત કેમ બનાય ?

'કોઈપણ જીવ પાપ ન કરે, દુઃખ ન પામે,
સર્વ કોઈ કર્મથી મુક્ત બને' એ ભાવના છે તથા
તે જ અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મનું મૂળ છે.
ભાવવાન ક્રોધ ન કરે, તેથી હિંસાદિ પાપથી રહિત બને છે.
તે કદી અસંયમ સેવતો નથી, એટલે દુઃખરહિત બને છે.

અહિંસાથી પાપ, સંયમથી દુઃખ તથા તપથી કર્મ જાય.

સૂક્ષ્મ નિગોદમાં અહિંસા છે, કિન્તુ અહિંસક ભાવ નથી.
હિંસા નથી, પરન્તુ હિંસકભાવ બેઠો છે,
છતાં અજ્ઞાનપણે જે અહિંસાનું પાલન - હિંસાનો ત્યાગ
હોવાથી અજ્ઞાન નિર્જરા કરીને તે જીવો જ ઊંચા આવે.

રાતા મહાવીર, સં. ૨૦૨૬, ચૈત્ર સુદ ૭/૮, ૧૨-૪-૭૦, રવિ

દ્રવ્યધર્મરૂપી મંગળના ૩ સાધન : દેહ, ઇંદ્રિય અને મન.
દયામય દેહ, ભક્તિમય ઇંદ્રિયો અને મૈત્રીમય મન વડે
ધ્યાનરૂપી તપ તપવાથી ઘાતી કર્મોનો ક્ષય થાય છે.
અહિંસા વડે જગત સાથે, સંયમ વડે સ્વજાત સાથે
અને તપ વડે જગદીશ સાથેનો સંબંધ સુધરે છે.

અહિંસાથી પાપક્ષય, સંયમથી દુઃખક્ષય, તપથી કર્મક્ષય.

(a) અહિંસા = ષટ્ જીવનિકાય રક્ષા.
કાયા દ્વારા અહિંસા - મૂળગુણ.
(b) સંયમ = પાંચ ઇંદ્રિય તથા મનનો નિગ્રહ.
ઇંદ્રિયો દ્વારા સંયમ - ઉત્તરગુણ.
(c) તપ = ધ્યાનરૂપી તપ દ્વારા કર્મનો ક્ષય.
મન દ્વારા ધ્યાનરૂપી તપ - સાધ્ય.

કર્મક્ષયનું અસાધારણ કારણ આત્મધ્યાનરૂપી તપ છે,
તેનું સાધન મન દ્વારા મૈત્રી, ઇંદ્રિયો દ્વારા ભક્તિ
અને કાયા દ્વારા અહિંસા છે.

ધર્મ મંગળ છે, કેમકે તે અહિંસા - સંયમ - તપરૂપ છે.

તે ધર્મરૂપી મંગળનું મૂળ, સર્વ જીવરાશિ ઉપર સ્નેહનો વિકાસ પરિણામ છે. એ પરિણામ જ અહિંસારૂપ, સંયમ વ્યાપારરૂપ, તપશ્ચર્યારૂપ બને છે. અહિંસા એ જીવમૈત્રીનું, સંયમ એ અહિંસાનું અને તપ એ સંયમનું પ્રતીક છે. તપથી સંયમની શુદ્ધિ, સંયમથી અહિંસાની શુદ્ધિ અને

અહિંસાથી જીવમૈત્રી વધે છે.

જીવની મૈત્રી પરમેષ્ઠિની ભક્તિને વધારે છે અને

પરમેષ્ઠિની ભક્તિથી જીવની મૈત્રી વધે છે.

જીવમૈત્રીથી અહિંસા, અહિંસાથી સંયમ, સંયમથી તપ વધે છે.

તપમાં ધ્યાન પ્રધાન છે. ધ્યાનની સામગ્રી સંયમ, સંયમની સામગ્રી અહિંસા, અહિંસાની સામગ્રી જીવમૈત્રી, જીવમૈત્રીની સામગ્રી પરમેષ્ઠિની ભક્તિ છે, પંચ પરમેષ્ઠિ ભક્તિની સામગ્રી જીવમૈત્રી છે, જીવમૈત્રીની સામગ્રી અહિંસા છે, અહિંસાની સામગ્રી સંયમ, સંયમની સામગ્રી તપ, તપની સામગ્રી ધ્યાન અને ધ્યાનની સામગ્રી પરમેષ્ઠિભક્તિ છે.

જીવોને ભાવનમસ્કાર સહેલ મૈત્રાદિથી.

અહિંસા એ સર્વ જીવરક્ષણરૂપ છે તથા

સંયમ અને તપ એ આત્મરક્ષણરૂપ છે.

'अत्तसमं मन्निज्ज छप्पिकाए ।'

અહિંસા, સંયમ અને તપને પરમ મંગલ કહ્યાં છે,

તેમાં કરુણા જીવ પ્રત્યેની મૈત્રી છે, વૈરાગ્ય છે તથા

અનાસક્તિનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ છે,

અન્યથા અહિંસા, સંયમ અને તપ અનુક્રમે

માત્ર વાણી - વિચાર - બુદ્ધિનો વિલાસ છે.

તે જ્યારે જીવનમાં ઉતરે, ત્યારે ભાવનમસ્કાર બને છે.

અહિંસાના પાલન વિના ભાવનમસ્કાર આવે નહીં.

ભાવનમસ્કાર એ પ્રભુની આજ્ઞાની આરાધના રૂપ છે,

જે ષડ્જીવનિકાયને આત્મસમ ગણાવામાં છે.

મૈત્રીભાવનાં અભ્યાસ વિના

અહિંસાદિકનું પાલન શક્ય જ નથી.

હૃદયને વિકસિત કરનાર સર્વોત્કૃષ્ટ સાધન મૈત્રીભાવ છે.

શેના વડે શેની રક્ષા થાય ? ક્યા ભાવનું ક્યું ફળ ?

(૧) અહિંસા વડે મૈત્રીભાવની રક્ષા થાય છે.

(૨) અનેકાન્ત વડે માધ્યસ્થભાવની રક્ષા થાય છે.

(૩) કૃતજ્ઞતા વડે પ્રમોદભાવની રક્ષા થાય છે.

(૪) પરોપકૃતિ વડે કરુણાભાવની રક્ષા થાય છે.

ગુણચિન્તન માટે જે નિર્મળતા જોઈએ, તે અહિંસા, સંયમ અને તપના અનુષ્ઠાન દ્વારા પ્રાપ્ત છે. અહિંસાથી પાપનિવૃત્તિ, સંયમથી દુઃખનિવૃત્તિ, તપથી કર્મનિવૃત્તિ થાય.

અહિંસા એ ધર્મરથ છે, સંયમ અને તપ તેના ધોરી છે.

તપ તથા સંયમથી નિરપેક્ષ અહિંસા -
એ ધર્મ નથી પણ ધર્મનો માત્ર આભાસ છે.

અહિંસા એ ધર્મ છે, સંયમ એ સુખનો સદુપયોગ છે
તથા તપ એ દુઃખનો સદુપયોગ છે.

સુખ અને દુઃખ - ઉભયને અહિંસારૂપી ધર્મનાં સાધન બનાવવા, તે અનુક્રમે સંયમ અને તપ છે.

સંયમ = માનસિક મૂર્છાનો ત્યાગ, પુરુષાર્થ એટલે તપ.

# જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કરતું ધ્યાન.

બંનેની સાધના દ્વારા માનવ પરમ ઉત્કર્ષ સાધી શકે છે.
તપધર્મનો જ એક પ્રકાર ધ્યાન છે અને તે અહિંસા
અને સંયમ સહિત હોય, તો ઇષ્ટફળને આપનાર થાય.

મન અને ઇંદ્રિયોને જડ તરફથી વાળી
જીવની અભિમુખ કરવા, તે સંયમનું લક્ષણ છે તથા
ઇચ્છાઓનો નિરોધ તે તપનું લક્ષણ છે.

તપના પ્રભાવે અસ્થિર સ્થિર બને,
વક્ર સ્વભાવી વસ્તુ સરલ બને અને
દુર્લભ વસ્તુ કે સાધના સુલભ બને છે.

તપથી ઘણાં પ્રયત્ને સધાય, તે સરળતાથી સાધી શકાય છે.
આનંદ આત્મામાં છે, માટે આત્માને મિત્ર બનાવો.
સમૃદ્ધિ આત્મામાં છે, માટે આત્મિક સ્વતંત્રતાને ચાહો.

ધ્યાન, મૌન અને તપ તેમાં સાધન છે.

ધ્યાનરૂપી જળ, મૌનરૂપી પ્રકાશ અને તપરૂપી પવન
વડે આત્મા નિર્મળ, ઉજ્જવળ અને શુદ્ધ બને છે.

## અષ્ટાંગ યોગ અને ધ્યાનમાં...

રાજ = આંતરચેતનાની જાગૃતિ,

ક્રિયા = અહિંસા, સંયમ, તપ ઉપર આધારિત જીવનચર્યા.

સમગ્ર સૃષ્ટિનું સર્વ રીતે કલ્યાણ થાય, એવો
માર્ગ શોધવાની પ્રક્રિયામાંથી જ ધર્મનો જન્મ થાય છે,
તેમાં અહિંસાને પ્રાધાન્ય છે.

અષ્ટાંગ યોગમાં ય પ્રથમ અંગનું એ પ્રથમ પગથિયું છે.
મનુષ્ય જો મન - વચન - કર્મને સંયમમાં રાખીને
પૂર્ણ અહિંસા આચરે, તો એનો સાચો માનસિક અને
એમાંથી સાચો આધ્યાત્મિક વિકાસ થાય છે.

આમ અહિંસા એ એક અત્યંત જ
શક્તિશાળી ઉપરાંત સર્જનાત્મક બળ છે.
અહિંસાધર્મ માનવમાત્રના જ નહીં, કિન્તુ
ભૂતમાત્રના સમાન અધિકારોને માન્ય રાખે છે.
આવા અહિંસાની ભાવના વિના માનવસમાજ એ
રાક્ષસસમાજથી પણ વધુ ભયંકર બની જાય.

ક્રિયાયોગનો વિષય અહિંસા, સંયમ અને તપ છે.

અહિંસાથી ભક્તિ, સંયમથી ક્રિયા, તપથી પ્રણિધાન.

એવું 'સંયમ' શબ્દ ભક્તિ - જ્ઞાન - ક્રિયાનો સૂચક છે.

અહિંસા એટલે દાનાદિ ધર્મોનો સમુચ્ચય,

સંયમ એટલે જ્ઞાનાદિ ધર્મોનો સમુચ્ચય અને

તપ એટલે સ્નાનાદિ ધર્મોનો સમુચ્ચય.

અહિંસા આત્માની સ્થિતિ છે.

અહિંસાનું સામર્થ્ય વિવેકપ્રધાન છે.

અહિંસા મનુષ્યને આત્મજાગૃતિ તરફ લઈ જાય છે.

અહિંસાથી જ ક્ષમાનો ઉદય થાય છે.

અહિંસા પોતાના સામર્થ્યનું સાધન છે અને

તે પોતાના પુરુષાર્થને જન્મ આપે છે.

અહિંસા નિત્ય વિકાસશીલ સ્થિતિ છે અને

તે મનુષ્યને પરમ સામ્યાવસ્થા સુધી લઈ જાય છે.

અહિંસાની ધારણા, સંયમનું ધ્યાન અને તપની સમાધિ

- એ ત્રણે મળીને ધર્મની સિદ્ધિ થાય છે.

યોગની શુદ્ધિ વડે ઉપયોગની શુદ્ધિ થાય છે અને
અહિંસા - સંયમ - તપ દ્વારા યોગની શુદ્ધિ થાય છે.

અહિંસા એ કોમળતારૂપ છે, સંયમ એ સુવાસરૂપ છે
અને તપ એ નિર્લેપતારૂપ છે. તે ત્રણે સ્વરૂપી
ધર્મજહાજમાં બેઠાં વગર ભવસાગરને તરી ન શકાય.

અહિંસા એટલે આખા જગતના પ્રાણીમાત્રને
સગાભાઈ તરીકેનો સ્નેહભાવ - સ્નેહવચન - અભયદાન.

અહિંસા = સમગ્ર જીવસૃષ્ટિને સ્નેહનજરે નિહાળવી.

અહિંસા એટલે જગતની માતા, હિતકારિણી જનેતા.

માતા એટલે કરુણામૂર્તિ, ત્યાગમૂર્તિ અને પ્રેમમૂર્તિ.

અહિંસામાતાની છત્રછાયામાં પ્રાણીમાત્રને પ્રેમના પ્રવાહમાં
નવરાવી દેતાં વાત્સલ્યનો વિરાટ ધોધ પ્રગટે છે.

જે વ્યક્તિ સર્વાત્મભૂત છે, સર્વ પ્રાણીઓને
પોતાના હૃદયમાં વસાવીને જે વિશ્વસ્વરૂપ બનેલ છે,
તેને કોઈ પણ પાપ સ્પર્શી શકતું નથી.

હિંસામાં પણ અહિંસાની દિવ્ય જ્યોત સુરક્ષિત રાખવી.

# કઈ રીતે ધર્મ એટલે અહિંસા - સંયમ - તપ ?

'અહિંસા' એટલે જીવદયા, વિશુદ્ધ પ્રેમ, બંધુભાવ,
સર્વ આત્માઓને પોતાના આત્મા સમાન જોવા તે.

'સંયમ' એટલે મન અને ઇંદ્રિયોને વશ કરી
સ્વાત્મરમણતા સાધીને આત્માનંદ મેળવવો તે.

'તપ' એટલે સેવા, તિતિક્ષા, વિનય, પરહિતની ભાવના,
ધ્યાન, સ્વાધ્યાય, આત્મચિંતન આદિને વિકસાવવા તે.

એ ધર્મ જીવમાત્રનું કલ્યાણ કરનાર ઉત્કૃષ્ટ મંગળ છે,
જેમાં સમ્યગ્દર્શન - જ્ઞાન અને ચારિત્રનો સમાવેશ છે.
અહિંસા - સંયમ - તપ વડે એક બાજુ કામ - ક્રોધ -
લોભનો નિગ્રહ થાય છે, બીજી બાજુ શમ, દમ,
તિતિક્ષા સધાય છે. અહિંસા વડે સર્વ જીવરાશિ સાથે,
સંયમ વડે સ્વાત્મા સાથે સંબંધ જોડાય છે તથા
તપ દ્વારા તન્મયતા સધાય છે.

ચિત્તશુદ્ધિ અને આત્મશાંતિનો આ જ રાજમાર્ગ છે.
હિંસાનો ત્યાગ કર્યા વિના ચિત્તશુદ્ધિ થતી નથી.

ચિત્તશુદ્ધિનું પરમ સાધન તપ, સંયમ તથા અહિંસા છે.
અહિંસામાં સત્ય, અચૌર્ય તથા બ્રહ્મચર્ય આવી જાય છે.
અહિંસાથી શુભાસ્રવ, સંયમથી સંવર, તપથી નિર્જરા છે.
અહિંસા - સંયમ - તપના મૂળમાં આત્મૌપમ્યભાવ અને
પરમાત્મતત્ત્વ આત્મભાન કામ કરે છે, એટલે
ચિત્તશુદ્ધિનું જૈન વ્યવહારથી પરતત્ત્વ આત્મભાન અને
નિશ્ચયથી પરમાત્મતત્ત્વ આત્મભાન છે, તેને સક્રિય રીતે
જીવનમાં ઉતારવાનાં સાધન અહિંસા, સંયમ અને તપ છે.

ગીતા ચિત્તશુદ્ધિનાં સાધન દમન - દાન - દયા ?

દેવો માટે ઇંદ્રિયોનું દમન, મનુષ્યો માટે સંપત્તિનું દાન
અને અસુરો માટે દયા -
એ ચિત્તશુદ્ધિનાં અને પરમેશ્વરપ્રાપ્તિનાં સાધન છે.
તેને જ જૈન શબ્દોમાં અહિંસા - સંયમ - તપ કહ્યાં છે.
અહિંસાનો પર્યાય દયા - સંયમનો પર્યાય દાન અને
તપનો પર્યાય ઇંદ્રિયનું દમન છે. દમન વડે સંયમ
અને દાન વડે ઇચ્છાનિરોધ તપનું ગ્રહણ થાય છે.

## સાધનાનાં ત્રણ પદ

સદ્ + ચિદ્ + આનંદ = અહિંસા, સંયમ અને તપ.
ઉપાસના અર્થે ભગવાનના નામ અને રૂપ છે અને
આત્માની સાધના અર્થે અહિંસા - સંયમ - તપ છે.

(૧) નામ એ નાદનું રૂપાંતર છે.
(૨) રૂપ એ જ્યોતિનું પ્રત્યક્ષ છે.
(૩) અહિંસા એ સતનું લક્ષણ છે.
(૪) સંયમ એ ચિતનું પરિણામ છે.
(૫) તપ એ આનંદનું રૂપાંતર છે.

નામથી સ્વાધિનતા પ્રાપ્ત થાય, રૂપથી સર્વાધિશતા મળે,
અહિંસાથી સત, સંયમથી ચિત, તપથી આનંદની સાધના.
સત જીવનો સામાન્ય - ચિત એ જીવનો વિશેષ ધર્મ છે.
આનંદ એ સત અને ચિતમાં સ્થિરતારૂપ છે.
એ સ્થિરતા અહિંસા, સંયમ અને તપ વડે સધાય છે.
જીવની મૌજ પરમેષ્ઠિની ભક્તિને વધારે છે અને
પરમેષ્ઠિની ભક્તિથી જીવની મૌજ વધે છે.

## અહિંસક યજ્ઞ એટલે...

કામ-ક્રોધ-મદ-માન-માયા વગેરે વિકારોરૂપી પશુઓનો
હોમ કરવા માટે તપ-સંયમ-સમભાવરૂપ યજ્ઞ છે, તે.
ક્લેશ-કષાય-પાપનો યજ્ઞ કરવો, તે અહિંસક યજ્ઞ છે.
આ સંસાર વિકારરૂપી પશુઓથી ખીચોખીચ ભરેલો છે,
તેવા પશુઓને પકડી પકડીને સંયમરૂપ યજ્ઞમાં હોમ્યા કરે,
તે ભાવયજ્ઞ કરનારો કહેવાય છે.
તે ભાવયજ્ઞ આત્મજ્ઞાનનું કારણ છે.
પશુના સ્થાને પાશવિક વૃત્તિઓને હોમવાની છે.
પ્રાણીઓ પર વિષમભાવરૂપી કષાયોનો હોમ કરવાનો છે.
યજ્ઞમાં પશુહિંસા તથા યુદ્ધમાં શત્રુહિંસા સ્વર્ગનું કારણ છે,
એ પ્રલોભનથી હિંસા છે એટલે કે ભયથી હિંસા છોડાવવા
અને પ્રલોભનથી હિંસા કરાવી, પરંતુ અહિંસક ભાવથી
અહિંસા ન કરાવી, આમ અહિંસા કદી સ્થિર થતી નથી.
સમતા એ અહિંસાનું બીજું નામ છે,
શાંતિ સંયમનું અને સંતોષ એ તપનું બીજું નામ છે.

## ઊર્ધ્વતાસામાન્ય તથા તિર્યક્સામાન્ય

અહિંસામાં તિર્યક્સામાન્યનો - સંયમમાં ઊર્ધ્વતાનો અને તપમાં ગુણ-પર્યાયની એકતાનો વિચાર મુખ્ય બને છે, તેથી પરિપૂર્ણ ધર્મમાં ત્રણે ધર્મોની સમાન આવશ્યકતા છે.

## અહિંસા, સંયમ અને તપ શા માટે?

સંયમ અને તપ ઊર્ધ્વતાસામાન્ય, તે વડે સંવરસેવન તથા અહિંસા વડે આસ્રવોનો ત્યાગ થાય. આજ્ઞાપાલન વડે ચિત્ત નિર્મળ - ગુણચિંતન વડે ચિત્ત સ્થિર બને, નામ, સ્થાપના, દ્રવ્યની ભક્તિ દ્વારા તન્મયતા વધે.

## અહિંસા, સંયમ અને તપની અલગ વિભાવના

તિર્યક્ સામાન્યથી જીવત્વનું અનુભવન તે અહિંસા છે, ઊર્ધ્વતા સામાન્યથી જીવત્વનું અનુભવન તે સંયમ છે તથા શુદ્ધ સત્તાથી જીવત્વનું અનુભવન થવું તે તપ છે. અહિંસા, સંયમ અને તપ - ત્રણે મળીને આત્મતત્ત્વની સાથે સંબંધ કરવાની સઘળી સામગ્રી પૂરી પાડે છે.

અહિંસા એટલે પ્રાણીમાત્ર સાથે પ્રેમ - દયા ઐક્ય તે.

# કેન્દ્ર - પરિધિ - સેતુ

અહિંસા એ કેન્દ્ર - તપ એ પરિધિ - સંયમ એ સેતુ છે.
પરિધિ અને કેન્દ્રને જોડતી ત્રિજ્યા, તે સંયમ છે.
અહિંસાનો એક અર્થ લાગણી અને વાત્સલ્ય પણ છે.

અહિંસા એ કેન્દ્ર (Centre),
તપ એ પરિધિ (Circumference) અને
સંયમ એ સેતુ (connecting link) અને
જીવન એ વર્તુળ (circle) છે. બીજા શબ્દોમાં અહિંસા એ આત્માના સ્થાને, તપ એ શરીરના સ્થાને અને સંયમ એ પ્રાણ અથવા શ્વાસોચ્છ્વાસના સ્થાને છે.
અહિંસા, સંયમ, તપ - ત્રણે મળીને ધર્મ પદાર્થ બને છે. સંયમના અભાવે અહિંસા - તપ રહેવા છતાં ધર્મરૂપ નહિ બની શકે, માટે સંયમ એ સેતુ છે, ધર્મનો પ્રાણ છે. ધર્મ એ સ્વભાવ છે અને સ્વભાવ સુધી પહોંચવાની વિધિ યા માર્ગ પણ છે. ધર્મની પ્રયોગાત્મક પરિભાષા અથવા તો સાધનરૂપ ધર્મ અહિંસા, સંયમ અને તપ છે.

સર્વ શાસ્ત્રનો સાર એ છે કે

કોઈપણ જીવતાં પ્રાણીને દુઃખ કે કષ્ટ ઉપજાવવું નહિ.

દુઃખનું મૂળ હિંસા અને બીજું મૂળ અસંયમ છે,

તેથી મન-વચન-કાયા ઉપર સંયમ કેળવવો.

કાચબો જેમ પોતાનાં અંગોને શરીરમાં ગોપવી દે છે, તેમ આધ્યાત્મિક ભાવના દ્વારા આત્માને અંતર્મુખ બનાવી પોતાની જાતને અસંયમથી બચાવી લેવી. અંતર્મુખ બન્યા વિના અસંયમથી બચાય નહિ. સંયમ માટે તપની જરૂર છે.

તપની વ્યાખ્યા વિશાળ છે.

કાયકષ્ટથી માંડી મનોનિરોધ સુધીનો તપ સંયમમાં સહાયક છે. તપ વિના સંયમ અશક્ય જ છે. તેથી આચારની શુદ્ધિ કરાય. તપ એટલે વિચારેર ધ્યાન.

વિચારક જ ઇચ્છાને જીતી શકે.

વિચારમય જીવન જ તપ. ઇચ્છા કરવાની જરૂર જ નથી.

વસ્તુની પ્રાપ્તિ ઇચ્છાનુસાર નથી,

પરંતુ કર્માનુસાર હોવાથી સત્કર્મની ઇચ્છા જ કર્તવ્ય છે.

અહિંસામાં અદ્‌ભુત શક્તિ છૂપાયેલ છે.

માનવતાની મહત્તા એની કરૂણા અને
અહિંસામય ધર્મભાવનાને લીધે જ છે.

વિષય - કષાયાદિમાં થતી અક્કડતા તામસિક છે.
અહિંસા, સંયમ અને તપ વડે તપોગુણ જન્માવી
સાત્વિક અક્કડતા પ્રગટે છે.

'અહિંસા' એટલે કોઈપણ પ્રાણી પ્રત્યે, કોઈપણ કાળે
કોઈપણ કારણે, કોઈપણ જાતના દ્રોહનો અભાવ.

આત્મતાની દયા વિના અહિંસા અશક્ય છે.
પ્રાણીમાત્રને આત્મપ્રેમે ચાહવાની મનોકળા તે 'અહિંસા'.
અહિંસા સૌમાં આત્મદર્શન લાવે છે.
કામ, ક્રોધ અને લોભ આત્મદર્શનથી જ જાય.
અહિંસા, ક્ષમા અને તપ - સંયમાદિનું જીવનમાં સેવન
કરવાથી આત્મસમદર્શિત્વનો લાભ મળ્યા કરે છે,
મન - વચન - કાયાની એકતા મળ્યા કરે છે અને
જ્ઞાન - દર્શન - ચારિત્રની એકતા સચવાય છે.

## અહિંસાના ૫ પ્રકાર

સમય, સંકેત, શરત વડે હિંસાત્યાગ - અવચ્છિન્ન

નિરપેક્ષનો હિંસાત્યાગ (સાપેક્ષે છૂટ) - કાલાવચ્છિન્ન

નિરપરાધીનો ત્યાગ (અપરાધીની છૂટ) - દેશાવચ્છિન્ન

સંકલ્પપૂર્વકનો ત્યાગ (આરંભે છૂટ) - સમયાવચ્છિન્ન

ત્રસ જીવોની હિંસાનો ત્યાગ - જાતિઅવચ્છિન્ન.

## બે સ્વરૂપે અહિંસા

દુઃખ ન આપવારૂપ - સાવદ્ય વ્યાપારના ત્યાગસ્વરૂપ છે.

દુઃખ દૂર કરવારૂપ - નિરવદ્ય વ્યાપારના સેવનસ્વરૂપ છે.

## અહિંસાના બે રૂપ : સંયમ અને તપ.

સંયમ એ સંવર - સંકોચરૂપ તથા તપ નિર્જરારૂપ છે.

મનને પ્રભુસ્મરણમાં એકાગ્રતાથી જોડવું અને અન્ય વિચારોને તિલાંજલિ આપવી, તે માનસિક તપ.

આયંબિલ તપ કઠિન છે, તેટલું જ વધુ મંગળકારી છે.

અહિંસા અને સંવર એ નિર્જરાનું મૂળ છે તથા જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ અહિંસાનું મૂળ છે.

## અહિંસા - સંયમ - તપના પ્રભાવે શું થાય ?

અહિંસાના પ્રભાવે અંતરમાંથી રાગ-દ્વેષ, માયા-અહંકાર ઓછા થાય, ચિત્તમાં વાત્સલ્યજન્ય પ્રસન્નતાનો સ્વયં પ્રભુ આત્માનુભવ થાય અને જીવનમાં વિશ્વમૈત્રીની ભાવનાની પ્રતિષ્ઠા થાય, તો જ ધર્મરક્ષા સાર્થક ઠરે. અહિંસાનો અર્થ છે અદ્વેષ - કોઈનું બૂરું ન ઈચ્છવું તે.

સંયમના પ્રભાવે વાસનાનો પરાજય થાય, વિલાસ તરફ દોડતું મન વૈરાગ્ય તરફ ફરતું લાગે અને ચિત્તમાં સમતારસની સરિતા વહેતી લાગે.

તપના પ્રભાવે ચિત્તમાંથી કષાય અને ક્લેશો ઓછા થાય, કર્મના બંધનો ઢીલા પડતાં લાગે અને નિર્મળતા, સરળતા, સહૃદયતાનો પ્રાદુર્ભાવ થતો દેખાય. એમ ન થાય, તો તળાવે જાય છતાં તરસ્યા રહ્યાં જેવું બને.

અહિંસાનું સાધન જીવો પ્રત્યે મૈત્રીભાવ છે,
સંયમનું સાધન પુદ્ગલરાશિ પ્રત્યે વૈરાગ્યભાવ છે,
તપનું સાધન આત્મદ્રવ્ય પ્રત્યે રમણ + ભક્તિભાવ છે.

પુણ્ય - પાપને પોતાના ન માનતાં માત્ર સાધકપણે પોતાને જૂદી આકૃતિ 'છે તેવા સ્વભાવે' રાખવો, તે જ સાચી અહિંસા છે.

પરને મારવાનું કે જીવાડવાનું કોઈ કરી શકતું જ નથી. પરને મારવાના ભાવ તે અશુભ - પાપભાવ અને જીવાડવાના ભાવ તે શુભ - પુણ્યભાવ છે, પરન્તુ તે ખરી અહિંસા નથી. 'હું પરને મારી કે જીવાડી શકું' એમ માન્યું, એટલે પોતાને પરનો કર્તા માન્યો, તેમાં જ સ્વભાવની હિંસા છે. જડ શરીર અને ચૈતન્ય આત્માને જૂદા પાડવા, તે હિંસાની પૂરી વ્યાખ્યા નથી, કારણકે શરીર અને આત્મા તો કાયમ જૂદાં જ છે. તેને જૂદા પાડવાનું કહેવું, તે તો ઉપચાર માત્ર છે.

તેણે ચૈતન્ય આત્માને તેના સાધક શરીરથી જુદો પાડ્યો - જુદો માન્યો, તે જ સ્વહિંસા છે.

પોતાને ભૂલી, જેટલી પરમાં સુખબુદ્ધિ માની, તેટલી સર્વ સ્વહિંસા જ છે.

આત્માના શાશ્વત સ્વભાવને ન માનવો,

પુણ્ય - પાપ કે રાગાદિને પોતાના માનવા,

તે જ સ્વભાવનો ઘાત છે - તે જ સાચી હિંસા છે.

સ્વભાવથી ખસી પર ઉપર લક્ષ કરવાથી જ જીવને પુણ્ય - પાપની વૃત્તિ થાય છે. તે વૃત્તિને પોતાનામાં માને પુણ્ય-પાપરહિતતામાં ખતવવા અગર તેનાથી સ્વભાવનો કાંઈપણ લાભ માનવો, તે જ ચૈતન્યસ્વભાવનું ખૂન છે

અને તે જ પોતાની ખરી હિંસા છે.

## સામાયિક = ભાવમંગળ સ્વરૂપ ધર્મ

સામાયિકધર્મ આચરણમાં અહિંસા, સંયમ, તપરૂપ અને વિચારમાં સમ્યગ્દર્શન - જ્ઞાન - સમ્યક્ચારિત્રરૂપ છે. પ્રવૃત્તિમાં અહિંસા - સંયમ - તપ તથા પરિણતિમાં જ્યારે દર્શન - જ્ઞાન તથા ચારિત્ર મુખ્ય બને, ત્યારે તે ધર્મ ભાવમંગળ સ્વરૂપ બનીને સર્વ દેવોને પણ નમનીય થાય છે. તન - મનની ચિંતા દૂર કરવા માટે તપ ઉપરાંત જપમાં પણ અપૂર્વ શક્તિ કહેવાઈ છે.

## ત્રણ રીતે અહિંસા

(૧) જગતના સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ અનુભવવાની વૃત્તિ.

(૨) મને જેવા સુખ-દુઃખ થાય, એવા જ તે તમામ જીવોને થાય, એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભવવાની વૃત્તિ.

(3) આત્મામાં રહેલ રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ-મદ-મોહ-મત્સરાદિ દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ તે અહિંસા.

અહિંસા, સંયમ, તપ, અનેકાંત અને અપરિગ્રહ -
એ પાંચ વસ્તુઓ જીવનને ઘડનારી છે;
ચારિત્રને ઉચ્ચ બનાવનારી અને પવિત્રતાને પ્રેરનારી છે.

## અહિંસામાં અપવાદ ? ના જી.

અહિંસામાં અપવાદ છે પણ તેનું અનુસરણ ઓછું બને તેમ અને જ્યાં સુધી બને ત્યાં સુધી ન કરવાનો સતત જાગૃતિપૂર્વકનો પ્રયત્ન કરવા માટે પણ તેટલો જ ભાર મૂકવામાં આવ્યો છે. જૈન ધર્મના આ પ્રકારના અહિંસક વલણની મોટી અસર હિંદુ ધર્મ ઉપર થઈ છે, એ તથ્ય છે.

અહિંસાથી કાયાની જતના, સંયમથી ઈંદ્રિયોની અને તપથી મનની જતના થાય તથા આયતનાનો પરિહાર થાય છે.

સંયમ પરભાવવિરમણરૂપ - તપ સ્વભાવરમણરૂપ છે.

એ બે મળીને જ અહિંસા પૂર્ણ થાય છે, માટે જ અહિંસાના પાલન માટે આચરણમાં અનેકાન્ત તથા સાધકના દરેક વિચારમાં અનેકાંત જોઈએ.

'અહિંસા' એટલે જગમાત્ર પ્રત્યે પૂર્ણ પ્રેમ.

આશયનો રાગ-દ્વેષરહિત યોગ એ જતના છે.

જતનાથી કરે, એને દ્રવ્યહિંસા થાય, તો પણ ભાવથી હિંસા ન કહેવાય અને ફળરૂપે દ્રવ્યહિંસાનું પણ નિવર્તન થાય છે, માટે 'અહિંસા' કહેવાય.

ધર્મનું શરણ = અહિંસા, સંયમ અને તપનું શરણ.

જ્યાં જ્યાં હાનિકારક ટેવરૂપ આડખીલ રહે, ત્યાં પહોંચી જઈ એને બાળી સફાચટ કરે, ત્યારે જ અહિંસાગુણ શાંત થાય. સઘળાં કચરાને બાળી શાન્ત-આદેશ થાય, પછી એ મનુષ્યમાં અપૂર્વ શાંતિ પ્રકટે છે.

## અશોકસ્તંભમાં ચાર સિંહ શા માટે?

ચાર સિંહ અહિંસાનું પ્રતીક છે.

'અહિંસા' એટલે શક્તિશાળીઓની સમજણ.

સિંહ શક્તિનું પ્રતીક છે, તે કદી સમૂહમાં રહેતાં નથી.
કીડી, ઘેટાંદિનો સમૂહ હોય છે પણ તે નિર્બળ હોય છે.
શક્તિ અને સામૂહિકતા બંને મળીને અહિંસા બને છે.

'અહિંસા એ કંઈ નિર્બળોનો આશ્રય નથી'

એમ ચાર સિંહનો સમૂહ કહે છે.

## અહિંસા, સંયમ અને તપ સાથે અસ્તિત્વ

સંયમ = સ્વરૂપાસ્તિત્વ, અહિંસા = સાદૃશાસ્તિત્વ,

તપ = શુદ્ધ સત્તા રૂપે અસ્તિત્વ.

## અહિંસાધર્મના પાલન માટે સાધન કયા?

અહિંસાસ્વરૂપ ધર્મના પાલન માટે સુખમાં સંયમ
અને દુઃખમાં તપ યા સહિષ્ણુતા - એ બે સાધન છે.
સુખ અને દુઃખ ઉભય પ્રસંગો ધર્મમય બને,
એ માટે સંયમ અને તપ - ઉભયની જરૂર છે.

## હિંસા અને અહિંસાનું અર્થરહસ્ય

અહિંસા અમૃત છે, હિંસા વિષ છે.

અહિંસા જીવન છે, હિંસા મરણ છે.

અહિંસા કોમળ વૃત્તિ છે, હિંસા ક્રૂર વૃત્તિ છે.

અહિંસા ધર્મ છે, હિંસા અધર્મ છે.

અહિંસા પ્રકાશ છે, હિંસા અંધકાર છે.

અહિંસા એટલે જ્ઞાન, અહિંસા એટલે દર્શન,

અહિંસા એટલે ચારિત્ર, અહિંસા એટલે ક્ષમા,

અહિંસા એટલે માર્દવ, અહિંસા એટલે આર્જવ.

જ્યાં અહિંસા છે, ત્યાં જ્ઞાનાદિ સઘળા ગુણો વસે છે.

જ્યાં અહિંસા નથી, ત્યાં એક પણ ગુણ નથી.

હિંસા પાપકર્મ છે, અહિંસા તેનો પ્રતિપક્ષ ધર્મ છે.

જગતને આત્મા તરીકે સ્વીકારવાથી અહિંસાધર્મની,

પોતાને આત્મા તરીકે સ્વીકારવાથી સંયમધર્મની અને

પરમાત્માને આત્મા તરીકે સ્વીકારવાથી તપધર્મની

ઉત્તમ રીતે આરાધના થાય છે.

## ત્રણ પ્રકારે અહિંસકભાવ

પોતાના જ્ઞાનાદિ ભાવપ્રાણ, પરના દ્રવ્ય - ભાવપ્રાણ
અને સ્વપર ઉભયના દ્રવ્ય - ભાવપ્રાણની રક્ષા.

અહિંસકભાવ વૃત્તિમાં આવવો જોઈએ.

વૃત્તિની અહિંસામાં હિંસાની યોજનાનો જ નાશ થઈ જાય છે.
વૃત્તિની અહિંસા સર્વ પ્રત્યે પ્રેમ કરવાનું શીખવે છે.
અહિંસા, ઈંદ્રિયસંયમ તથા કષાયનિગ્રહમાં સમાયેલ છે.
સંયમ આત્માની અંદર લઈ જાય, અસંયમ બહિર્મુખ બનાવે.
સંયમથી પ્રાણશક્તિ વિકસે, અસંયમથી તેનો નાશ થાય.
પ્રાણશક્તિથી વીર્યવૃદ્ધિ, તેથી સંયમ વીર્યવૃદ્ધિનો હેતુ છે,
અધ્યયન એ જ્ઞાનવૃદ્ધિનો હેતુ છે અને તપઃશક્તિ એ
જ્ઞાનગુણ તથા વીર્યગુણ ઉભયના વિકાસસ્વરૂપ છે.

પરોપકાર ભેદભાવને વિકસાવે છે, તેથી
પરોપકાર અહિંસાસ્વરૂપ અને પરાપકાર હિંસારૂપ છે.
પરાપકારની બુદ્ધિ હિંસા છે, તેથી તે સંસારની સર્જક છે,
પરોપકારની બુદ્ધિ અહિંસા છે, તેથી તે મોક્ષની સર્જક છે.

સંયમ એટલે શબ્દમાં પ્રાણનિરોધરૂપ છે.

સંયમ એ કાયા વડે અહિંસાદિ પાંચ વ્રતરૂપ,
વચન વડે શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયોના નિગ્રહરૂપ અને
મન વડે ક્રોધાદિ ચાર કષાયના નિગ્રહરૂપ છે.

મન - વચન - કાયાના દુષ્ટ વ્યાપાર કયા ?

મનના દુષ્ટ વ્યાપાર કષાયાદિ, વચનના દુષ્ટ વ્યાપાર
અસત્યાદિ અને કાયાના દુષ્ટ વ્યાપાર હિંસાદિ છે.

દુષ્ટ કાયનિરોધ, દુષ્ટ પ્રાણનિરોધ અને
દુષ્ટ મનોનિરોધ - એ ત્રણ પ્રકારના સંયમ અહીં
ઇંદ્રિય, કષાય અને મનોનિરોધ દ્વારા સધાય છે.

૧૦ પ્રાણ = ૫ ઇંદ્રિય, ૩ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ.

એ દશે પ્રાણોનો નિરોધ અહિંસાદિ, બ્રહ્મચર્ય અને
ક્ષમાદિ ધર્મોના આસેવન દ્વારા થાય છે.

સંયમ સંકોચરૂપ છે અને તપ વિકાસરૂપ છે.
સંકોચ = સંવરરૂપ સંયમ. વિકાસ = વ્યાપારરૂપ તપ.
અહિંસા એટલે શક્તિ છે અને તે સામ્યસ્વરૂપ છે.

અહિંસા માનવમાં અદ્વૈત ભાવ પેદા કરે છે, તેથી
અહિંસાનો સાધક આનંદ બની જાય છે.

નિશ્ચયનયનો વિચાર એટલે કે એકતાનો વિચાર,
તે અહિંસાની સાધના માટે ઉપયોગી નિવડે છે.
વ્યવહારનો વિચાર એટલે કે ભેદનો વિચાર,
તે તપ અને સંયમની સાધનામાં પ્રેરક બને છે.
અસત્ પ્રવૃત્તિ રોકવાથી અને સત્ પ્રવૃત્તિ વિકસાવવાથી
પર્યાયગત અશુદ્ધિને દૂર કરવાની સાધના થાય છે.
અસત્‌ને રોકવું, તે સંયમ અને સત્‌ને સેવવું, તે તપ.
એકતાનો વિચાર અહિંસાને પોષે છે તથા
અનેકતાનો વિચાર સંયમ અને તપને વિકસાવે છે.
સંયમથી ઇંદ્રિયો - તપથી ભૌતિક શરીરનું તાદાત્મ્ય છૂટે.
ભૌતિક શરીર સાથે સ્વયંને એક માનવાની ભ્રાંતિ
એ જ રોગ છે. બધા જ રોગ એનાથી પેદા થાય છે.
ઇંદ્રિયો સાથેના તાદાત્મ્યને તોડવાથી સંયમનો તથા અહંકાર
સાથેના તાદાત્મ્યને તોડવાથી અહિંસાનો આરંભ થાય છે.

અહિંસા એ ધર્મમંદિરનો પાયો,
સંયમ એ ધર્મમંદિરની દિવાલ અને
તપ એ ધર્મમંદિરનું શિખર છે.

તપ કરવામાં મનનું અને આત્માનું બળ કેળવાય છે.
કર્મમળ બાળવા માટે તપને અગ્નિની ઉપમા છે.
આત્માની અનંત શક્તિઓ તપથી પ્રગટ થાય છે.
બાહ્ય તપ એ આંખે જોઈ શકાય તેવું અને
અભ્યંતર તપ મનથી થઈ શકે તેવું હોય છે.

ઈચ્છાઓનો ત્યાગ તે ઉત્કૃષ્ટ તપ છે.

તપ એ સંયમરૂપી વૃક્ષનું રક્ષાકવચ છે.
'સંયમ' એટલે મન - ઈંદ્રિયનો નિગ્રહ.
સાચા તપની સામે શત્રુતા ટકી શકતી નથી.
તપ મનના તાપને શમાવે - શાંતિનું સામ્રાજ્ય સ્થાપે.
'તપ' એટલો વિશાળ શબ્દ છે કે
તેમાં દેહ, વાણી અને મન ઉપર
સંયમ મેળવવાનાં બધાં સાધનો સમાઈ જાય છે.

## મોક્ષમાર્ગની આરાધનાના ત્રણ મુખ્ય અંગો :
## અહિંસા, સંયમ અને તપ.

મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સ્વબુદ્ધિ છંદનો ન મૂકે, ત્યાં લગી તેની મુક્તિ નહિ. નમ્રતાની પરાકાષ્ઠા એટલે અહિંસા વિના મુક્તિ નહિ, એ અનુભવસિદ્ધ હકીકત છે.

અહિંસામાં સ્વદોષપરિક્ષાલનની મુખ્યતા હોવાથી
મુખ્યત્વે પુણ્યાનુબંધી પુણ્ય થાય છે.
સંયમથી આસ્રવદ્વારનો નિરોધ થવાથી
મુખ્યત્વે સંવરધર્મનું સેવન થાય છે અને
તપથી પ્રકૃષ્ટ કર્મની નિર્જરા થાય છે.

અહિંસા, સંયમ અને તપ - ત્રણેનું ફળ મોક્ષતત્ત્વ છે.

સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્યાનુબંધી પુણ્ય સપ્રતિપક્ષ પ્રકૃતિઓ દ્વારા નવતત્ત્વ સ્વરૂપ બને છે.

જીવ - અજીવ, પુણ્ય - પાપ, આસ્રવ - સંવર, વેદન - નિર્જરા, બંધ અને મોક્ષ. એ રીતે નવ તત્ત્વનો સંગ્રહ અહિંસા, સંયમ અને તપધર્મમાં થઈ જાય છે.

# અહિંસાની પ્રતિજ્ઞા કઈ રીતે પૂર્ણ થાય ?

જે બીજાને આનંદ આપે છે, તે આનંદ પામે છે.
તે લક્ષે ભાવનામાંથી જ અહિંસા અને મૈત્રી જન્મે છે.
અહિંસા મનુષ્યના મનની શ્રેષ્ઠ વૃત્તિ, વિચાર, ભાવના છે.
કોઈ જીવની હિંસા ન કરવી, ન કરાવવી, કરતાંને સારી
ન માનવી. મનથી ન કરવી, કરે તેને મનથી 'ન કરો'
ચિંતવવું. કરતાં હોય તેનું મનથી અનુમોદન ન કરવું.

એ રીતે વચનથી પણ ન કરવાની સાથે
'ન કરો' કહે અને કરતાંને 'સારા નહિ' કહેવું.

કાયાથી પણ ન કરવાની સાથે
કરતાં હોય, તેને રોકવા અને જે કરતાં હોય, તેને
સારા ન માનવાથી અહિંસાની પ્રતિજ્ઞા પૂર્ણ થાય છે.
અહિંસાથી યુદ્ધવિરામ, અનેકાંતથી વાક્કલહ શાંત તથા
અપરિગ્રહથી વાદો શમે. આજે શાંતિ અને આત્માની
ખોજમાં રહી પ્રભુનું સાંનિધ્ય ઝંખે છે, તે અહિંસા,
અનેકાંત અને અપરિગ્રહવાદથી જ સિદ્ધ થઈ શકે છે.

શ્રી જૈનશાસનમાં અહિંસા એ પ્રધાન ધર્મ છે તથા
સંયમ અને તપ - તેના જ બે અંગ છે.

સંયમથી સંવર અને તપથી નિર્જરા થવા છતાં
અહિંસા સિદ્ધ થાય છે. અહિંસા એટલે તોષ - સંતોષ.
અહિંસા સર્વ સુખોનું મૂળ છે, સુખ સર્વને પ્રિય છે.

ઈશ્વરનું નામજપ છે નૌકા.

સંસારરૂપી નદીના કાંઠે પહોંચવા માટે ફડીયા જેવા
સ્થૂળ - સાંસારિક પદાર્થો ઉપર આધાર નહીં રાખતાં
સૂક્ષ્મ દોરી જેવા ઈશ્વરના નામ ઉપર આધાર રાખશો,
તો નિઃશંકપણે સંસારનદીને પાર ઉતરશો. તેમાં પાર
ઉતરવાના પ્રકાશ માટેની લાલજ્યોતિ તે અહિંસા છે.

અહિંસા એ ધર્મનો આત્મા, તપ એ શરીર,
સંયમ એ બંનેને જોડતો પ્રાણ છે. સંયમરૂપી શ્વાસ તૂટી
જાય, તો અહિંસા અને તપ હોવા છતાં ધર્મ નહીં રહે.
તપ વડે ઇચ્છાનિરોધ - કષાયનું શમન અને સંયમ
વડે યોગનિરોધ અને ઇંદ્રિયોના વિષયોનું શમન થાય છે.

હિંદુ ધર્મ આસક્તિના નિવારણાર્થે,
બૌદ્ધ ધર્મ તૃષ્ણાના નિવારણાર્થે અને જૈન ધર્મ હિંસાના
નિવારણાર્થે પ્રવૃત્તિઓને પાળવાનો માર્ગ બતાવે છે.

પ્રમાદ અને આસક્તિ એ હિંસાનું મૂળ છે.
પરિગ્રહ મેળવવા તથા તેનો સંગ્રહ કરવામાં હિંસા છે,
તેથી અપરિગ્રહ પણ અહિંસાનું મૂળ છે.
સર્વ જીવ જીવવા તથા સુખ મેળવવા ઇચ્છે છે,
તો પછી કોઈ પણ જીવની હિંસા કેમ થાય? કોઈને
દુઃખ થાય, તેવું વર્તન, વાણી કે વિચાર પણ કેમ થાય?
This is true reverence for all life.
સંયમ એ અહિંસાનું જ બીજું સ્વરૂપ છે.
'સમયા સવ્વ ભૂએસુ સત્તુ મિત્તેસુ વા જગે ।'
અર્થાત્ : જગતમાં શત્રુ કે મિત્ર -
સર્વભૂત જીવો પ્રત્યે સમતા રાખવી, તે સંયમ જ છે.
તપ એ અગ્નિ છે, કર્મમળને બાળી નાંખે છે.
અસંયમી જીવનમાં કામભોગોમાં હિંસા છે.

## નમસ્કાર ધર્મના ચાર પ્રકાર

(૧) અહિંસા ધર્મ: પોતાથી થયેલ ભૂલની ક્ષમા માંગવી અને બીજાની ભૂલની ક્ષમા આપવી, એ નમસ્કાર ધર્મ.

(૨) સંયમ ધર્મ: વિષયો પ્રત્યે નમનશીલતાનો ત્યાગ કરી, પંચપરમેષ્ઠિઓ પ્રત્યે તેને જોડવી, એ નમસ્કાર ધર્મ.

(૩) તપ ધર્મ: બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણાવાળા ન બનીને આત્મતૃપ્ત રહેવાનો અભ્યાસ કરવો, એ નમસ્કાર ધર્મ.

(૪) ભાવ ધર્મ: જાતિ - કુળ - રૂપ - બળ - લાભ - બુદ્ધિ - યશ - વૈભવ આદિ સર્વ પ્રકારના ઔદયિક ભાવો પ્રત્યે નમ્રભાવ - અહોભાવ - પ્રીતિભાવ છે, તે ધર્મરૂપ નહિ.

'अप्पाणं वोसिरामि ।'

એ પદથી કષાયાત્માનો ત્યાગ થાય છે.

જીવરક્ષાનો પરિણામ તે અહિંસા,

ઇંદ્રિયનિરોધ તે સંયમ અને મનોનિરોધ તે તપ,

એ રીતે નમસ્કારભાવની સાધનામાં

તપ - સંયમ - અહિંસાની સાધના પણ રહેલી છે.

## નમસ્કારનો પર્યાય અહિંસા, સંયમ અને તપ.

અહિંસામાં બધા જીવો પ્રત્યેનો તાત્ત્વિક સમભાવ છે,
સંયમ અને તપ અહિંસાની સિદ્ધિ માટે અનિવાર્ય છે.

પાંચે ય ઈંદ્રિયોને કાબૂમાં રાખવી, તે સંયમ છે અને
મનને કાબૂમાં રાખવું, તે તપ છે. ઈંદ્રિયો અને મનને
અંકુશમાં રાખ્યા સિવાય અહિંસા પળાતી નથી અને

અહિંસાને પાળ્યાં વિના તો નમસ્કારધર્મની
આરાધના ફળપ્રદ થતી જ નથી. અહિંસાના પાલનમાં
પ્રભુની આજ્ઞાની આરાધના છે. પ્રભુઆજ્ઞાનું રહસ્ય

જીવમાત્રને આત્મસમ સ્વીકારવામાં છે.

નમસ્કાર વડે અહિંસા - સંયમ - તપની પ્રશંસા તથા
અહિંસક, સંયમી અને તપસ્વીઓની પૂજા થાય છે.
નમસ્કારનો સંક્ષિપ્ત અર્થ પૂજા અને પ્રશંસા છે. નવકાર
મંત્ર વડે ધર્મીઓની પૂજા અને ધર્મની પ્રશંસા થાય છે.

અહિંસા એ સાધકની યોગ્યતા છે.

સંયમ દ્વારા સાધના તથા તપ દ્વારા સિદ્ધિ થાય છે.

## અહિંસા એટલે...

જાતની ઉપસ્થિતિ એટલી પૂરી રીતે ઉપસ્થિત હોય,
કે મારી ઉપસ્થિતિથી તેમાં કોઈ અડચણ ન પડે તે.
તેથી અહંકાર હિંસા છે અને નિરહંકાર અહિંસા છે.
'જે થઈ રહ્યું છે, તે નહીં પણ આપે જે
ઇચ્છાઓ છાવરી તે પામો' એ અહંકારનું જીવન છે.
પરિવર્તન માટે જરાપણ ચેષ્ટા નહીં, ગહનતમ અનુપસ્થિતિ
અર્થાત્ જીવન છે તો ઠીક છે, મરણ છે તો ઠીક છે,
સમાન સ્થિતિનો અનુભવ તે નિરહંકારતા છે.
કાંઈપણ કરવું તે હિંસા છે, અકર્મ તે અહિંસા છે.
'As it is - એ ઠીક છે' એ અહિંસાનું સ્વરૂપ છે.
આખી દુનિયાનું ધ્યાન આપણા ઉપર કેન્દ્રિત બની રહે,
એ આપણી ચેષ્ટા અને આકાંક્ષા છે, આ જ હિંસા છે,
જેટલી વાસના વધારે, તેટલી હિંસા વધારે.
વાસનામુક્તિ તે અહિંસા. No lust for life.
અનેષણાત્મક જીવન તે અહિંસા.

## અહિંસા એટલે...

પોતાના અલગ વ્યક્તિત્વની ચિત્તમાં અનુપસ્થિતિ
અને જીવનના બૃહદ્ વ્યક્તિત્વની ઉપસ્થિતિ કે
જીવની સાથેના પોતાના આત્મીય સંબંધની સ્મૃતિ.
અહંકાર એ જ હિંસા - નિરહંકારતા એ અહિંસા છે.

અહિંસાનો અર્થ નિરહંકારિતા,
સંયમનો અર્થ શ્રેષ્ઠતરની પ્રાપ્તિ અને
તપનો અર્થ ભેદવિજ્ઞાન - તત્ત્વજ્ઞાનની અનુભૂતિ.

'અહિંસા' એટલે અનુપસ્થિતિ, કોઈના રસ્તામાં મારું હોવું વ્યવધાન ન બને તે. 'હિંસા' એટલે ઉપસ્થિતિનો અનુભવ કરાવવા માટેના પ્રયત્ન. 'રાજનીતિ' એટલે કે 'હું છું' એનું જીવને સતત ભાન આપતાં રહેવું.

o

If you want to practice Ahimsa, you should put up with insults, rebukes, criticisms and assaults.

## શેના વડે શું સધાય ?

અહિંસા વડે મનઃશુદ્ધિ (purification) સધાય છે,
સંયમ વડે મનોનિગ્રહ (control) સધાય છે અને
તપ વડે મનોમૃત્યુ (Absorption) સધાય છે.

અહિંસા એ સર્વ મંગલોનું માંગલિક છે અને
સ્યાદ્વાદ એ સર્વ કલ્યાણોનું ભંડાર છે.
એ બેનું જ્યાં સક્રિય પાલન છે, ત્યાં
સર્વ ધર્મોમાં અગ્રેસરપણું આપોઆપ સિદ્ધ થાય છે.
સમ્યક્ત્વપૂર્વક અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ નિયમો અને
ધ્યાનાદિ ક્રિયાઓનું અનુષ્ઠાન તે મોક્ષમાર્ગ છે.

## કોને કોઈપણ પાપ સ્પર્શી ન શકે ?

અહિંસા = ત્રણે જગ ઉપર કાબુ.
સંયમ = પાંચ ઈંદ્રિયો ઉપર કાબુ.
તપ = ધ્યાન દ્વારા શ્વાસોચ્છ્વાસ ઉપર કાબુ.
અહિંસા વડે કાયગુપ્તિ, સંયમ વડે વચનગુપ્તિ અને
તપ વડે મનોગુપ્તિ સધાય છે.

અહિંસા અને સત્યના પાલનથી આત્માભ્યાસ વધે છે,
સંયમ અને તપના સેવનથી દોષાભ્યાસ ઘટે છે.

સત્ય અને અહિંસાથી જ્ઞાન ટક્યું છે, તે જેટલે દરજ્જે વધે, તેટલે દરજ્જે દુઃખ ઘટે છે અને સુખ વધે છે.

સંયમ એટલે...

Moderation, બંને પ્રકારના 'અતિ'નું વર્જન અને મધ્યમ માર્ગરૂપ માધ્યસ્થ્ય - પાશવિક પ્રવૃત્તિ અથવા ભૌતિક વિકૃતિથી બચવું, તે સંયમ - સંસ્કૃતિરૂપ છે.

સુખમાં સંયમ અને દુઃખમાં તપના આરાધન વડે જ
નિત્ય અહિંસાનું પાલન શક્ય છે.

વર્તન વગરની ઉચ્ચ વિચારસરણી પણ વંધ્ય છે. વિચારનું ફળ વર્તન છે. સમ્યક્ વર્તન જ્યાં હોતું નથી, ત્યાં વિચાર એ માત્ર વલ્ગના અને બુદ્ધિનો વિલાસ છે.

અહિંસા એ મૈત્ર્યાદિ ભાવોનું સાચું ફળ છે,
કેમકે તે સમ્યક્ત્વ વિરતિને ખેંચી લાવે છે.

જ્ઞાનનું ફળ સંયમ અને તપ છે.

## અહિંસાદિ આચાર શા માટે પાળવાના ?

સઘળી ધર્મપ્રવૃત્તિઓ ઋણ મુક્ત્યર્થે જ કરવાની છે.
કૃતજ્ઞતા અને ઋણાનુભૂતિ અનિવાર્ય છે.
ભવચક્રમાં ભમતાં ભમતાં આપણો જીવ અનેકના ઉપકાર તળે આવ્યો છે અને વળી અનેક ઉપર તેણે અપકાર કર્યો છે તથા હજુ કર્યા જ કરે છે. એ બંને પ્રકારના ઋણમાંથી મુક્ત થવા માટે અને નવું ઋણ ન ઉપાર્જન થાય, માટે અહિંસાદિ આચાર પાળવાના છે.
ઋણાનુભૂતિનો આ અધ્યવસાય ચિત્તશુદ્ધિ કરે છે અને
શુદ્ધ ચિત્તમાં પરમાત્માના ગુણોનું અને પરમાત્માનું પ્રતિબિંબ પડે છે, તે દ્વારા પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે અને એ ભાન જ જીવનું ભવભ્રમણ નિવારી આપે છે, તેથી જ કહ્યું છે કે:
આત્માને અજ્ઞાનથી થયેલું દુઃખ આત્મજ્ઞાન વડે જ હણાય,
આત્મજ્ઞાન વિના કરાયેલ તપ વડે તે દુઃખ છેદાતું નથી.

- યો૦ પ્ર૦ શ્લો૦ ૩

શ્રી રાતા મહાવીર તીર્થ, ગઢૂવર, તા. ૨૭-૪-૭૫
સં. ૨૦૩૧, ચૈત્ર સુદી ૬, શાશ્વતી ઓળીનો પ્રથમ દિવસ

દાનાદિ ચાર પ્રકારના ધર્મનું વર્ણન

'ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા - સંજમો - તવો ।
દેવાવિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો' ॥૧॥

આ ગાથામાં અહિંસા = અભયદાન રૂપ છે.
સંયમ = નિર્મળ શીલ રૂપ છે.
તપ = બાહ્ય તથા અભ્યંતર તપ રૂપ છે.
સયા મણો = ભાવધર્મ છે.

ધર્મ એટલે અહિંસા - સંયમ - તપ, કેમકે...
અહિંસા એટલે મૈત્રી આદિ
શત્રુ - મિત્ર પ્રત્યે સમાન તથા સાદૃશ્યાસ્તિત્વ સ્વીકાર,
સંયમ એટલે સુખ - દુઃખ પ્રત્યે સમાન રહેવું તે અને
તપ એટલે લાભ - ક્રિયા પ્રત્યે સમાન રહેવું તે.
વિશ્વના તમામ પ્રાણી આત્મતુલ્ય છે.
સૌ પ્રાણી માટે કલ્યાણનો માર્ગ અહિંસા, સંયમ, તપ છે.

## અહિંસા - સંયમ - તપધર્મની ઉત્પત્તિનું મૂળ શું ?

(૧) અહિંસાધર્મનું ઉત્પાદક છે ઉપયોગ અને ઉપગ્રહ,
સ્વરૂપ અંતરંગ તથા બહિરંગ લક્ષણનું ચિન્તન.

(૨) સંયમધર્મની ઉત્પત્તિનું મૂળ છે,
દ્રવ્ય - ગુણ - પર્યાયથી આત્મતત્ત્વનું ચિન્તન.

(૩) તપધર્મની ઉત્પત્તિનું મૂળ છે,
ધ્યેયભૂત વસ્તુને માધ્યમ બનાવી આત્માનું ધ્યાન કરવું,
તે ધ્યાનતપ છે. તપ દ્વારા આહારના ત્યાગની સાથે
આત્માને ગ્રહણ કરવાની - પકડવાની ક્રિયા વિહિત છે.

તપ એટલે...

પ્રકૃતિનો વિરોધ - નિરોધ અથવા સંઘર્ષરૂપ દ્વન્દ્વાત્મક
સ્થિતિ નહિ, કિન્તુ સંયમની ઓથ જ પાશવિક અને
આધિભૌતિક પ્રકૃતિનું અતિક્રમણ છે.

તપ તે એક પ્રકારની સ્થિરતા કે સ્થિતપ્રજ્ઞતા છે.
બધાં પ્રકારના આગ્રહો એ હિંસાના જ પ્રકારો છે.
અનાગ્રહ વૃત્તિ એ જ તાત્ત્વિક અહિંસા છે.

## આત્મોત્થાનનો અસલ માર્ગ

(૧) અહિંસા = સક્રિય મૈત્રી.

ક્ષમાશીલ બનવું તે અહિંસા છે. પોતાની ભૂલો પ્રત્યે અનમનશીલતા અને બીજાઓની ભૂલો પ્રત્યે નમનશીલતા – તે અહિંસાનું સક્રિય સ્વરૂપ છે.

(૨) સંયમ = સક્રિય વૈરાગ્ય.

વિષયો પ્રત્યે અનમનશીલતા અને પરમર્ષિઓ પ્રત્યે નમનશીલતા – એ સંયમનું સક્રિય સ્વરૂપ છે.

(૩) તપ = સક્રિય અનાસક્તિ.

સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણારહિતતા અને આત્મતૃપ્તિશીલતા – તે તપનું સક્રિય રૂપ છે.

ચિત્તની સ્થિરતા સંવર સાથે શ્રેષ્ઠ તપ પણ છે.

હિંસા, મૈથુન, પરિગ્રહ આદિ જ આત્મપતન અને અહિંસા, સંયમ અને તપ જ આત્મોત્થાન છે.

માનવ અહિંસાદિ ધર્મ વડે દેવ – દેવાધિદેવ બની શકે છે, ઇન્દ્ર રાજા અને બ્રાહ્મણનો પૂજનીક બની શકે છે.

અહિંસાની નિષ્ઠા - પ્રતિષ્ઠા તેમાંથી જ પ્રાપ્ત થાય છે.
આ સ્થિતિએ પહોંચેલ વ્યક્તિ જ વિવિધ લબ્ધિઓ
થતી અહિંસાની સાધનામાં પ્રેરક બળ બની રહે છે.
ત્રણે કાળ અને ત્રણે લોકમાં એક જ આત્માની શ્રદ્ધા
જ્યારે સ્થિર થાય, ત્યારે અંદરથી નિર્વિકલ્પતા અને
બહારથી પરમ અહિંસા સધાય છે. બન્ને દૃષ્ટિથી પૂર્ણ
અહિંસામાં પરિણમન પામી પોતાની સાર્થકતા અનુભવે છે.
ધર્મની પરમ - ચરમ પ્રતિષ્ઠા અહિંસામાં અનુભવાય છે.
અહિંસાનું તાત્પર્ય દૈશિક અને કાલિક અનુભવાય છે.
અભેદનું ભાન અહિંસામાં પરિણમન પામે છે.

અહિંસાનો આધાર અથવા પાયો
આપણી આંતરિક એકતાનું ભાન છે.

આપણે એ વિષે વિચાર કે ચિન્તન બિલકુલ જ ન કરીએ,
તો અહિંસાના ઉચ્છેદકો જ જડ બનીએ, તો નવાઈ નહિ.
હિંસા વિષય - કષાયને પોષક અસત્ કે પાપશાસ્ત્ર છે.
તે રાગ-દ્વેષ - મોહની વૃદ્ધિ કરનાર છે.

## અહિંસાનું સ્વરૂપ - સારબિન્દુ (ઉપા. યશોવિજયજી)

(1) અહિંસાધર્મની પ્રતિષ્ઠા આત્મૌપમ્યની દૃષ્ટિમાંથી થઈ છે.

(a) અહિંસા સિદ્ધાંતની ઉપપત્તિ:

દુઃખ અને ભયનું કારણ હોવાથી હિંસા માત્ર વર્જ્ય છે.

(b) અહિંસાનું વિશ્લેષણ : પ્રાણનાશ અને દુઃખ દેવું એ હિંસા છે, તો પણ હિંસા કરવાથી દોષ લાગે છે તેનો આધાર માત્ર પ્રમાદ અર્થાત્ રાગદ્વેષાદિ જ છે.

(c) અહિંસાનો કોટિક્રમ: હિંસા થાય, તે વધ્ય જીવોનું કદ, સંખ્યા કે ઇંદ્રિયાદિની સંપત્તિના તારતમ્ય ઉપર હિંસાના દોષનું તારતમ્ય નહિ, પરન્તુ હિંસાના પરિણામ અર્થાત્ વૃત્તિની તીવ્રતા-મંદતા, સજ્ઞાનતા - અજ્ઞાનતા, બલપ્રયોગની ન્યૂનતા - અધિકતાદિ પર અવલંબિત છે.

(2) જૈન અહિંસાની વિશેષતા

(a) નવકોટિક અહિંસા : મન - વચન - કાયાથી કૃતકારિત અનુમોદિત હિંસાનો ત્યાગ અર્થાત્ પૂર્ણ અહિંસાનો વિચાર.

(b) અનેકવિધ ધાર્મિક હિંસાનો પ્રબલ વિરોધ.

(c) અન્ય આગમો કરતાં જૈન આગમનું ત્યાગી જીવન
વિશિષ્ટ નિયંત્રિત, પ્રાસુક, એષણીય, અનુદ્દિષ્ટ,
અકૃતકારિતાનુમત, હનન-પચન-કદનાદિથી રહિત હોય છે.

(3) અહિંસાનું શુદ્ધ સ્વરૂપ

સ્થૂળ સજીવ હોય યા નિર્જીવ,
જીવ ઘાતક બનતો હોય કે અઘાતક,
એટલા માત્રથી હિંસા-અહિંસાનો નિર્ણય નથી, વસ્તુતઃ
પ્રમાદ, અયતના, અસંયમમાં જ હિંસા છે, પછી ભલે કોઈ
જીવનો ઘાત ન પણ થતો હોય. જો અપ્રમાદ અથવા યતના
(સંયમ) સુરક્ષિત હોય, તો જીવઘાત દેખાતો હોવા છતાં
વસ્તુતઃ તે અહિંસા જ છે.

(૪) અહિંસા સંબંધી બધા અપવાદોનો આત્મા
નીચેના બે તત્ત્વોમાં આવી જાય છે:

(a) ગીતાર્થત્વ અર્થાત્ પરિણત શાસ્ત્રજ્ઞાન,
જે જીવનના અનુભવથી પરિપક્વ થયું હોય.

(b) કૃતયોગિત્વ અર્થાત્ ચિત્તસામ્ય યા સ્થિતપ્રજ્ઞતા.

## (૫) જૈન અને વૈદિક અહિંસાની તુલના:

(a) જૈન : સવ્વેપાણા ન હંતવ્વા | સર્વ પ્રાણી ન હણવા જોઈએ.
વૈદિક : 'મા હિંસ્યાત્ સર્વભૂતાનિ |' સર્વ જીવોને ન હણ.

(b) જૈન : સાધુ જીવનની અશક્યતાનો પ્રશ્ન.
વૈદિક : અહીં આશ્રમના સર્વ પ્રકારના અધિકારીઓના જીવનની તથા તત્સંબંધી કર્તવ્યની અશક્યતાનો પ્રશ્ન.

(c) જૈન : શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં હિંસાદોષનો અભાવ નિષિદ્ધાચરણ જ હિંસા.
વૈદિક : શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં હિંસાદોષનો અભાવ નિષિદ્ધાચરણ જ હિંસા.

(d) જૈન : છેવટનો અહિંસાનો મર્મ જિનાજ્ઞા અર્થાત્ જૈન શાસ્ત્રના યથાવત્ અનુસરણમાં જ છે.
વૈદિક : અહિંસાનું તાત્પર્ય વેદ અને સ્મૃતિઓની આજ્ઞાના પાલનમાં છે.

(e) જૈન : જૈન વિચારસરણી સાધુ અથવા પૂર્ણ ત્યાગીના જીવનને લક્ષ્યમાં રાખીને પ્રતિષ્ઠિત થઈ છે.

વૈદિક : માંસાહાર અને સમાતોની અહિંસા સંબંધી
વિચારસરણી ગૃહસ્થ અને ત્યાગી, સૌના દરેકના
જીવનને કેન્દ્રસ્થાનમાં રાખી પ્રચલિત થઈ છે.

જૈન શાસ્ત્રોમાં અહિંસા ખાસ કરીને શ્રમણ જીવનના
વિધિનિષેધનું પ્રતિપાદન કરે છે. વૈદિક શાસ્ત્રોમાં અહિંસા
વૈયક્તિક, કૌટુંબિક અને સામાજિક, ધાર્મિક, રાજકીય
વગેરે સર્વ કર્તવ્યોનું - વિધિનિષેધોનું પ્રતિપાદન કરે છે.

માંસાહારીઓએ વેદ વિહિત હિંસાને છૂટી દઈ
જાતિની હિંસામાં અનિષ્ટ દૂષણું ઉપરછલ્લું માન્યું છે.

અહિંસાનું શા માટે પાલન કરવું?

તો એનો એક જ જવાબ છે કે:

'જગતના જીવોમાં કોઈપણ જીવ એવો નથી,
જેને દુઃખ કે પીડા પસંદ હોય.'

આપણને પોતાને પણ દુઃખ કે પીડા પસંદ નથી,
તો પછી આપણે શા માટે બીજા જીવને પીડવા?
અહિંસા વગેરે ધર્મકરણી ચિત્તની પ્રસન્નતા માટે છે.

## અહિંસા is His idea.

We ourselves limit the answer to our prayers when we are selfish and unloving. Practicing unforgiveness is one of the selfish ways. One of the God's greatest gifts is idea of અહિંસા.

## Ahimsa is divine.

This wonderful quality of heart transmits a man into divinity. He, who is established in Ahimsa, is like God himself.

The power of Ahimsa is far greater than that of intellect. It is easy to develop the mind, but is difficult to culture the heart.

## Why to practice Ahimsa?

Ahimsa is a supreme love.
It is soul-force.
The force of Ahimsa is infinitely more and subtler than that of electricity or magnetism. There's no power greater than Love or Ahimsa.
Practice of Ahimsa is the same as the practice of divine life.
Hate melts when Love is present.
It should be practised by all.
He who practises it with real faith, can move whole world, tame the wild animals, win the hearts of all and subdue his enemies.

Ahimsa is great Universal vow.
Non-injuring is the highest religion.
Neither was there nor will there be a higher gift than the gift of life.
The law of Ahimsa is as much exact and precise as the law of gravitation. You must know the way to apply it intelligently with scientific accuracy.
If you are able to apply it with exactitude and precision, you can work wonders.
'Ahimsa' means refraining from injury to anyone and harmlessness in the conduct.

'હિંસા' શબ્દ ઉપરથી 'હિંદ' શબ્દ બન્યો છે.

પરઘાતરૂપ હિંસા આત્મઘાતનું કારણ છે.

મલિન પરિણામથી પ્રમાદરૂપ પરહિંસાના વિચાર-પ્રવૃત્તિ થાય.

મલિન પરિણામ એ જ સ્વહિંસા.

જિનમૂળમાં ધર્મ છે, તેનું કારણ હિંસા નહિ એમ નથી,

કિન્તુ હિંસાથી છૂટવાનો ઉદ્દેશ છે.

પ્રશસ્ત ઉદ્દેશથી થતી દોષવાળી ક્રિયા એ ગુરુ ગણાય છે.

સાધુ આચારનું ઉલ્લંઘન સાધુએ વર્જેલાં

જીવહિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્માદિથી થાય છે.

તે બધાંનો સમાવેશ હિંસામાં થાય છે.

હિંસામાંથી અહિંસા તરફ જવું, તે 'પ્રગતિ' નથી,

વારસાગત હિંસકવૃત્તિઓ ઉપરનો વિજય, તે 'સંસ્કૃતિ'.

હિંસા ટાળવા રાજકીય સ્વતંત્રતા, આર્થિક સમાનતા

અને વિશ્વબંધુતાને સમાજમાં સૌએ પ્રેરવા જોઈએ.

સદ્‌વૃત્તિ, અહિંસકવૃત્તિ, મૈત્ર્યાદિ લાવો,

સામાયિક અને સમત્વ - એ સર્વ સમાનાર્થક છે.

## હિંસાનું મૂળ આત્માનું અજ્ઞાન છે.

અહંકાર, હિંસા, આસક્તિ, કામ, ક્રોધ, લોભ તથા મોહ - એ બધાં લક્ષણ છે, સંકેત છે, બાહ્ય ચિહ્નો છે. બધાનું મૂળ આત્માનું અજ્ઞાન જ છે, તેમ અહિંસા, સત્ય, અકામ, અક્રોધ આદિ પણ લક્ષણ છે, પરન્તુ તે આત્મજ્ઞાનના લક્ષણ કે શબ્દ, સંકેત અથવા ઈશારો છે.

હિંસાથી ધર્મ અને શરીરનો નાશ થાય છે.

અધ્યાત્મનું મંદિર બહારથી ઉકેલવાનું નથી.

બાહ્ય દેખાતા મંદિરનું ઉદ્ગમસ્થળ મનુષ્યનું અંતર છે, એટલે અંતરમાં રહેલા અસદ્વૃત્તિ ઉપર સદ્વૃત્તિનો વિજય અને હિંસકવૃત્તિ ઉપર અહિંસકવૃત્તિ પ્રાધાન્ય મેળવે, તો જ માનવતાનાં મૂલ્યોની પ્રતિષ્ઠા મનુષ્યજાત કરી શકે.

જીવનની અનિવાર્ય જરૂરિયાતોમાં થતી અપરિહાર્ય હિંસાને પણ જો હિંસા માનીએ, તો પરિણામ ભયંકર હિંસામાં આવે, વિશ્વનો વિનાશ થાય, સકલ વિશ્વનો અંત આવે, તેથી અપરિહાર્ય હિંસા તે સ્વરૂપહિંસા છે.

શરીર અને આત્માનો સંબંધ ભેદાભેદ છે તથા
શરીર અને આત્મા પોતે પણ કથંચિત નિત્યાનિત્ય છે.

જીવ-જીવનો સંબંધ પણ ભેદાભેદવાળો અને
જીવપદાર્થ પણ કથંચિત નિત્યાનિત્ય ધર્મવાળો
હોવાથી મૈત્ર્યાદિ ૪ ભાવનાઓમાં અભેદ અંશને મહત્ત્વ
આપ્યું છે, જો તેમ ના કરવામાં આવે, તો 'હણનારને
હણનાર તું તને જ હણે છે' એમ કેમ કહી શકાય?
વળી તેમાં અનિત્ય અંશને પ્રાધાન્ય અપાય છે,
અન્યથા હિંસા થાય જ કેવી રીતે?

અહિંસાદિ વ્રતની સ્થિરતા માટે અભેદ અંશને પ્રાધાન્ય
ન અપાય, તો હિંસાદિ દોષ અટકી જ કેવી રીતે શકે?

સ્વહિંસા વખતે નિત્ય અંશનું મહત્ત્વ અને
પરજીવની હિંસા વખતે અનિત્ય અંશનું મહત્ત્વ,
એ રીતે જે સ્થળે જે અંશને મહત્ત્વ આપવા લાયક હોય,
તે અંશને મહત્ત્વ અપાય, તો જ સંક્લેશનું નિવારણ,
વિશુદ્ધિનું ઉત્પાદન, વ્રતનું સ્થૈર્ય, અવ્રતનો ત્યાગ થઈ શકે.

પાપનું મૂળ હિંસા, દુઃખનું મૂળ અસંયમ અને
કર્મનું મૂળ અસાવધાનતા છે, એમ શાસ્ત્રો કહે છે.
હિંસા એ ભયાનક રોગ છે, કેમકે તેનાથી ધર્મપુરુષાર્થનો
નાશ થાય છે તથા તે શરીરના અનેક રોગોનું કારણ છે.

રાગ-દ્વેષાદિ ઉત્પન્ન કરવા, તે નિશ્ચયથી હિંસા છે,
તેથી શુદ્ધ આત્મપ્રભુની હિંસા થાય છે.

વ્યવહાર હિંસા કરતાં આ નિશ્ચય હિંસા વિશેષ દુઃખરૂપ છે.
પોતાના આત્મિક ભાવપ્રાણની હિંસાથી આત્મલાભ પ્રકટ
થતું નથી. મિથ્યાત્વ, અવિરતિ, વિષય-કષાયના પરિણામ
વગેરે નિશ્ચયનયથી આત્મઘાત કરવા બરાબર જ છે.
બીજાના ઇંદ્રિય, બળ, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસાદિનો વિનાશ
વ્યવહારનયે વધ છે, તેથી નરકાદિ નીચ ગતિ મળે છે.

વસ્તુનો સ્વીકાર કરવો, તે અહિંસા અને
વસ્તુનો અસ્વીકાર કરવો, તે હિંસા છે.

જ્યારે પોતાના વસ્તુનો અસ્વીકાર કરીએ છીએ, ત્યારે
બીજાના વસ્તુનો સ્વીકાર કરીએ છીએ, તે જ હિંસા છે!

## આર્તધ્યાન પણ સ્વની હિંસા જ છે.

હિંસા પછી તે સ્વની હોય કે પરની - બંને ત્યાજ્ય છે.
પરની હિંસા એ વ્યવહાર અને સ્વહિંસા એ નિશ્ચય છે.
હિંસા અને લોભનું ફળ હિંસા અને લોભ જ છે,
જ્યારે અલોભનું ફળ અલોભ જ છે.

## અનુબંધ હિંસા એટલે...

આત્માનાં અલ્પકાળ માટે કે દીર્ઘકાળ માટે
સ્થિર થયેલાં હિંસાના અધ્યવસાયો સહિત
સંકલ્પપૂર્વક હણવાની બુદ્ધિએ જીવને હણવો તે.
શ્રાવકની દશા અનુબંધ હિંસાવિરમણ સ્વરૂપ હોય છે.
'અનુબંધ હિંસા' એટલે કુટિલ હિંસાનાં જ પરિણામ.
જેનું ધ્યાન રૌદ્ર હોય, તેના લેશ્યા, અશુભ હોય.
જે રીતે કસાઈ કે માછીમાર ભિલ્લામાં હોય,
તો પણ પરિણામ હિંસાનાં જ હોય, તેના જેમ.
સિંહ, વાઘ, બિલાડી, બાજ, સમડી અને બલિ લેનારા
ઘણા દેવીઓમાં હિંસાના પરિણામ ચાલુ જ રહેતાં હોય છે.

કરવું એ હિંસા છે, અકર્મ અહિંસા છે.

રાગાદિનો અનુત્પાદ એ અહિંસા છે અને
રાગાદિનો ઉત્પાદ તે તાત્ત્વિક હિંસા છે.

હિંસા ન થાય, તો અહિંસા સ્વયમેવ આવે છે. અહિંસાને લાવવાની નહિ પણ હિંસા છૂટવાથી તે સ્વયમેવ આવે છે.

હિંસાનો હેતુ અયતના, હિંસાનું સ્વરૂપ પ્રાણ-વ્યપરોપણ, હિંસાનું ફળ પાપકર્મના બંધથી અર્જિત દુઃખ.

અહિંસાનો હેતુ યતના, અહિંસાનું સ્વરૂપ પ્રાણ-અવ્યપરોપણ, અહિંસાનું ફળ આત્મોત્થ સુખલાભ.

કોઈપણ જીવના સુખનો નાશ કરવો, તે હિંસા.

પાપબંધના અઢારે પ્રકારમાં હિંસા અનુસ્યૂત છે, પછી તે જૂઠ હો, અબ્રહ્મચર્ય હો કે મિથ્યા દર્શનશલ્ય હો! હિંસા એટલે કોઈપણ જીવના સુખનો નાશ, પછી તે સ્વજીવ હો કે પરજીવ! જીવમાત્રના સુખનો નાશ કરવાની ક્રિયા મનથી, વચનથી અથવા કાયાથી, ઉપરાંત કરવા - કરાવવા કે અનુમોદવા વડે થાય, તે હિંસા છે.

## હિંસા-અહિંસાના વિચાર માટેના
## શાસ્ત્રમાં કહેલ આઠ દૃષ્ટાંતો

(૧) હિંસા કર્યા વિના હિંસાનું ફળ મળે: તંદુલ મત્સ્ય.
હિંસા કરવા છતાં હિંસાનું ફળ ન મળે: અપ્રમત્ત મુનિ.

(૨) અલ્પ હિંસા પણ બહુફળવાળી: જમાલિ - મરીચી.
બહુ હિંસા પણ અલ્પફળવાળી: દૃઢપ્રહારી - ચિલાતી પુત્ર.

(૩) જીવહિંસા છતાં હિંસા નહીં: વૈદ્ય ક્રિયાની જેમ.
અજીવની હિંસા એ હિંસા છે: રજ્જુ, ખોળપિંડ, કૂટકાદિ.

(૪) એક જ હિંસા ભિન્ન ફળ આપે: બે સુભટ - બે વૈદ્ય.

(૫) એકની હિંસા અનેકને ફળે: પાપી પાલક.
અનેકની હિંસા એકને ફળે: પ્રજાનું પાપ રાજાને લાગે
અને શિષ્યોનું પાપ ગુરુને લાગે.

(૬) એક હિંસા એકવાર ફળે: શસ્ત્રપાલક.
એક હિંસા અનેકવાર ફળે: ઉત્સૂત્ર - ગોત્રમદ.

(૭) હિંસા એ અહિંસાનું ફળ આપે: વિષ્ણુકુમારાદિ.
અહિંસા હિંસાનું ફળ આપે: અભિનિવેશ અભિષ્વંગ.

(૮) નહિ આરંભેલી, નહિ કરેલી હિંસાનું ફળ : કુણિક.
આરંભેલી પણ નહિ કરેલી હિંસાનું ફળ : લોટકાર.
તત્કાલ ફળનારી હિંસાનું ફળ : સુંદોપસુંદ.
કાલાંતરે ફળનારી હિંસા : ઝુણીને પુત્રાદિ પરંપરા.

## હિંસા કરવાના ૪ કારણો

(૧) આકુટ્ટી : જાણીને (૨) પ્રમાદ : કામ-ક્રોધાદિથી
(૩) દર્પ : હાસ્ય-કુતૂહલાદિથી (૪) અભિનિવિષ્ટ : દુરાગ્રહથી
(૧) દ્રવ્યહિંસા - ભાવસાધુને (૨) ભાવહિંસા - તંદુલમત્સ્યને.
(૩) દ્રવ્ય નહિ ભાવથી હિંસા - અંગારમર્દકને.
(૪) દ્રવ્ય - ભાવ બંનેથી હિંસા નહીં : સિદ્ધના જીવને.

## હિંસા કરવાના ત્રણ પરિણામ

પ્રાણનાશ, દુઃખોત્પાદ અને મનઃક્લેશ.
સર્વનાં સુખ-દુઃખનો સમાનપણે વિચાર કરવો તથા
પોતાના સુખ અને દુઃખની સાથે
સર્વનાં સુખ-દુઃખનો સંબંધ ન ભૂલવો,
તે અહિંસાદિ ધર્મોની ઉત્પત્તિનું કારણ છે.

# દ્રવ્યહિંસા તથા ભાવહિંસા

અપાર અને પારાવાર એવા સંસારમાં જીવના પતનનું કોઈપણ કારણ હોય, તો તે બે પ્રકારની હિંસા જ છે: દ્રવ્યથી કોઈ જીવનો પ્રાણવિયોગ કરવો, તે 'દ્રવ્યહિંસા' અને કઠોર હૃદય વડે દુષ્ટ અધ્યવસાયોપૂર્વક પીડા આપવા - પમાડવાની ઈચ્છા, તે 'ભાવહિંસા' કહેવાય છે.

વિચારમાં સ્યાદ્વાદ પ્રગટ્યાં વિના

આચારમાં અહિંસા ઉતારવી મુશ્કેલ છે.

અહિંસા એટલે... હિંસાનો અભાવ અથવા

મનમાં ભાવ તથા વચન - કાયાથી હિંસાની ક્રિયા ન હોવી.

અહિંસા એટલે હિંસા ન કરવી એટલું જ નહીં, કિન્તુ

૧૪ રાજલોકના સર્વ જીવોની રક્ષા પણ કરવી.

દ્રવ્યહિંસા એ પ્રાણઘાત સ્વરૂપ છે,

જ્યારે ભાવહિંસા એ દુર્ભાવના રૂપ છે.

એક દ્રવ્યપ્રાણની, બીજી ભાવપ્રાણની હિંસાસ્વરૂપ છે.

દ્રવ્યહિંસા આરંભરૂપ છે, ભાવહિંસા પ્રમાદભાવરૂપ છે.

કેટલાકને દ્રવ્ય-ભાવપ્રકારે અંગારમર્દક આચાર્યની જેમ,

કેટલાકને માત્ર દ્રવ્યથી ભાવસાધુની જેમ,

કેટલાકને માત્ર ભાવથી તંદુલમત્સ્યની જેમ હિંસા થાય છે,

જ્યારે કેટલાકને સિદ્ધના જીવોની જેમ નીચે મુજબ

દ્રવ્ય - ભાવ ઉભયથી હિંસા થતી નથી:

(૧) અપ્રમત્તયોગરૂપ દ્રવ્યહિંસા નહિ કરવા છતાં નરકાદિક

દુર્ગતિના ભાજન થવાય, તેમાં તંદુલમત્સ્યનું ઉદાહરણ છે.

મોટાં મત્સ્યના મુખમાં જતાં અને નીકળતાં એવા

નાના મત્સ્યોને જોઈને પાંપણના મનમાં વિચારે છે કે:

'જો હું આવડા મોટી કાયાવાળો થાઉં તો સર્વને ખાઈ જાઉં'

એ વિચારણાથી ઉત્પન્ન થયેલ રૌદ્રધ્યાન અને

ઘોર હૃદય ભાવહિંસા કરાવીને નરકના ફળને આપે છે.

તંદુલ મત્સ્ય ગર્ભજ મનુષ્યની જેમ

નવ મહિના ગર્ભમાં વસીને જન્મ પામ્યાં બાદ

અંતર્મુહૂર્તનું આયુષ્ય પાળીને નરકમાં જાય છે,

એવો વૃદ્ધ સંપ્રદાય છે.

(૨) એક દ્રવ્યહિંસા કરે છે, તો પણ નરકાદિ દુર્ગતિનો ભાજન બનતો નથી. બારમા ગુણઠાણે રહેલા મહામુનિની એમ તેવા પ્રકારના દુષ્ટ અધ્યવસાય વિના જ સુકુમાર હૃદય હોવાથી ક્વચિત્ પ્રાણાતિપાત રૂપ દ્રવ્યહિંસા થાય છે, તો ય તેવા પ્રકારનો તીવ્ર પાપબંધ થતો નથી. માર્ગમાં ગમનાગમન કરતાં પગ મૂકતી વેળા તે ક્ષેત્રમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંબંધથી અવશ્ય રહેલા જીવ, નિકાચિત કર્મવાળા પંચેન્દ્રિય પર્યન્તના જીવોનો વિનાશ થવાનો સંભવ છે અથવા આંખની પાંપણ અને તનનાં વાયુના સંચારથી વાયુકાય જીવોની હિંસા થાય છે, તો પણ તેથી દુર્ગતિ થતી નથી. પહેલાં સમયે બંધાય છે, બીજા સમયે વેદાય છે અને ત્રીજા સમયે આ કર્મ નિર્જરી જાય છે.

(૩) અલ્પ હિંસા ને વિપાક કાળે અનલ્પ ફળ આપે. જેમ જમાલીએ પ્રાણાદિ ત્યાગ રૂપ હિંસા અલ્પ કરેલી છે, તો પણ અભિનિવેશને વશ સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરવાથી બહુ સંસારભ્રમણ રૂપ કર્મને ઉપાર્જન કર્યું હતું.

(૪) એકની મહાહિંસા પણ પરિણામે
અલ્પ ફળને આપનારી થાય છે, દૃઢ પ્રહારીની જેમ.
દૃઢ પ્રહારીએ કઠોર હૃદયથી ઘણુ હિંસા કરી હતી,
તો પણ પાછળથી તેવા દુષ્ટ અધ્યવસાયો નહિ રહેવાથી
લોકનિન્દા રૂપ સ્વલ્પ ફળ ભોગવવું પડ્યું હતું.

(૫) જીવની હિંસા થવા માત્રથી નરકાદિક દુર્ગતિનો
હેતુ થાય છે, એવો એકાંત નથી. રોગની સમ્યગ
પ્રકારે પ્રતિક્રિયા કરતી વખતે રોગીનું મરણ થાય,
તો પણ વૈદ્યને કર્મબંધ થતો નથી.
કર્મબંધ માટે પ્રમાદજનિત દુષ્ટ અધ્યવસાયથી
જન્મેલ કઠોર હૃદયપૂર્વક થતી પીડાની અપેક્ષા છે.
તેવા અધ્યવસાયવાળો રજ્જુને પણ જો સર્પબુદ્ધિથી હણે છે
અથવા ખોળના પીંડાને બાળક માનીને અગ્નિમાં પકાવે
અથવા એક કાંટાને પણ અતિ પ્રદ્વેષથી જો કટકા કરે,
તો તે આત્માને અવશ્ય રીતે
તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ કર્મબંધ થાય છે.

(૬) ધનવંતરી વૈદ્ય અને વૈતરણી વૈદ્યની જેમ તથા
બે રાજાઓના સહાયક સુભટોની જેમ
એક જ પ્રકારની હિંસા એકને તીવ્ર કર્મબંધ કરાવે છે,
જ્યારે બીજાને મંદ કર્મનો બંધ કરાવે છે.
પરિણામની વિચિત્રતાથી કોઈ સુભટ નરકગતિમાં જાય છે,
કોઈ તિર્યંચગતિમાં જાય છે અને કોઈ દેવગતિમાં
પણ જાય છે, એવી રીતે વૈદ્ય માટે પણ સમજી લેવું.
(૭) છ ખંડ સાધવાની ઈચ્છાવાળા અને ગુફાના અધિષ્ઠાયક
દેવ વડે સર્વનાશ કરાયેલા કોણિક મહારાજાની જેમ એક
હિંસા, હિંસા કર્યા પહેલાં જ દુર્ગતિનું ફળ આપે છે.
(૮) જેમ સુંદ અને ઉપસુંદ બંને પરસ્પર યુદ્ધ કરવાથી
નાશ પામ્યાં, તેમ એક હિંસા એવા પ્રકારની છે, જે
કરતી વખતે તે આત્માને તુરંત જ ફળ આપે છે.
(૯) જેમ કોઈએ ખૂન કર્યું, તેનો બદલો મરનારના
પુત્ર - પુત્રાદિક કાળાંતરે વાળે છે, તેમ
એક હિંસા અન્ય કાળે કરાયેલી, અન્ય કાળે ફળ આપે છે.

(૧૦) જેમ હિંસા આરંભેલી હોય પણ પૂરી ન થયેલી હોય છતાં પણ તે ફળ આપે છે, જેમ કે ભગવાન મહાવીરને મારવા માટે દુષ્ટ અધ્યવસાયથી દોડનાર લોહકારનો તત્કાળ નાશ થશે અને પરભવે પણ એ નરકનો ભોક્તા બનશે.

(૧૧) પાપી પાલકની જેમ હિંસા એક કરે અને એનું ફળ પરિવારમાં ઘણાંને ભોગવવું પડે છે.

(૧૨) હિંસા ઘણાં કરે છે અને ફળ એકને ભોગવવું પડે છે.

પ્રજાએ કરેલું પાપ રાજાએ, રાજાએ કરેલું પાપ પુરોહિતે, સ્ત્રીએ કરેલું પાપ પતિએ અને શિષ્યે કરેલું પાપ ગુરૂએ ભોગવવું પડે છે.

(૧૩) કોઈને એક હિંસા એક ફળને આપે છે. એક હિંસા એટલે એકવાર કરેલી હિંસા. જેમ ભગવાન મહાવીરના ભવે વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં રેડાવેલું ગરમ ધગધગતું સીસું પ્રભુના છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું અને કાનમાં ખીલા ઠોકાવાની પીડા થઈ.

(૨૪) કોઈને જોરદાર કરેલી હિંસા અનેક વાર એટલે કે દશ વાર, સો વાર, હજાર વાર, લાખ વાર, કોડો વાર અથવા કોડાકોડી વાર પણ તેનો દુષ્ટ વિપાક આપનારી થાય છે. જેમ ભગવાન મહાવીરના જીવે જોરદાર કરેલું ઉત્સૂત્ર ભાષણ અને અતિચાર કરેલો ગોત્રમદ, તેથી બંધાયેલું કર્મ અનેક ભવોમાં અનેકાનેક વાર ભોગવવું પડ્યું.

(૨૫) સુમંગળમુનિ, વિષ્ણુકુમાર અને કાલિકાચાર્યની જેમ કોઈને ઘોર હિંસા પણ તેનું હૃદય સુકુમાર હોવાથી અહિંસાનું ફળ આપે છે. અરિહંતના સંઘ પ્રત્યે પ્રત્યનિકતાનું આચરણ કરનારનું નિવારણ કરવા દ્વારા એ સમ્યગ્દર્શનની વિશેષ નિર્મળતા અને કર્મની મહાનિર્જરા રૂપ અહિંસાનાં ફળને આપનાર થાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે:

સૂત્રવિધિ મુજબ આત્મવિશુદ્ધિ માટે
યતનાપૂર્વક જે જે અને જેટલી વિરાધના થાય છે,
તે સર્વ નિર્જરાના ફળને આપનારી થાય છે.

(૨૬) અહિંસા કે દયા પણ હિંસાનું ફળ બે પ્રકારે આપે:
છતી શક્તિએ દુઃખનો પ્રતિકાર કરવો, તે 'દ્રવ્યદયા'.
હૃદય આર્દ્ર રાખવું, તે 'ભાવદયા'. તે બંને પ્રકારની દયા
જો અભિનિવેશ કે અભિષ્વંગ કે રાગ અથવા મમત્વ
સહિત થાય, તો તે દયા પણ હિંસાના ફળને આપે છે.

(૨૭) હિંસા પણ અહિંસાનાં ફળને આપે છે.

સમત્વપૂર્વક અને મમતાના ત્યાગપૂર્વક
નિરભિષ્વંગ અનુષ્ઠાનવાળાની યતના અને
ઉપયોગપૂર્વક વર્તન કરવા છતાં હિંસા થઈ જાય, તો
તે ૧૧, ૧૨ અને ૧૩મે ગુણઠાણે રહેલા મહામુનિવરોની
જેમ અહિંસાના ફળને આપે છે.

<u>ઉપસંહાર</u> : એ રીતે અતિદુષ્કર વિવિધ ભંગ વડે કરીને
ગહન વન સમાન, હિંસા-અહિંસાના સ્વરૂપનાં વિચારમાં
મૂઢ બનેલા અને માર્ગ ચૂકેલા
અજ્ઞાન આત્માઓનું ગુરૂઓ જ શરણું છે.
તે સિવાય બીજું કોઈ શરણું નથી.

# હિંસા એ શેનું ફળ ?

હિંસા એ ક્રોધ અને અભિમાનનું ફળ છે, તેથી
હિંસકનું લોહી કાયમ માટે ઉશ્કેરાયેલ અને તપેલું રહે છે.
હિંસામાં મગજ અને હૃદય બંને સંકોચાય છે.
પરાયાં દુઃખો જોઈ જે હૃદય નરમ બની દ્રવી ઊઠે છે, તે
જ સ્વજના સંકટો સામે વજ્ર જેવું કઠિન પણ બને છે.
આ હૃદયની સાચી સ્થિતિ - સાચો ગુણ છે.
હિંસક મનુષ્યનું હૃદય આ ગુણોને ગુમાવે છે.
તદુપરાંત હૃદય અને આખા શરીરમાં વાયુ-પિત્ત અને
કફને ઉશ્કેરી મૂકે છે, તેથી મહારોગોનો ભોગ બને છે.
ક્ષય, કેન્સર, હૃદયરોગ, રક્તપિત્ત જેવા રોગો થાય છે.
કપટ - દગો કરનાર સૂક્ષ્મ સ્વરૂપે હિંસા કરે છે.
તેના રોગો કપટમય અંદર કે દેખાય તેવા હોતા નથી,
તે છાના ઝેર જેવા હોય છે.
અંધાપો, ગાંડપણ, કેન્સરાદિ કપટનાં જ માંગેલા ફળ છે.
હિંસક મનુષ્યોનાં મૃત્યુ રીબાઈ - રીબાઈને થાય છે.

## થોડી વ્યાખ્યાઓ

એક જ વિષયમાં ધારણા-ધ્યાન-સમાધિ તે 'સંયમ' છે.
તે વડે દર્શન - જ્ઞાન - આત્મસ્વરૂપમાં તન્મય બનાય છે.
સંયમ = સમ્યક્‌પ્રવૃત્તિ. વિરતિ = પાપપ્રવૃત્તિથી વિરામ.
અવિરતિ = પાપપ્રવૃત્તિથી અવિરામ.
ચારિત્ર = સર્વ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ, કષાયની
૩ ચોકડીનો અભાવ અને ચોથી ચોકડી બાકી છે, તે ક્રોધ-
માનાદિનો પ્રશસ્ત ઉપયોગ રોધતાં તેનો પણ અભાવ છે.
અભાવ એટલે બીજું કાર્ય (ભવભ્રમણ) ન થવા દેવું, તે.
અસંયમ = મિથ્યાપ્રવૃત્તિ કે પ્રમાદાદિ પ્રત્યે ક્રોધ યા દ્વેષ
સંયમનું ગૌરવ નથી, મોહનો લોભ ઇત્યાદિ રૂપે રહેવું.
સંયમ દ્વારા યોગોની સ્થિરતા થાય છે.
સંયમ વડે જ આત્મહિત - આત્મજ્યોતિનો પ્રકાશ પ્રગટે.
તપશ્ચરણ - ચારિત્રપાલનને શ્રુતસ્વાધ્યાયાદિ સત્પ્રવૃત્તિ
વડે વેગ આપે છે. વિરાગમાર્ગ = વીતરાગદશાને આપનાર.
ચારિત્ર એ રાગના માર્ગે નહીં, વિરાગના માર્ગે ચાલે છે.

જીવનમાં સંયમ અને સંયમન અત્યંત જરૂરી છે.

સંયમ = ફરજિયાત - અફરજિયાતનો વિવેક.

સંયમ = પોતાના ઉપર પોતાનું જ અનુશાસન.

સંયમ = આત્મા દ્વારા આત્મામાં આત્માને જોવો તે.

સંયમ = વાસનાના સંસ્કારથી ચિત્તને અલિપ્ત બનાવવું.

પ્રવૃત્તિમાંથી વૃત્તિ હટી જવી, તે સંયમન છે.

દૃષ્ટિમાં વિરાગ અને જીવનમાં સંયમ -

ઉભય જો મળીને જ સુખ અને શાંતિ શક્ય બનશે.

શાંતિ - આનંદનાં દ્વાર ખોલવાની ચાવી સંયમ જ છે.

'સંયમ'નો અર્થ દમન નહીં, કિન્તુ શમન છે.

સંયમમાં ઉપશમ, જ્યારે દમનમાં ઉપતાપ છે.

સંયમમાં સ્વતંત્રતા છે, દમનમાં વિવશતા છે.

સંયમમાં આશ્વાસન ઉપરાંત સુરક્ષા છે, જ્યારે

દમનમાં ભય - ત્રાસ - પીડા - તાણ રહેલાં છે.

સંયમ સ્વૈચ્છિક છે, દમન બાહ્ય તરફથી લદાયેલું હોય છે.

સંયમ = વૃત્તિનું હટવું, દમન = માત્ર પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ.

## સંયમની જરૂર શા માટે ?

એવી યુક્તિ હજુ સુધી શોધાઈ નહિ, કે...
રાત્રે સૂવા જતે સાવ મૂર્ખ હોઈએ અને
સવારે ઉઠીએ, ત્યારે પૂરાં જ્ઞાની બની જઈએ!
ટૂંકમાં પ્રયત્ન વિના કશું મળતું નહિ!
વળી મનમાં કરૂણા, સદ્‌ભાવના ખૂબ હોય, પરન્તુ
તેને આચરણમાં મૂકવાની શક્તિ મેળવવા સંયમ જરૂરી છે.
વિષયોની પાછળ પડનારો પણ સંયમ રાખે, તો જ
સુખ મળી શકે છે. સંયમ માટે મનને સ્વાધીન બનાવવું.
સંયમ = જીવનની બધી દિશામાં સમરસતા મેળવવી.
સંયમમાં પ્રકૃતિ મધ્યમાં મન સમાપ્ત થાય છે.
અમન - ઉન્મન એ જ સંયમ છે.
તણાયેલા - ખેંચાયેલા સ્થિતિમાં રહેવું, એ મનનો ધર્મ છે.
મનની શૂન્ય દશા એ સાચું જીવન છે.
મનથી ધારણા, વચનથી ધ્યાન, કાયાથી સમાધિ સિદ્ધ થાય.
ઇન્દ્રિયોની એક વિષયમાં થતી એકાગ્રતા મુખ્ય સંયમ છે.

મન પોતે જ વિષયોથી હઠે, તે સંયમ છે.

મનને સ્વાધીન બનાવવા અભ્યાસ અને વૈરાગ્ય જોઈશે. સંયમમાં મનના ઉપસર્ગ પ્રતિ સમાનભાવ અને કાયાના ઉપસર્ગ પ્રતિ પણ સમભાવ ટકાવી રાખવો.

સંયમથી જ અંતઃકરણની શાંતિ મળે.

બહારની વાહ વાહ કે શાબાશી સાંભળવાની ઉમેદ રાખવા કરતાં આપણા પોતાના જ અંતઃકરણની શાંતિને સાચવવાનો માર્ગ સાધવો જોઈએ અને એ માટે મન ઉપર વધારેમાં વધારે સંયમ રાખવાની આવશ્યકતા છે.

સુખ કોઈ વસ્તુમાં નહિ, પરન્તુ મનના સંતોષમાં છે.

સંયમ વિના સંતુષ્ટતા પૈદા થતી નહિ.

મનસંયમની જેમ શરીર પર પણ સંયમની જરૂર છે. શરીરને મનના અંકુશમાંથી છટકવા દેવું જોઈએ નહીં. શરીરની સાથે ઇંદ્રિયોને પણ કાબુમાં રાખવી જોઈએ.

જ્યાં સુધી સંયમથી મનોબળની વૃદ્ધિ ન થાય,
ત્યાં સુધી સાધુ બનવાની સતત સાધના કરવાની રહે છે.

## સંયમ બે પ્રકારે જણાવ્યો છે:

ઇંદ્રિય અને મનના નિરોધરૂપ સંયમ આત્મહિતકર છે,
ષટ્જીવનિકાયના રક્ષણરૂપ સંયમ સ્વપર ઉભયને હિતકર છે.

સિદ્ધિ = ઇંદ્રિય તથા મનનો સંયમ.

સંયમથી ઇંદ્રિયો તથા મનની શક્તિ વધે છે.

ઇંદ્રિયોના પૂરાં સંયમ વિના અહિંસા સિદ્ધ થતી નથી
અને મનના પૂરાં સંયમ વિના સત્ય સિદ્ધ થતું નથી.

ઇંદ્રિયોનો નિગ્રહ તે મોક્ષનું દ્વાર અને
ઇંદ્રિયોનો વિલાસ એટલે મોક્ષમાર્ગના બારણે તાળું.

૫ ઇંદ્રિય તથા મનનો નિરોધ સંયમ છે.

૫ ઇંદ્રિય - મનનો નિરોધ તથા ષટ્જીવનિકાયની રક્ષા,
એ ઉભય પ્રકારનો સંયમ નમસ્કારભાવ વડે સધાય છે,
તેથી નમસ્કારભાવ એ સંયમધર્મની જ તાલીમ છે.

પાંચ ઇંદ્રિય તથા છઠ્ઠું મન બુદ્ધિના અંકુશમાં રાખવું, છકાય
જીવની વધવિરતિના આચરણમાં સુદૃઢ રહેવું, તે સંયમ.

ઇંદ્રિયોના સંયમ અંગે કાચબાનું દૃષ્ટાંત મનનીય છે.

જેનાથી ઈંદ્રિયોના વિષયો અને મનના વિકારો
અર્થાત્ કષાયો જીતાય છે, તે 'સંયમ' છે.

સંયમ એટલે... પોતાની બુદ્ધિ આત્મનિષ્ઠ હોવી અને
અંતર્બાહ્ય ઈંદ્રિયો બુદ્ધિના તાબામાં, અંકુશમાં, તાળામાં હોવી તે.

ઈંદ્રિયોના અતીન્દ્રિય સ્વરૂપની શોધમાં લાગવું,
અર્થાત્ સ્વરૂપમાં સંલગ્ન થવું, તે સંયમ છે.

મારી પોતાની અંદર જે છૂપાયેલા ખજાનાઓ છે,
તેને શોધવામાં લાગી જવું, તે સંયમક્રિયા છે.

બધું છોડવાથી કાંઈ મળતું નથી પણ
અંદરમાં કાંઈક મળવાથી બહારનું બધું છૂટી જાય છે,
તે માટે અતીન્દ્રિયોને જગાડવાના પ્રયોગમાં પ્રવેશ કરવો પડશે.

જે દિવસે અતીન્દ્રિય ખોલાશે, ખોલાવા શરૂ થશે, તે દિવસે
માત્ર આંખથી જ છૂટકારો નહીં મળે, આંખ તથા કાનના,
અને બધા જ બાહ્ય રસથી છૂટકારો - મુક્તિ મળશે. કાનના
જગતમાં અંદરના ધ્વનિઓ, અંદરનો નાદ પકડાઈ જશે.
સ્પર્શના જગતમાં ય અંદરનો સ્પર્શ પકડાશે.

# સંયમ - શ્રેષ્ઠ સાધના

સૂર્ય નિયમથી બંધાઈને નહીં પણ સ્વભાવથી પ્રકાશે છે.
ગંગા નિયમને કારણે નહીં, સ્વભાવથી વહે છે.
તે જ સ્થિતિ સ્થિતપ્રજ્ઞની છે. તે સ્વભાવથી સંયત છે.
સંયમભર્યું પ્રવર્તન એ તેનો સ્વભાવ છે.

ઇંદ્રિયોનો સંયમ નહીં પણ અસંયમ તેને ભારરૂપ કે અસહજ બને છે. સાધક અવસ્થામાં સંયમ થોડો શ્રમ કે તાપ આપવાવાળો છે, તેથી તેને 'તપ' પણ કહેલ છે. સાધકને સંયમમાં જો બિલકુલ તાપ લાગતો ન હોય,
તો પછી તેને 'તપ' પણ કેમ કહેવાય?
તાપ-તપ છે પણ બોજ-ભાર નહિ, ઊલટી હોંશ છે.
વટેમાર્ગુને ભાથાનો બોજ ભાર લાગતો નથી,
પરન્તુ હોંશ રહે છે તેમ.

વૃક્ષ છેદનારો બધી ડાળી કાપશે પણ જે ડાળીએ પોતે ઊભો છે, તેને કાપશે ખરો? નહીં જ. સંયમને ઢીલો મૂકે પછી સ્થિર બુદ્ધિ ન રહે, કેમકે તે સંયમ પર ઊભેલા છે.

## ત્રણ પ્રકારના સંયમ

(૧) તનસંયમ = બ્રહ્મચર્ય, દેવપૂજન, અહિંસા, તપાદિ.

(૨) વચનસંયમ = સત્ય, મિત, હિત તથા મધુર વચન.

(૩) મનસંયમ = નિર્મળતા, સૌમ્યતા, ચિંતનપરાયણતા.

સંયમ એટલે યતના, ઉપયોગ, અપ્રમાદ.

સંયમ દ્વારા તનાવથી મુક્ત થવાય છે.

જીવન સંયમથી જીવાય છે, નહીં કે અન્ન, જળ, દવા અને માત્ર પ્રકાશથી. ખાધાપીધા વિના મનુષ્ય ટકી જીવી શકશે પણ ખાવાપીવામાં અસંયમીને જીવવું અશક્ય છે.

સંયમ રૂપી પ્રકાશનું એક નાનું કિરણ પણ અનંતગુણા અંધારા કરતાં વધુ શક્તિશાળી છે.

સંયમમાં સફળતાપ્રાપ્તિનાં પાંચ સાધનો

શ્રદ્ધા, ક્રિયાતત્પરતા, સંયમી જીવનપૂર્વક પ્રણિપાત-શિષ્યભાવ, પરિપ્રશ્ન - ઉહાપોહ અને ગુરુસેવા.

સંયમ એ આત્મસાધનારૂપી ગંભીર, પ્રસન્ન અને મહાન સરોવરની પાણી પાળ છે, તેમાં શક્તિનો સંચય છે.

## સંયમની સ્થિરતા બે પાયા ઉપર છે:

વડીલોનો વિનય અને આશ્રિતો ઉપર વાત્સલ્ય.
સંયમસાધનાનું મૂળ - વિનય અને ભક્તિ.
વિનયવાળા જીવોને બધી રીતે લાભ જ થાય છે.
ભક્તિ દ્વારા ભક્તાદિ પ્રભુની નજીક જઈ શકાય છે,
વૈરાગ્ય દૃઢ કરી તાદાત્મ્યના અધિકારી બની શકાય છે,
આગળ વધવાના મનોરથો પ્રાપ્ત ભક્તિને દૃઢ બનાવે,
ભક્ત - ભગવાન વચ્ચેનું અંતર ઓછું કરી શુદ્ધિ વધારે.

## સંયમનો હેતુ શો?

યશ, કીર્તિ, પ્રતિષ્ઠા, ભય, લોભ, ઐશ્વર્ય કે ઉત્તમ
પદની પ્રાપ્તિ અર્થે નહીં, કિન્તુ સંયમ એ આત્મદર્શનના
નિર્મલ - નિર્વિકાર હેતુથી છે, તે જ સમ્યક્ચારિત્ર છે.
જેનું ક્ષેત્ર બાહ્ય નહીં, પરન્તુ અંતરંગ છે.
અહિંસા એમ નિષેધનો નિષેધ છે, તેમ નમસ્કારભાવ
પણ 'અહં'નો નિષેધ જ હોવાથી નિષેધનો નિષેધ છે.
સ્વાધ્યાય એ મોહરૂપી વિષને નાશ કરનાર શ્રેષ્ઠ મંત્ર છે.

## સંયમ = વિકારોનો ઉપશમ.

સંયમ ઉપર કાબૂ મેળવવાથી જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત થાય અને એક જ વિષય ઉપર ધારણા, ધ્યાન અને સમાધિ કેળવવાથી સંયમ થાય છે.

યમ = નિયંત્રણ તથા સમ્યગ્ યમ = સંયમ.

ભયથી, લોભથી, લાલચથી કે ક્ષુદ્ર સ્વાર્થથી જે નિયંત્રણ છે, તે યમ છે અને જે સંયમન સ્વયં પર, સ્વયંનું, સ્વયંને માટે, સ્વયં વડે થાય, તે સંયમ છે. સંયમ એ આત્મતત્ત્વના નિજી બોધનું પરિણામ છે.

સંયમ = યમ એટલે મૃત્યુ. પ્રાણાંત આપત્તિ વખતે પણ સમ રહેવું, સમતાભાવ ન ગુમાવવો, તે 'સંયમ'.

'વ્યાધિ' એટલે શારીરિક પીડા, ક્ષુધા - તૃષા, છેદન - ભેદન, તાડન - તર્જન આદિ વખતે પણ શરીરથી આત્માને અલગ અનુભવવાની ક્રિયા, તે 'સંયમ' છે.

સંયમ ઈશ્વર છે, કેમકે તેને જ આચરી શકાય, ઈશ્વરને આચરી ન શકાય.

## ખરો સંયમી કોણ ?

જગતના બધા ગુણો ઉપલબ્ધિના છે, નિષેધના નથી.
વૃત્તિઓને રોકનાર નહીં, વૃત્તિઓનો માલિક તે સંયમી છે.
કમજોર હોય, તે લડે. વૃત્તિઓ કરતાં પણ જે વધુ
શક્તિશાળી હોય, તેને લડવાની જરૂર રહેતી નથી.
વૃત્તિઓ એની પીછે સરી પડે છે. સંયમી = આત્મવાન.
આત્મવાન સંયમી કામ - ક્રોધ કે લોભને દબાવતો નથી.

ષડ્જીવનિકાયની રક્ષા રૂપી સંયમ આદરવો.

સ્વયંની શક્તિથી પરિચિત થવું, તે 'સંયમ'નો અર્થ છે.

Tranquility - not control.

સંયમ એટલે અવિચલિત - નિષ્કંપ - આત્મપ્રતિષ્ઠિત
સ્થિતપ્રજ્ઞતા - આત્મસ્થિરતા અને આત્મસ્થિતિ.
સંયમ = શમન, શાંતિ, અવિચલિતતા, નિષ્પ્રકંપતા કે
મધ્યમાં સ્થિર થઈ જવું, બે અતિની વચ્ચે રહેવું.
અસંયમ = wavering - Trembling અસ્થિર
કંપતું મન (Cult એટલે સંપ્રદાય અથવા સંસ્કૃતિ).

## મુનિભગવન્ત કહે...

**સંપૂર્ણ અહિંસા, નિર્મળ સંયમ, ઉત્તમ તપની આરાધના.**

કોડ પૂર્વનું સંયમ પણ માત્ર બે જ ઘડીના
અનંતાનુબંધી કષાયથી નિષ્ફળ થાય.

સંયમમાં કષ્ટ છે પણ પાપ નથી, એ કારણથી એ
સ્થાન ઘણું ઊંચું છે, તેથી તેને પરમેષ્ઠિપદ કહે છે.
સત્સંગ અર્થાત્ ગુરુઆત્માના સંગથી સંયમ સાંપડે છે.
પશુમાંથી માનવ થયો, તે ઓજારો- શસ્ત્રોના બળથી નહીં,
દિવ્ય આત્માઓના જીવનસત્સંગથી, જે સૂચવે છે કે
તું સંયમ કર. તું મનુષ્ય મટીને દેવ થવા સર્જાયો છે.
તું દેવ ન થાય, ત્યાં સુધી સંયમને તજીશ નહિ.

પશુઓમાં શક્તિ છે પણ સંયમ નથી.
મનુષ્યોમાં બુદ્ધિ છે, તેથી
સંયમને શોધીને તે વડે વિશિષ્ટ શક્તિ પેદા કરે છે.
સંયમ = શક્તિનું નિયોજન. તે માટે બુદ્ધિની જરૂર પડે,
જે પશુઓમાં નથી, તેથી મનુષ્ય પશુથી ચઢીયાતો જ છે.

સંયમ એટલે પરમાત્મ સમ આત્મતત્ત્વ ઉપર સમ્યગ્ધ્યાન
રુચિ પ્રગટવાથી વિષયો તરફનું આકર્ષણ શાંત થાય છે.

શક્તિ અને સંયમ સહગામી હોવાં જોઈએ.

શક્તિ વિના વિજય મળે નહિ. શક્તિ એટલે સ્થૂળ નહીં,
કિન્તુ સંયમ - વ્રતબદ્ધ જીવનથી મળતી આંતરિક શક્તિ.

વ્રતબદ્ધ જીવનથી શાંતિ, પ્રેમ, દયા, તથા કરુણા
સહજ બને અને જીવનને સંયમ તરફ દોરી જાય છે.

સંયમમાં પ્રેમની મીઠાશ, સમતાની શીતળતા, પ્રખર અહિંસા
ઇચ્છાશક્તિ અને પુરુષાર્થનું ઓજસ જરૂરી છે.

સંયમજીવનમાં પરદુઃખ દૂર કરવાની બુદ્ધિ, ભલાઈ,
દયા ઉપરાંત ઇચ્છા અને પ્રયત્ન જરૂરી છે.

દયા, કરુણા, દાન, તપ, જપ, સ્વાધ્યાય, ધ્યાન - એ
સૌના મૂળમાં સંયમ - વિવેક હોય, તો જ તેનું મહત્ત્વ છે.

સંયમ હંમેશાં માટે તીરને સાચવવાનો માર્ગ ચીંધે છે.

દાન આપવાનું કામ જેટલું સરળ છે,
તેટલું સંયમ કેળવવાનું કામ સરળ નથી.

સંયમ માટે નિશ્ચય જોઈએ, નિશ્ચય માટે વ્રત જોઈએ.

વ્રતનો સંબંધ પુણ્ય-પાપ સાથે નહિ, સંયમ સાથે છે.

વ્રત કરવાથી આસક્તિ ઘટે છે.

સંયમ તથા વ્રતથી મન ઉપર કાબુ આવે છે.

મોહનીયના ક્ષયથી ચારિત્ર મહાવ્રતોનું પાલન

સહિત તપ - સંયમ બળવાન બને છે.

પોતાની મેળે જ પોતા ઉપર લાગુ કરાયેલો સંયમ એ

બંધન નથી. સ્વ ઉપર સંયમ ન રાખે, તે નષ્ટ-ભ્રષ્ટ થશે.

## સંયમ અને પ્રવચનનો સાર

ઉદ્વિગ્ન આત્માને પ્રસન્ન કરવાની જડીબુટ્ટી છે...

હૃદયથી તેવા આત્માનું સન્માન કરવું તે.

દેવાના આદરપૂર્વકના વ્યવહારથી તેનું દેવું શાન્ત થશે.

સૌ પોતાના ક્ષયોપશમ પ્રમાણે સમજે - વર્તે છે,

તેમાં તેની ભૂલ થાય, તે ક્ષંતવ્ય છે.

આ વાત લક્ષ્યમાં લઈ જીવન પ્રશાન્તરસ નિમગ્ન કરવું,

એજ સંયમનો તથા પ્રવચનનો મહા સાર છે.

ભાવતીર્થ એટલે... તપ અને સંયમ દ્વારા
બહુ ભવથી સંચિત કરેલ અષ્ટવિધ કર્મોનું પ્રક્ષાલન.

સંયમનું સાધન તપ છે અને
સંયમનું સાધ્ય આત્મશુદ્ધિ અને આત્મદર્શન છે.
સંયમ દ્વારા વિષયાભિલાષ ઉપર વિજય પ્રાપ્ત થાય છે,
તપ દ્વારા કષાયોનો અગ્નિ શાંત થાય છે, સંયમ દ્વારા
આવતાં કર્મ રોકાય છે, તપ દ્વારા પૂર્વકર્મ ખપે છે.
સંયમ, તપ દ્વારા રાગદ્વેષનો નિરોધ અને સમત્વભાવનો
વિકાસ થાય છે, તેથી દ્રવ્યકર્મનો પણ ક્ષય સધાય છે.
તપ કરવું, એ કર્મરોગ મટાડવાની ક્રિયા છે.

સંયમસાધનાનું સાક્ષાત્ સ્વરૂપ આત્માનુભૂતિ છે.

આ કાળે - ક્ષેત્રે મોક્ષનું પરંપર - અનંતર ધ્યેય છે
આત્માનુભૂતિ. એ અર્થે જો સાધના (સંયમ, સ્વાધ્યાય
તપ, જપાદિ) થાય, તો વાદવિવાદને સ્થાન જ ન રહે.
સંયમની સાધનાનું પરંપર ધ્યેય મોક્ષ ભલે રહ્યું,
કિન્તુ અનંતર ધ્યેય શું, એ વિચાર પણ કેટલાંને?

## શુદ્ધ સંયમપાલનને અપાયેલા ૧૧ ઉપમાઓ

(૧) પોતાની બે ભુજાથી સમુદ્ર તરવો.

(૨) સ્વાદરહિત વેળુનો કોળિયો ભરવો.

(૩) તરવારની તીક્ષ્ણ ધાર ઉપર ચાલવું.

(૪) અગ્નિની ભયંકર શિખાનું પાન કરવું.

(૫) સૂક્ષ્મ પવનને કોથળામાં ભરવો.

(૬) ગંગાના ધસમસતાં પ્રવાહની સામે પૂર જવું.

(૭) ત્રાજવાથી મેરૂ પર્વતને તોળવો.

(૮) ચતુરંગ સૈન્યને એકાકીપણે જીતવું.

(૯) રાધાવેધને સાધવો.

(૧૦) ત્રણ ભુવનના વિજયની પતાકા ગ્રહણ કરવા.

(૧૧) મીણના દાંતે લોઢાના ચણા ચાવવા.

## આ ૨૫ રીતે શુદ્ધ સંયમપાલન કરવું:

(૧) પ્રાણાતિપાત વિરતિ : સમ શત્રુ-મિત્ર ભાવે.

(૨) અનલિક ભાષણ : અપ્રમત્તતાએ.

(૩) અદત્તનું વર્જન : દંતશોધન માત્ર.

(૪) અકુશલનિરોધ : મન - વચન - કાયાએ.

(૫) નિર્મમતા : વસ્ત્ર - પાત્ર - ઉપકરણો ઉપર.

(૬) રાત્રિભોજનનો ત્યાગ : ચારે આહારનો.

(૭) શુદ્ધ પિંડગ્રહણ : એષણાના દોષરહિત -
ઉદ્ગમ - ૧૬ અને ઉત્પાદના - ૧૬.

(૮) મિતકાલ ભોજન : સંયોજનાદિ પાંચ દોષરહિત.

(૯) પંચ સમિતિ (૧૦) ત્રણ ગુપ્તિ (૧૧) ૨૫ ભાવના

(૧૨) બાહ્ય તથા અભ્યંતર તપ (૧૩) પ્રતિમા - માસિકાદિ

(૧૪) વિવિધ અભિગ્રહો - દ્રવ્ય વગેરે

(૧૫) અસ્નાન (૧૬) ભૂમિશયન

(૧૭) કેશલોચ (૧૮) નિષ્પ્રતિકર્મશરીરતા

(૧૯) સર્વ કાલ ગુરુનું આજ્ઞાકરણ

(૨૦) ક્ષુધાદિ પરિષહસહન

(૨૧) દિવ્યાદિ ઉપસર્ગનો વિજય (૨૨) લબ્ધાલબ્ધ વૃત્તિ

(૨૩) ૧૮૦૦૦ શીલાંગવહન

(૨૪) આગમોનું અધ્યયન (૨૫) ગુરુકુલવાસ સેવન.

ઇંદ્રિયોનો અસંયમ એ વિષયદોષજનક છે,
મનનો અસંયમ એ કષાયદોષજનક છે અને
યોગોનો અસંયમ એ હિંસાદોષનો જનક છે.

આત્મઉપયોગને ભૂલવો, તે અસંયમ, તે જ રાગદ્વેષ.

સંયમથી પ્રસન્નતા અને તેથી બુદ્ધિ સ્થિર થાય છે.
અસંયમથી ચિત્તક્ષોભ અને તેથી બુદ્ધિનાશ થાય છે.
અયુક્ત = અસંયમી. સંયમ અને સ્વચ્છંદ વિરોધી છે.
અંતર્બુદ્ધિને આત્મામાં સ્થિર રાખવી, તે સ્થિતપ્રજ્ઞતા છે.
સંયત = સંયમ જેના વર્તનમાં છે, તે સ્થિતપ્રજ્ઞને
અસંયમ અશક્ય છે, સ્થિરબુદ્ધિનો આધાર જ સંયમ છે.
એક વૃત્તિ સંયમની તરફ જાય, એટલે બીજી વૃત્તિ પણ
અસંયમની તરફ જવા માટે અસમર્થ બની જવાથી
અસંયમ મુશ્કેલ બનશે, સંયમનું એક બિંદુ અસંયમના
અંધકારને દૂર કરશે. શ્રેષ્ઠતર સદા શક્તિશાળી રહે.
સંયમનું એક નાનું સરખું સૂત્ર અનંત જિંદગીઓના
અસંયમને માટીમાં મેળવી જમીન ઉપર પછાડી દે છે.

## 'त्रयमेकत्र संयमः ।'

સ્વરૂપની ધારણા, ધ્યાન અને સમાધિ : એ ત્રણ
જ્યાં જ્યાં એકત્ર, તે સંયમ પણ આત્મત્વમાં જ રહેય.
સંયમ = એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ.
ત્રીજું મૂળ સમ્યક્ચારિત્ર સહિત
જન્મ - મરણ ઉપરનો સમભાવ સહિત સંયમ છે.
શબ્દ ઉપર ધારણા, અર્થનું ધ્યાન અને
ભાવની સાથે એકતા, એનું નામ 'સંયમ' છે.
એક જ આત્માના વિષયમાં
ધારણા, ધ્યાન અને સમાધિ રૂપી સંયમને સધાવનાર
સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપગુણ છે.
નીચેના એક જ વાક્યમાં ત્રણ યોગનો સમાદેશ છે:
'વિહિત અનુષ્ઠાન વિષયક પ્રણિધાન - તે સંયમ છે.'
તેમાં 'વિહિત' શબ્દથી ભક્તિયોગ,
'અનુષ્ઠાન' શબ્દથી કર્મયોગ અને
'પ્રણિધાન' શબ્દથી જ્ઞાનયોગનો સંગ્રહ છે.

શાસ્ત્ર દૃષ્ટિએ સંયમનું લક્ષણ નીચે મુજબ છે:

'विहितानुष्ठानसंयमश्च मोक्षसाधनोपायः ।'

અર્થાત્: ભગવાને કહેલાં અનુષ્ઠાનો કરવા અને
સંયમ પાળવું, તે મોક્ષ સાધવાનો સરળ ઉપાય છે.

પ્રીતિમાંથી ભક્તિ, ભક્તિમાંથી વિરતિ અને
વિરતિમાંથી અનુક્રમે સમાપત્તિમાં
લઈ જવાની તાકાત એક માત્ર સંયમમાં જ છે.

સંયમને નિર્જરાના ભેદોમાં કેમ સ્થાન નથી?

ઉમાસ્વાતિના મતે સંવર એ તપનું ફળ છે,
ભગવતી સૂત્રના મતે સંયમ એ તપનું કારણ છે.

°

External Tapa is prevention
of volition drifting
into destructive channels.
Internal Tapa is the redirection of
it into constructive channels.

## સંયમજીવનમાં આત્મનિષ્ઠ બનવાના ઉપાયો

આત્મનિષ્ઠા = આધ્યાત્મિકતા. તે માટે હૃદયશુદ્ધિ કેળવો, અહંકારથી ઘણું આઘા રહો, સમભાવ વિકસાવો અને સહાનુભૂતિ, ક્ષમા, શાંતિ, સંયમને જીવનમાં ઉતારો.

જીવનમાં એનાથી સ્ફૂર્તિ અને યતના દેખાય છે.

સંયમજીવનમાં નિજસ્વરૂપમાં રહેવું, તે બ્રહ્મચર્ય.

## પાપ ધોવાના ત્રણ માર્ગ

સંયમ, તપ અને ધ્યાન અથવા કાયોત્સર્ગ.

મન એ મનુષ્યની વિરલ સંપત્તિ છે.

એની ક્રિયાશીલ શક્તિઓની જેમ એની સુષુપ્ત-પ્રચ્છન્ન શક્તિઓ પણ અમાપ છે. યોગ્ય પ્રયત્નથી તે બધી કામ કરતી થઈ શકે, એનું નામ જ 'સંયમ' છે. ઉપવાસથી પ્રાણશક્તિનો સંચય થાય છે. પ્રાણશક્તિનો સંચય એ જ સંયમ છે અને સંયમ જ સિદ્ધિદાતા છે. ઇંદ્રિયનો નિગ્રહ, મનોજય, વાસનાક્ષય, પ્રાણવિજય - એ બધા સંયમની ઉપાસનાના જ ફળો છે.

જ્યાં અસંયમ હોય છે, ત્યાં શક્તિ હોતી નથી.

ભાષણો, દલીલો કે ચર્ચાઓથી તપ - સંયમ પ્રાપ્ત ન થાય.
પરિષદો કે સંમેલનો ભરવાથી પણ તે બંને આવતાં નથી.
તપ અને સંયમ મેળવવા માટે અભ્યાસની જરૂર છે.
અભ્યાસ માટે ક્રિયા - ક્રિયા માટે શ્રદ્ધાની જરૂર પડે છે.
શ્રદ્ધાપૂર્વકના સતત અભ્યાસથી સંયમ સિદ્ધ થાય છે.

ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓના ઘટી જવાનું નામ 'ઉપશમ' છે.

જે મન જીતી શકતો નથી, તે ધર્મને ઓળખી ન શકે.
મન જીતીને સંયમી થનારો નવા કર્મો રોકે છે અને
જૂના કર્મો વિખેરવા માટે તપ કરવા ઉલ્લસિત રહે છે.

સંયમી આત્મા મૌન બનતો જાય છે, કારણકે...

આસન બાંધીને રોજ બેસવાથી આસ્તે આસ્તે
વૃત્તિને બાંધી શકાય છે અને તેથી જ આસ્તે આસ્તે
વૃત્તિનો સંયમ તેના મનને બાંધવામાં મદદગાર થાય છે.
ઉત્તરાધ્યયન, ધમ્મપદ અને ભગવદ્ગીતા - એ ત્રણેમાં
અહિંસા, સંયમ અને મૌન ઉપર એકસરખો ભાર છે.

ધર્મનું અંતિમ તાત્પર્ય સંયમ છે અર્થાત્
જીવો ઉપર કૃપાભાવ - દેહ ઉપર મમત્વભાવ છોડવો તે.

મનુષ્યના શરીર રૂપી મૃગની નાભિમાં
કસ્તુરીના સ્થાને તપ અને સંયમ છે.

એક કાદવના કરી કે પાણીથી ભરેલા કુંડને તળીયે એક અમૂલ્ય રત્ન છે. પાણી એકદમ મેલું કે ડહોળું છે અને પવનની લહેરીઓ પાણીને વારંવાર હલાવી રહેલ છે. આવી સ્થિતિમાં તળીયે પડેલ રત્નને શું જોઈ શકાશે?

આમાં જીવ રૂપી કુંડ, મન રૂપી પાણી,
વિષય - કષાયનું ડહોળાણ વિચારતરંગોથી ચંચળ છે, ત્યાં સુધી આત્મરત્ન જોવાની કે મેળવવાની આશા વ્યર્થ છે.

આત્મશોધન માટે બાહ્ય - આંતર ઉપાધિનો ત્યાગ કરવો
અને એ ત્યાગ કરવા માટે સંયમ આવશ્યક છે.

સંયમથી દેહાત્મસ્થિતિ ઘટે છે.

અસંયમ મરણ છે, સંયમ એ આયુષ્યનો ઉપાય છે.

વ્યાયામથી શરીરબળની જેમ સંયમથી આત્મબળ વધે છે.

સંયમ પામેલી વૃત્તિઓ ફરી નાશ પામતી નથી.

જો તે ઉચ્ચતર માર્ગે ન વળે, તો વિનાશમાર્ગે વળવાની !

નિરોધાયેલી વૃત્તિઓ જન્મોના આવેગોમાં પોતાનું વેર લીધા વિના છોડતી નથી. સંયમનું ધ્યેય સંયમ જ નહીં પણ ઉચ્ચતર જનકલ્યાણ તથા આત્મકલ્યાણ હોવું જોઈએ.

પરાવિદ્યામાં બ્રહ્મતત્ત્વનું જ્ઞાન છે.

પરાવિદ્યા અક્ષરબ્રહ્મના અનુભવ સાથે સંબંધ રાખે છે.

જ્ઞાનીઓ અને યોગીઓ માત્ર પોતાના મનના સંયમ દ્વારા જ અક્ષરતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે.

સ્વઉપાસિતતત્ત્વના અસ્તિત્વનું જ્ઞાન મેળવવા માટે મન ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થવું જોઈએ અને મન ઉપર પ્રભુત્વ મેળવવા ઈંદ્રિયો ઉપર સંયમ પ્રાપ્ત કરવો જોઈએ.

ઈંદ્રિયોના બે પ્રકાર છે: જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો.

જ્ઞાનેન્દ્રિયોનો સંયમ કરવા કર્મેન્દ્રિયોનો સંયમ જરૂરી છે.

કર્મેન્દ્રિયો સ્થૂલ શરીરના અન્નમય કોષમાં છે તથા જ્ઞાનેન્દ્રિયો સૂક્ષ્મ શરીરના પ્રાણમય કોષમાં છે.

## સંયમીને અઢાર હજાર શીલાંગ કઈ રીતે?

સંયમીને ક્ષાન્ત્યાદિ ૧૦ ધર્મ, પૃથ્વ્યાદિ ૧૦ જીવ,
શ્રોત્રાદિ ૫ ઇંદ્રિય, આહારાદિ ૪ સંજ્ઞા,
અનુમોદનાદિ ૩ યોગ તથા કાયાદિ ૩ કરણ -
૧૦ x ૧૦ x ૫ x ૪ x ૩ x ૩ = ૧૮૦૦૦ પ્રકારે આચાર.
૧૮૦૦૦ શીલાંગ સર્વ સાવદ્યયોગોની વિરતિ કરવાથી થાય.
અપવાદે પ્રવૃત્તિ ભિન્ન હોઈ શકે છે, પરંતુ અપવાદની તે
પ્રવૃત્તિ વિરતિ ભાવને બાધક નથી, કિન્તુ સાધક થાય.
એક પણ શીલાંગ શુદ્ધ ત્યારે જ હોય કે જ્યારે તે
બાકી બધા શીલાંગો સહિત હોય.
આત્માનો એક પ્રદેશ બાકી અસંખ્યાત પ્રદેશોથી
સહિત જ હોય અથવા એક પ્રદેશે ન્યૂન એવા
આત્માના સર્વ પ્રદેશો પણ 'જીવ' ન કહેવાય, તેમ
એ જ નિયમ શીલાંગોને પણ લાગુ પડે છે.
એક ગીતાર્થ અને બીજો તન્નિશ્રિત,
એ બે ના વિહારને જ 'સંયમ' કહ્યો છે, ત્રીજાને નથી.

१८००० शीलांग अने ते रूप संयमनुं आराधन अत्र तो गीतार्थने, अथवा गीतार्थनी निश्राए रहेनारने होय.
ए सिवाय त्रीजो संयमरूप विहार भगवाने बोध्यो नथी.
तेनुं कारण मात्र एटलुं ज छे के जे गीतार्थ होय, ते उत्सूत्र प्रवृत्ति करे नहीं अने पोतानी निश्रावाळो अशुद्ध प्रवृत्ति करे, तो तेने रोक्या सिवाय रहे नहीं.

अगीतार्थ शुद्धाशुद्धने जाणे नहीं अने
अज्ञानना कारणे शुद्धनो त्याग अने
अशुद्धनुं सेवन कर्या सिवाय रहे नहीं.

मनुष्यनी प्रकृति संयमशक्ति वडे छे अने
संयमशक्तिनुं प्राकट्य योगाभ्यास वडे थाय छे.
बहिरात्मामां संकीर्ण - अंतरात्मामां विशिष्ट यतना छे.

<u>संयमीनी संकीर्ण यतना एटले...</u>
संस्कारशक्तिनी प्रेरणाने वशभूत थईने वर्ते ते.

<u>संयमीनी विशिष्ट यतना एटले...</u>
संयमशक्तिनी प्रेरणादि विवेकने वशभूत थई वर्ते ते.

## 'દીક્ષા' એટલે શું ?

'દીક્ષા' શબ્દમાં દી = દીયતે = દિવ્ય જ્ઞાન આપે અને
ક્ષા = ક્ષીયતે = પાપનો ક્ષય કરે, તેનું નામ 'દીક્ષા' છે.
જે દિવ્ય જ્ઞાન આપીને પાપોનું પ્રક્ષાલન કરે, જે દ્વારા
પાપપ્રવૃત્તિઓનો ક્ષય થાય તેવું જ્ઞાન મળે, તે 'દીક્ષા' છે.

## દીક્ષા આપવાના અનેક પ્રકારો

નયનદીક્ષા, સ્પર્શદીક્ષા, ચાક્ષુષદીક્ષા, વાગ્દીક્ષા ઉપરાંત
મનથી ધ્યાન વડે આપવામાં આવે, તે વેધદીક્ષા.
શિષ્યના ચિત્તમાં શક્તિનો પાત થાય, તે શાક્તિ દીક્ષા.
સ્વસ્વરૂપના જ્ઞાનનો ઉદ્બોધિત કરનારી શાંભવ દીક્ષા.
મંત્રની પ્રયોગપધ્ધતિ વડે સાક્ષાત્કાર કરાવનારી માંત્રીદીક્ષા.
સંકલ્પ માત્રથી પરિવર્તન લાવે, તે આધ્યાત્મિક દીક્ષા.
સંક્ષેપમાં આધ્યાત્મિક, માનસિક, વાચિક, કાયિક દીક્ષા.
જેમાં વિચાર દ્વારા કરે, તે માનસિક દીક્ષા,
ઉપદેશ દ્વારા કરે, તે વાચિક દીક્ષા અને
સ્પર્શ વગેરે દ્વારા કરે, તે કાયિક દીક્ષા.

જે શ્રમ કરે, તે શ્રમણ. શાસ્ત્રમાં 'દીક્ષા'ની વ્યાખ્યા:

'श्रेयोदानात् अशिवक्षपणात् दीक्षेति उच्यते ।
दीयते परमं स्थानं क्षीयते पापपद्धतिः ।
तेन दीक्षेत्युच्यते शास्त्रे सर्वागमविशारदैः ॥'

અર્થાત્: શ્રેયનાં દાનને અકલ્યાણનાં ક્ષયથી 'દીક્ષા' કહેવાય છે. પરમ સ્થાન પ્રાપ્ત અને પાપની પરંપરા ક્ષય થાય છે, તેથી તેને સર્વ ભગવાનનાં શાસ્ત્રમાં 'દીક્ષા' કહેવાય છે.

તપસ્વીઓની શોભા ક્ષમા અર્થાત્ સહનશીલતા છે.
ઓછું ખાવું - બહુ ચિંતન, એ શ્રમણોની તપશ્ચર્યા છે.

'केषां वचनममोघं? ये च सत्य - मौन - समशीलाः ।'

અર્થાત્: જેની વાણીમાં સત્ય, મૌન અને આચરણમાં શઠતા નથી, સદાચાર છે, તેનું વચન અમોઘ છે, પ્રતીતિજનક છે અને વિશ્વસનીય છે.

હંમેશા સત્ય બોલવું, અને તેટલું મૌન રાખવું, અસત્ય ન બોલવું, ચિત્તની શાંતિ ભંગવા રાખવા નહીં પરિષહો - વિપત્તિઓ સહેવા, એ શ્રમણોનાં કર્તવ્ય છે.

## દીક્ષાનો ઉદ્દેશ એટલે જીવનશુદ્ધિ.

'લાભ' એટલે જય. ક્રિયામાં લાભ પૂરવો એટલે ક્રિયાને જીવંત બનાવવી, જીવવાળી કરવી.

દીક્ષાનો ઉદ્દેશ જીવનની શુદ્ધિનો છે.

જીવનશુદ્ધિ એટલે જીવન શું છે?

જીવનશુદ્ધિનો સમાજ - વિશ્વ સાથે સંબંધ શો છે?

તે વિચારવું અને એ વિચાર્યા પછી

જે વાસનાઓ અને મળો, સંકુચિતતાઓ અને સ્વાર્થો જણાય, તેને દૂર કરવાને માટે યથાર્થ પ્રયાસ કરવો.

દીક્ષાને સફળ કરવા માત્ર દેહદમન જ નહીં પણ સૂક્ષ્મ ચિંતનો તથા અલૌકિક ધ્યાનો ય આવશ્યક છે.

તપ પણ ઈંદ્રિયનિગ્રહ અને મનોનિગ્રહપોષક જોઈએ.

માનવમન, શરીર અને વિચારો - એ બધું વાતાવરણનું જ સ્થૂળ અને સૂક્ષ્મ રૂપ છે. દીક્ષાર્થીઓએ આજે જે મહાન વિદ્વાનો અને વિચારકો જણાય છે, એને દીક્ષામાં જોવા, જાણવા, વિચારવા જોઈએ.

નામાદિનું સ્થાપન તે દીક્ષા છે.

શ્રેયનું દાન અને અશિવનું ક્ષપણ કરે, તેનું નામ 'દીક્ષા'.

તે કીર્તિ, આરોગ્ય, ધ્રુવપદની પ્રાપ્તિરૂપ શ્રેય કરે છે તથા

અપકીર્તિ, રોગ, અસ્થૈર્ય અને અપદવનો

વિનાશ કરી સંસારના સર્વ અશ્રેયને હરે છે.

માતા-પિતાનો ઉપકાર દીક્ષા લેવાથી વળે છે તથા

દેવ-ગુરુનો ઉપકાર મોક્ષે જવાથી વળે છે.

ઉપકારીના ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે જ

દીક્ષા લેવાની છે અને તેનું ફળ સર્વ કર્મથી મુક્તિ છે.

ઇષ્ટદેવતાનો મંત્રોપદેશ ગુરુ વડે મેળવવો, તે દીક્ષા

પાપનાશ કરી દિવ્યજ્ઞાન દે, શ્રેયદાન-અશિવક્ષપણ કરે.

જેનું પ્રધાનતત્ત્વ સમતાભાવ છે, તે દીક્ષાના ચાર ભેદ છે:

(૧) ક્રિયામયી (૨) વર્ણમયી (૩) કલામયી (૪) વેધમયી.

ગુરુ શ્રોત્રિય અર્થાત્ બ્રહ્મનિષ્ઠ જોઈએ અને

બહુશ્રુત અર્થાત્ ગીતાર્થ પણ જોઈએ.

ગુરુ તરફથી મળેલા પ્રેરણાને પણ 'દીક્ષા' કહે છે.

## 'દીક્ષા' શબ્દના ૪ નિક્ષેપા

નામદીક્ષા - કીર્તિનું કારણ છે.

સ્થાપનાદીક્ષા - આરોગ્યનું કારણ છે.

દ્રવ્યદીક્ષા - વ્રતોમાં સ્થિરતાનું કારણ છે.

ભાવદીક્ષા - સમ્યગ્દર્શનાદિ ગુણો શ્રુત અને ક્રિયાના આસ્વાદનું કારણ છે. વ્રતધારી 'મહાપુરુષો' ગણાય છે.

દીક્ષા એ મનુષ્યના આધ્યાત્મિક વિકાસનું સીમાચિહ્ન છે.

સ્વને સાધે તે સાધુ. દીનતાનો ક્ષય તે દીક્ષા.

સિદ્ધ થવું એટલે પૂર્ણ થવું. મોહનો ક્ષય તે મોક્ષ.

## મોક્ષ સાધનાના ૬ માર્ગમાં એક દીક્ષા

ભક્તિ, ધ્યાન, વિનય, ક્રિયા, આત્મસંશોધન અને દીક્ષા.
આ ૬ માર્ગે વિચક્ષણ સાથે પરમમોક્ષ સાધી શકાય.

દીક્ષા એ દીક્ષિત ગણાવા માટે નહિ, પરંતુ
ઈશ્વરી યોજનામાં યથાશક્તિ સહકાર આપવા માટે છે.

દરેક દીક્ષા આત્મબળ વધારીને
દૃષ્ટિમર્યાદા વધારે છે, નવી શક્તિ ખીલવે છે.

# બ્રહ્મચર્યથી આત્મદર્શન

(૧) બ્રહ્મચર્ય માટે સ્વાંગાની જુગુપ્સા એ ધ્યાનયોગ છે.
(૨) તે માટે જોઈતા અસંસર્ગ કાળ યમ અને નિયમ છે.
(૩) બ્રહ્મચર્ય માટે સત્ત્વશુદ્ધિ લાવવા શુચિતા જરૂરી છે.
(૪) પ્રસન્નતા રાખવા સપ્તવિધ કાર્યક્રમ આવશ્યક છે.
(૫) એકાગ્રતાથી (૬) ઇંદ્રિયજય દ્વારા (૭) આત્મદર્શન.

આત્મસાક્ષાત્કારથી આત્માના અજ્ઞાન અને
મિથ્યાત્વનો નાશ, તેથી રાગાદિનો નાશ, તેથી
પુણ્ય-પાપનો નાશ, તેથી જન્મ-મરણનો નાશ થાય છે.

બ્રહ્મચર્ય એ કરુણા અને ભાવપરાયણતા પણ હોઈ શકે.

કરુણામૂલક બ્રહ્મચર્ય જ સહજ બને છે.

જે સાધક કઠિન બ્રહ્મચર્યનું પાલન કરે છે,
તે અનેક સદ્ગુણો ખીલવે છે.

બ્રહ્મચર્યમાં બ્રહ્મદૃષ્ટિ અને બ્રહ્મનિષ્ઠા રહેલી છે.

બ્રહ્મચર્ય ઉપરનો ભાર, તપ-વ્રતોનો આગ્રહ અને
બધા સાત્વિક આચાર ધર્મો, એ જૈન ધર્મનો નિચોડ છે.

જો ૧૨ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળે,
તો શરીરમાં એક શુલ નાડી ઉત્પન્ન થાય છે.

પ્રભુ વીરે ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના ૪ સિદ્ધાંતો સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહમાં પાંચમો બ્રહ્મચર્યનો સિદ્ધાંત ઉમેર્યો. એમનો અભિપ્રાય એવો હતો કે બ્રહ્મચર્યના પાલન વિના આધ્યાત્મિક દ્રષ્ટિનો વિકાસ થતો નથી.

અભિપ્રાયના પાલનમાં વ્રતો ઉપકારક હોય છે, માટે એમણે વ્રતબદ્ધ જીવન ઉપર ઘણો ભાર મૂક્યો. ઉપવાસ, મૌન, સદ્વિચાર, એકાંત વગેરે વ્રતો મનુષ્યોની સૂક્ષ્મ શક્તિઓને વિકસાવનારા છે, એવો દરેક ધર્મનો મત છે અને જૈન ધર્મનો તો તે માટે ખાસ આગ્રહ છે.

બ્રહ્મચર્યના પાલન માટે આંખ અને કાનને તાળુ લગાડવું જોઈએ, તોય ૯૦% સુધારો થઈ જાય છે.

સંયમ કુદરતી છે, ભોગ કૃત્રિમ છે.

ભોગાર્થ મિથુનભાવ શાસ્ત્ર કે જીવને સંમત નથી,
પરન્તુ પ્રજોત્પાદન ઈશ્વરીય કર્મ છે.

## બ્રહ્મચર્યનો અદ્ભુત મહિમા

માનવદેહે આત્મા અને પરમાત્માના દર્શન કરાવે છે.

'બ્રહ્મ'નો અર્થ પરમાત્મા, પ્રકૃતિ અને વેદ.

ધર્મના અર્થને સમજવા અને હૃદયમાં ઉતારવા જે જીવનચર્યા શાસ્ત્રોએ નક્કી કરાવ્યા છે, તેનું પાલન કરવું.

ઈશ્વર અતીન્દ્રિય છે.

તેનું જ્ઞાન મેળવવા ઇંદ્રિયનિગ્રહ કરવો, તે 'બ્રહ્મચર્ય.'

બ્રહ્મચર્યનું વ્રત શાસ્ત્રોનું જ્ઞાન કરવા માટે છે.

ઇંદ્રિયો જગતના પારકા પદાર્થોને હૃદયમાં ઘાલવે છે. તે પારકા પદાર્થો અંતઃસ્થ ન થાય અને પરમાત્મારૂપી પોતાની માલિકીનો પદાર્થ જ અંતઃસ્થ થાય, તે માટે બહારના પદાર્થોને અંદર લાવવામાં કુશળ એવી પાંચ ઇંદ્રિયોનો એકી વખતે નિગ્રહ, તે જ 'બ્રહ્મચર્ય' કહેવાય. બ્રહ્મચર્ય ન પળાય, ત્યાં સુધી અસ્તેયવ્રત શુદ્ધ ન થાય, સત્ય સ્પષ્ટ ન થાય અને અહિંસા માર્જિત ન થાય.

ઇંદ્રિયોના ભોગો સંસ્પર્શજ અને દુઃખયોનિ જ છે.

## ઇંદ્રિયોનો દુરુપયોગ નહીં, ઉપયોગ

તપનું લક્ષણ વાચની પુષ્ટિ છે.

ઇંદ્રિયોનો દુરુપયોગ એ પ્રવૃત્તિનો સંકોચ કરવારૂપ છે નહીં. ઇંદ્રિયોનો ઉપયોગ એ આત્માના ગુણો અને વાયગુણોના સ્વરૂપને અનુકૂળ પ્રવૃત્તિ કરવારૂપ છે.

જો ગ્રન્થિનો ભેદ થવાથી હેય - ઉપાદેય અર્થના વિવેકવાળું જ્ઞાન થયું, તો પછી હેય - ઉપાદેયનો વિવેક કરાવનાર શાસ્ત્રરૂપ સાધનની આ જગતમાં આવશ્યકતા જ શી?

કોઈપણ ધર્મમાં સૌ પ્રથમ બ્રહ્મચર્યની વાત આવે છે.

## ઘોર નરક કયું? પોતાનો જ દેહ!

આ શરીરમાં સુંદર શું છે? મૂત્ર, વિષ્ટા, રુધિર, માંસ વગેરે અતિશય દુર્ગંધયુક્ત પદાર્થો તેમાં સુંદર ભરેલાં છે.

## બ્રહ્મચર્ય વિના મન સ્થિર રહેતું નથી.

બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે.

બ્રહ્મચર્યનું પાલન કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

તપ = આહારનો નિયમ, બ્રહ્મચર્ય = ઉપસ્થેન્દ્રિય સંયમ.

## બ્રહ્મચર્ય સાધે છે જીવવાનો આશય.

જે બ્રહ્મપ્રાપ્તિને અર્થે જ જીવે છે, તે પોતાની શક્તિનો
એક અંશ પણ પોતાના સુખભોગ માટે ખરચી ન શકે.
પ્રત્યેક ઈંદ્રિયનો ઈંદ્રિયસુખને માટે ઉપભોગ થાય,
તો સમજવું કે તે તેટલો બ્રહ્મથી દૂર છે.

જેણે બ્રહ્મદૃષ્ટિએ જીવનની સાધના કરવી હોય,
તેણે દરેક વસ્તુ અને કર્મમાં સંયમ જાળવવું જ જોઈએ.
'આ શરીર ભોગ માટે નહિ પણ ભક્તિ માટે છે'
એમ સમજવું એટલે બ્રહ્મચર્ય.

'બ્રહ્મચર્ય' એટલે બ્રહ્મમાં વિચરતાં વિશ્વમાનવ બનવું,
સર્વ પ્રકારની સંકીર્ણતાથી ઊંચે ઊઠવું, સર્વ ભૂતમાત્ર વિષે
મૈત્રી ચિંતવવાના લક્ષ્યપૂર્વકની જીવનસાધના - આરાધના.

જે ખરો વીર્યવાન હોય, તે જ બ્રહ્મચર્ય પાળી શકે.
જે નિર્વીર્ય છે, તેને આત્મલાભ થતો નહિ.
આત્મલાભ સિવાયના બધા લાભ અંતે ગેરલાભ જ છે.
વિવેકી આંખ અને અવિવેકી બરડા જેવી હોય છે.

બ્રહ્મચર્યમાં મૃત્યુંજયી તાકાત છે.

મનુષ્યમાં રહેલું શરીરબળ ક્ષત્રિય, બુદ્ધિબળ બ્રાહ્મણ,
વ્યવહારબળ વૈશ્ય અને સેવાબળ શૂદ્ર છે.

બ્રહ્મચર્ય = પરબ્રહ્મ - પરમેશ્વરનો સાક્ષાત્કાર કરાવનારું વ્રત.

તન્મયતાપૂર્વક રાત - દહાડો જો કોઈ એક જ વાત સુઝે,
તો બ્રહ્મચર્ય સહજ બની જાય છે.

તન્મયતામાં એક મોટી શક્તિ છે,
તેમાંથી બ્રહ્મનિષ્ઠા પેદા થાય, તો પૂર્ણ બ્રહ્મચર્ય ગણાય.

૫ ઈંદ્રિયોનો ઉચિત ઉપયોગ તે ભાવાત્મક બ્રહ્મચર્ય છે.

વિચારપૂર્વક - ઉદ્દેશ્ય સહિત જે શ્રમ થાય, તે તપ છે.
તે વિના જે સહન કરવું, તે તપ નહીં પણ તનતાપ છે.

'આત્મસંયમી' એટલે પોતાના ઉપર કાબુ મૂકે તે.

બ્રહ્મચર્યથી બુદ્ધિની પ્રભા અધિકાધિક તેજસ્વી થાય છે.

પ્રતિભા એ જ્યોતિ અને બ્રહ્મચર્ય એ તેનું તેલ છે.

જે લોકો પ્રતિમા - નિર્માણ કરે, તેમનામાં સ્થૂલ નિર્માણ
જેવું કે સંતાન નિર્માણની ઇચ્છા ઘટી જાય છે.

મનુષ્યને માટે બ્રહ્મચર્ય એ દીવેલ છે અને
પ્રયત્નની પ્રભા નથી, બુદ્ધિમત્તા એ એનો પ્રકાશ છે.
બ્રહ્મચર્ય રૂપી દીવેલ કે તેલ જો
સતત સિંચાતું રહે, તો બુદ્ધિમત્તા તેજસ્વી થાય છે,
અન્યથા બુદ્ધિ કમજોર થાય છે.
વીર્યમાં સર્જનાત્મક શક્તિ છે, એના કૃત્રિમ ઉપયોગથી
સંતાનવૃદ્ધિની સાથે બુદ્ધિની વૃદ્ધિ પણ અટકી જશે.
દેશના લોકોની પ્રભા કમજોર થતાં
કોઈપણ દેશ પણ સાથે-સાથે તેજોહીન જ થશે;
એ સ્વયંસિદ્ધ હકીકત છે.
બ્રહ્મચર્ય પરમાત્માનું ઉત્તમ દાન થાય છે,
કેમકે તેના કરતાં કોઈ ઉત્તમ પદાર્થ નથી.
ભક્તિ એ પંચમ પુરુષાર્થ નથી, બ્રહ્મચર્યની રક્ષામાં વાડ છે.

o

Awareness is a tool to celibacy.
અનુવાદ : સાવધાનતા એ બ્રહ્મચર્યપાલનનું સાધન છે.

દ્વાર + કા = અહીં 'ક' બ્રહ્મના અર્થમાં છે.

જ્યાં પ્રત્યેક દ્વારે બ્રહ્મ વસે છે, તે દ્વારકા છે.

શરીરના દરેક દ્વાર અર્થાત્ કે નાક, કાન, આંખ -
આદિ દરેક ઈંદ્રિય ઉપર બ્રહ્મને જુઓ,
તો જરા (ઘડપણ) અને મરણ પ્રવેશ શકશે નહીં.
રુધાનીમાં ઈશ્વરસ્મરણ રહે, તો આ જન્મ સુધરે.
બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ તો દૂર છે, પરન્તુ
તેનાં અધિકારી બનવા પણ સત્ય - તપ - બ્રહ્મચર્ય આદિ
સાધનો દ્વારા આત્માને પરિકર્ષિત કરવો જોઈએ.

## બિન્દુ અને વિસર્ગની એકતા

શ્વાસપ્રશ્વાસનું બીજું નામ હંસઃ છે. હંસઃ = સૃષ્ટિ-પ્રલય.
હં દ્વારા અસીમથી સસીમમાં જવાય છે અને
સઃ દ્વારા સસીમથી અસીમમાં અવાય છે.
હંનું બિંદુ અને સઃનો વિસર્ગ ગુરુપ્રદત્ત શક્તિ દ્વારા
દ્વિદલથી એક કરાય, ત્યાર પછી બ્રહ્મચર્ય સિદ્ધ થાય છે.
દ્વિદલમાં સમાધિ સવિકલ્પ - સહસ્રારમાં નિર્વિકલ્પ છે.

# જૈન ધર્મના મૂળ અને મુખ્ય સિદ્ધાંતો

(૧) સમતા - ઉપશમ (૨) સંયમ (3) તપ (૪) કર્મવાદ
(૫) પુરુષાર્થવાદ પ્રકૃતિ જગત્ અકર્તૃત્વવાદ
(૬) સ્યાદ્વાદ - નિષ્પક્ષપાતતા - સાપેક્ષવાદ - સમન્વયવાદ
(૭) અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહ.

ઉપરોક્ત ૭ સિદ્ધાંતોના પાયા ઉપર જ જૈન ધર્મની સ્થાપના થઈ છે. આ દરેક સિદ્ધાંતો મહત્વના છે.

શરીરનું ભોજન બ્રહ્મચર્ય છે, તેની વાડ તપ છે.
મનનું ભોજન શિવસંકલ્પ છે અને તેની વાડ સત્ય છે.
બુદ્ધિનું ભોજન ધર્મ છે અને તેની વાડ વિવેક છે.
આત્માનું ભોજન પરમાત્મા છે અને તેની વાડ વૈરાગ્ય છે.
વૈરાગ્ય વિના પરમાત્મામાં અનુરાગ અશક્ય છે.
પ્રગતિવાંચ્છુ મનુષ્યે બ્રહ્મચર્યની સાધના સિદ્ધ કરવી.
બ્રહ્મચર્યપાલન માટે સાંજનું ભોજન જતું કરવું,
માદક આહાર લેવો નહીં, મનને નવરું ન રહેવા દેવું,
સવારે સ્વાધ્યાય કરવો, ઇષ્ટનામનો જાપ વારંવાર કરવો.

દયાભાવ + સમતા + નિર્ભયતા = અહિંસા.

ત્રણે પ્રકારની અહિંસા માટે શું અનિવાર્ય ?

સાચી માનવતા અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહમાં રહેલી છે. અનેકાન્ત અને અપરિગ્રહ અહિંસામાં સમાઈ જાય છે. અનેકાન્ત એ માનસિક અને વાચિક અહિંસા છે, સત્યનો જ તે પર્યાય છે. કાયિક, વાચિક, માનસિક ત્રણે પ્રકારની અહિંસા માટે અપરિગ્રહ અનિવાર્ય છે. વાળ ન રાખવા, થોડું થોડું અને શાક વિનાનું જમવું, દિવસે ઉંઘવું નહીં, સ્નાન ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું તથા હંમેશા ખાંડ વગેરે નાંખેલા ખાદ્ય ખાવા.

ખરેખર આટલા વસ્તુ જેઓ પાળે છે,
તેઓના કર્મજ રોગો નક્કી ક્ષય પામે છે.

વૈરાગ્યની ઓછામાં ઓછી શરત કંચન-કામિનીનો ત્યાગ અને બ્રહ્મચર્ય ઉપરાંત અપરિગ્રહ વ્રતનું પાલન છે.

સંપૂર્ણ બ્રહ્મચર્ય અને સંપૂર્ણ અપરિગ્રહની
જીવન વિના આત્માનુસંધાન અશક્ય છે.

તંત્રશાસ્ત્ર પ્રમાણે વાસ્તવમાં ચાર નિયમ છે:

(૧) સર્વદા હિંસાનો ત્યાગ (૨) સર્વદા બ્રહ્મચર્યપાલન (૩) સર્વનું કલ્યાણ (૪) દુઃખમાં દીન કે સુખમાં આલીન.

દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની ચાવી ગુરૂતત્ત્વમાં છે.

ગુરૂતત્ત્વનું મુખ્ય લક્ષણ બ્રહ્મચર્ય છે.

'બ્રહ્મમાં રમણ કરવું' તે બ્રહ્મચર્યનો મુખ્ય અર્થ છે. કાયાથી પણ જેઓ બ્રહ્મચર્ય પાળે છે, તેઓ એટલા અંશે આત્મસ્વરૂપમાં રહેલા છે, એમ માનવું જોઈએ.

ખરું બ્રહ્મચર્ય ચિત્તવૃત્તિને બ્રહ્મમાં એટલે કે આત્મસ્વરૂપમાં પરોવી રાખવી તે છે.

અનાત્મભાવમાં ચિત્તવૃત્તિની રમણતા એ જ અબ્રહ્મ છે, બ્રહ્મસંબંધ કાયમ રહેવાથી પરબ્રહ્મસ્વરૂપ દેવતત્ત્વ અને એમણે પ્રરૂપેલા ધર્મતત્ત્વમાં સંબંધ કરાવવા માટે ગુરૂતત્ત્વ સમર્થ થાય છે. બ્રહ્મચર્યવાન ગુરૂના પ્રત્યક્ષ સંબંધથી જ પરોક્ષ એવા બ્રહ્મસ્વરૂપ દેવ અને બ્રહ્મમાં ચર્યારૂપ ધર્મનો સંબંધ થઈ શકે છે.

બ્રહ્મચર્યનો પૂર્ણ અર્થ ૐ શિવગંજ

બ્રહ્મમાં ચરવું કે સર્વ ભૂતોમાં પોતાને અને
પોતાનામાં સર્વ ભૂતોને માની આત્મૌપમ્યમૂલક પ્રવૃત્તિમાં
રચ્યાપચ્યા રહેવું, તે જ ખરું બ્રહ્મચર્ય કહેવાય છે.
આ અર્થમાંથી મૈત્રી - કરુણા વગેરે ભાવનાઓનો અર્થ
સંપૂર્ણાનંદજી તેમના છેલ્લા પુસ્તક ચિદ્વિલાસમાં કરે છે
અને તે 'બ્રહ્મવિહાર' કહેવાય છે.
માનવી સુમાર્ગને અનુસરે કે નહીં પણ તેના મનમાં
એક યા બીજી રીતે સુમાર્ગની પ્રતિષ્ઠા તો હોય જ છે.

બ્રહ્મચારી સદા શુચિ.

જીવ પોતે બ્રહ્મ છે, તેમાં ચર્યા તે બ્રહ્મચર્ય છે.
શાસ્ત્રોમાં અહિંસાની સાધનાને બ્રહ્મચર્ય સાધના કહી છે.
અહિંસા, બ્રહ્મ અને આત્મા - એ બધા પર્યાયવાચી છે.
વેદમાત્ર જે પદ ગાય છે, તપસ્યામાત્ર જેનું રટણ કરે છે
તથા જેની પ્રાપ્તિ માટે બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય સેવે છે,
એ પદ સંક્ષેપમાં કહું તો : ૐ છે.

તીર્થંકર નામકર્મ બંધનાં ૨૦ કારણોમાં ૯મું કારણ

બ્રહ્મચર્ય પદ : 'ૐ નમો બંભવયધારિણં ।'

પ્રશ્ન: યોગાભ્યાસી માટે કયો નિયમ જરૂરી ?

ઉત્તર: યોગાભ્યાસી માટે પ્રથમ નિયમ રૂપે

તન - મનથી સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન જરૂરી છે.

રસાનંદ અને બ્રહ્માનંદ સહોદર છે.

યોગશાસ્ત્રીઓ આનંદવર્ધન અને અભિનવગુપ્ત કહે છે.

અખંડ બ્રહ્મચર્ય અને તીવ્ર તપ વડે

પુરુષ આત્મા બ્રહ્મલોકમાં જાય છે અને

તેનું પુનરાગમન પણ થાય છે.

બ્રહ્મચર્યની પ્રાપ્તિ અને બ્રહ્મચર્યની રક્ષાની ભાવના

સાક્ષાત્ બ્રહ્મપદ અર્થાત્ પરમાત્મપદ આપવાવાળી છે.

બ્રહ્મ એટલે આત્માનું સ્વરૂપ, તેમાં રમવું તે બ્રહ્મચર્ય.

આત્મરમણતારૂપી બ્રહ્મચર્ય એ નિશ્ચય બ્રહ્મચર્ય છે.

બ્રહ્મચર્ય પાલન એ અઘરામાં અઘરી સાધના છે,

તેમ છતાં એ સિદ્ધ કર્યા વિના પ્રગતિ થઈ શકતી નથી.

## જીવનના ચાર ભાગ

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત.

કામને જીતવો મુશ્કેલ છે, માટે બ્રહ્મચર્યનાં ખૂબ વખાણ કર્યાં છે. કામ ક્યાં વસે છે? સ્ત્રીઓના કેશ અને મુખમાં, કિન્તુ પગમાં નહીં. પુરુષોના પગ અને અધોભાગમાં, કિન્તુ મુખ અને ઉપરના ભાગમાં નહિ. કામ દેખાતો નથી, છતાં સૌને મારે છે, ઈશ્વર દેખાતો નથી, છતાં ઈશ્વરનું ચિંતન કરતાં કરતાં ઈશ્વરમય બની જવાય છે.

ચામડીનો વિચાર કરે, તેને ચમાર બનવું પડે.

કામ પહેલાં આંખમાં - પછી મનમાં આવે છે.

<u>કામને આધીન થાય તે જીવ, કામને આધીન કરે તે શિવ.</u>

કામને મારનાર કાળને મારે છે.

<u>બ્રહ્મચર્યની સાધના માટે સંયમની સાધના જોઈએ.</u>

મન, વાણી, દ્રષ્ટિ, આહાર વગેરેનો સંયમ એ જ બ્રહ્મચર્યમાં પરિણમે છે. અમૃતના એક બુંદ કરતાં પણ અનુભવનું એક બુંદ અધિક શ્રેષ્ઠ છે.

## સૂક્ષ્મ વિષય એવા આયા [illegible]નો શો અર્થ?

પ્રાણ અથવા બુદ્ધિ તે જ્યોતિ છે.

દીપકમાં જ્યોતિ રહે છે, તે તેલથી બળે છે.

તેલ ખતમ થઈ જશે, તો જ્યોતિ બુઝાઈ જશે.

પ્રાણ જ્યોતિના સ્થાને છે તથા વાયુ તેલના સ્થાને છે.

જો વાયુહાનિ થતી ગઈ, તો પ્રાણ ખતમ થઈ જશે.

પ્રાણની આવશ્યકતા સમજશે, તે વાયુહાનિ થવા નહીં દે.

વાયુહાનિ = પ્રાણહાનિ. પ્રાણ માટે વાયુ ઉપયોગી છે.

ચાહે આધ્યાત્મિક હો, ચાહે વૈજ્ઞાનિક હો પણ

બધા મહત્ત્વના સંશોધનો માટે પ્રાણ આવશ્યક છે.

જેમને ભગવદ્દર્શનની ધૂન છે, તેઓ

વાયુહાનિ કરતાં રહેશે, તો શા રીતે ભગવદ્દર્શન થશે?

માટે વાયુહાનિ ન થવા દેવી - એ જરૂરી છે.

નવકારનો જાપ, આયંબિલનો તપ અને [illegible]નો જાપ

જો ઉપાસના અને ભક્તિની સાથે કરવામાં આવે,

તો કોઈપણ બાબતની કાર્યસિદ્ધિ શીઘ્ર બને છે.

બ્રહ્મચર્ય માટે 'અરિષ્ટનેમિં નમંસામિ' મંત્રનો જાપ
દીર્ઘકાળ શુદ્ધ કરતાં તે સિદ્ધ થાય છે.
આત્માને સર્વ પ્રકારે સંયમી બનાવવું, તે બ્રહ્મચર્ય.
તો જ અધ્યાત્મમાર્ગે પ્રગતિ થાય અને તે માટે
'દેહાધ્યાસ'નો ત્યાગ કરીને 'આત્માભ્યાસ' વધારવો.
શાસનનો ઉદ્યોત એટલે આત્માને શાશ્વત સુખ
આપનાર ચારિત્રધર્મનો ઉદ્યોત અર્થાત્
અહિંસા અને બ્રહ્મચર્ય ધર્મનો પ્રભાવ વિસ્તારવો તે.
બ્રહ્મદર્શનથી બ્રહ્મચર્ય પૂર્ણ બને, તેથી
સર્વત્ર બ્રહ્મદર્શન એ જ સાચું બ્રહ્મચર્ય.
બ્રહ્મચર્ય = વીર્યનું સંરક્ષણ, શોધન અને ઉર્ધ્વીકરણ.
બ્રહ્મવ્રતનું પાલન ન કરનારનાં બધાં વ્રતો નિષ્ફળ છે
અને પાલન કરનાર સર્વ વ્રતોનો પાલક ગણાય છે.
નમસ્કાર મંત્ર સિદ્ધ થવાથી બ્રહ્મચર્યવ્રત સ્થિર થાય.
ચારિત્ર = બ્રહ્મચર્ય તથા તપ = તિતિક્ષા.
બ્રહ્મચર્ય = મન, ઈન્દ્રિયોને બાહ્યવિષયોથી નિરુદ્ધ કરવા.

# બ્રહ્મચર્ય તથા ઇંદ્રિયનિગ્રહ

જીવનનું ઉત્તમ ધ્યેય નિશ્ચિત થતાં થતાં બ્રહ્મની ઉપાસના સુધી પહોંચે અને એ માટે બધી ઇંદ્રિયો અને મન ઉપર સંપૂર્ણ કાબૂ હોય, તેનું નામ 'બ્રહ્મચર્ય'. ઇંદ્રિયો અને મનને સાવ દબાવવાનાં હોતાં નથી, પરન્તુ બન્નેને યોગ્ય દિશામાં લઈ જવાનાં હોય છે.

ખાવું, પીવું, બેસવું, ઊઠવું, બોલવું, ચાલવું -
આ બધી વસ્તુઓમાં નિયમન હોય,
તો જ ઇંદ્રિયનિગ્રહ શક્ય છે.

ઘડામાં નાનું સરખું કાણું હોય, તો પણ તે પાણી ભરવા યોગ્ય રહેતો નથી, એ જ વાત અહીં લાગુ પડે છે.

આધ્યાત્મિક જીવનનો આધાર છે બ્રહ્મચર્ય.
જીવનનો સર્વોત્તમ આદર્શ પણ તે જ છે.

બુદ્ધ પણ કહે છે કે : 'अधिचित्ते आयोगः ।' અર્થાત્ :
અધિચિત્ત ઉપર બેઠક આરૂઢ કરવી.

તપ, સંયમ, ક્ષમા કે બ્રહ્મચર્ય - આધ્યાત્મિક સાધનો છે.

બ્રહ્મચર્ય = The path of absolute.

બ્રહ્મચર્ય = પરમેશ્વરનો સાક્ષાત્ - સૌથી મોટું ધ્યેય છે.

કોઈપણ જાગૃત ચેતનાને 'બ્રહ્મ' કહી શકાય.

પોતાને દેહથી ભિન્ન જાણવો, પ્રાણીમાત્રની સેવામાં લાગી જવું અને વિશુદ્ધ ચિત્તથી ઈશ્વરસ્મરણ કરવું: આ છે જીવનચર્યા, એને જ 'બ્રહ્મચર્ય' પણ કહે છે.

બધા ગુણોનો પાયો એક બ્રહ્મચર્ય છે.

બધી ઈંદ્રિયોની ઈચ્છા રોકી આત્મધ્યાનમાં સ્થિર થવું, તે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પરમાત્મપદની પ્રાપ્તિ કરાવે છે.

જીવનનું અંતિમ કર્તવ્ય બધી પ્રવૃત્તિ છોડીને ઉત્કૃષ્ટ આત્મધ્યાનમાં વિચરવું તે છે. પ્રભુપ્રતિમા પ્રભુમાં રહેલ યોગ, ધ્યાન અને બ્રહ્મચર્યનો બોધ આપે છે, તેથી તે યોગમુદ્રા, ધ્યાનમુદ્રા અને બ્રહ્મચર્યમુદ્રા કહેવાય છે.

'બ્રહ્મચર્ય' એટલે આત્મરમણતા અને પરવસ્તુમાં રાચવા રૂપી વ્યભિચારનો ત્યાગ. બ્રહ્મચર્યના પાલનથી જે સુખ મળે છે, તે ત્રણે લોકના સુખથી વધારે છે.

'स तत्र तपसा ब्रह्मचर्येण श्रद्धया
संपन्नो महिमानमनु भवति ।'

અર્થ: તપ, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાના અનુષ્ઠાનથી
જે સાધક સંપન્ન થાય, તે યથાર્થ મહિમા અનુભવે છે.
બ્રહ્મચર્ય આત્મરમણતારૂપ - આત્મા આનંદસ્વરૂપ છે,
તેથી તેમાં રમણ કરનારને ચિદાનંદ સુખ લાગે છે.
બ્રહ્મચર્યનું વાસ્તવિક સ્વરૂપ પાંચ ઇન્દ્રિયો અને
અંતઃકરણ ઉપર પૂરો અધિકાર પ્રાપ્ત કરી લેવો, તે છે.
એ અધિકાર બ્રહ્મનિષ્ઠાથી પ્રાપ્ત થાય છે, તેથી
બ્રહ્મનિષ્ઠ થવું, તે જ પૂર્ણ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે.
ક્રિયામાર્ગ દ્વારા બ્રહ્મચર્યનું રક્ષણ કરવા માટે
નવ વાડો અને દશ સમાધિસ્થાનોનું વર્ણન છે.
વળી સ્ત્રીજાતિના આકર્ષણથી મુક્ત રાખવા
સ્ત્રી શરીર તરફ ઘૃણા, સ્ત્રીસ્વભાવમાં દોષદર્શન અને
'સ્ત્રીજાતિ મૂળથી જ દોષની ખાણરૂપ છે'
એવી પ્રતીતિ કરાવવામાં આવે છે.

# બ્રહ્મચર્યની ૯ વાડ

(૧) બિલાડીવાળા સ્થાનમાં જે રીતે ઉંદરને જોખમ છે, તેમ બ્રહ્મચારીને સ્ત્રી, પશુ અથવા નપુંસકના રહેવાવાળા સ્થાનમાં વસવું જોખમકારક છે.

(૨) વિષયવર્ધક કથા એ વાર્તા એ ચારણના વચનથી યોદ્ધાને વીરરસની જેમ શૃંગારરસ જગાડનાર છે.

(૩) ઘીના ઘડાને જેમ અગ્નિનું સાંનિધ્ય, તેમ પુરુષે સ્ત્રીએ બેઠેલા આસને બે ઘડી સુધી અને સ્ત્રીએ પુરુષે બેઠેલા આસને એક પ્રહર સુધી બેસવું જોખમકારક છે.

(૪) સૂર્ય સામે તાકી આંખવાળો જુએ તો આંખો જવાનું નુકસાન થાય, તેમ સ્ત્રીના રૂપ, વસ્ત્રાભરણ, અંગોપાંગાદિ જોવાથી મન મલિન થાય અને વ્રતને જોખમ થાય છે. દૃષ્ટિ કુશીલ એ પતનનું પ્રથમ પગલું છે. જોવા બાદ વાર્તાલાપ, પરિચયાદિ વધે અને વ્રત ચૂકી જવાય છે. જોવાનું જ બંધ થાય, તો વ્રત સુરક્ષિત રહે. નાટક, સિનેમા, નાચ - ગાન, મેળા - લગ્નાદિ વિકારવર્ધક છે.

(૫) દંપતી સૂવે અને તેમના શબ્દ વગેરે સંભળાય, તો
મેઘગર્જના વડે મયૂરની જેમ પ્રીતિ જાગે છે.

(૬) પૂર્વે ભોગવેલ ભોગોને યાદ કરવાથી જુના વૈરવિરોધ
ના વ્હાલાના વિયોગાદિના સ્મરણની જેમ વાસના જાગે છે.

(૭) સંન્નિપાતવાળાને દૂધ - સાકર ખરાબીનું કારણ થાય,
તેમ બ્રહ્મચારીને ઘી - દૂધ વગેરે પૌષ્ટિક પદાર્થો અને
તેલ, મરચું, ખટાશ વગેરે ઉત્તેજક પદાર્થો વર્જ્ય છે.

(૮) 'શેરની હાંલ્લામાં સવા શેર ખીચડી'ની જેમ
ભૂખ અને તરસથી વધુ આહાર - પાણી,
આળસ અને રોગ ઉત્પન્ન કરે.
હાલ્લું ફૂટે અને ખીચડી ઢોળાઈ જાય!

(૯) જ્યાં મીઠાશ હોય, ત્યાં માખીઓ અને
જ્યાં સુવાસ હોય, ત્યાં જેમ ભમરાઓ કનડે,
તેમ શરીરનો શણગાર વિષયી જીવોને કનડે છે.

આ નવ વાડ ઉપરાંત દશમો દુર્ગ છે, તે વિકારજનક
શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શની અભિલાષાનો ત્યાગ છે.

આ દશાને બ્રહ્મચર્યની દશ સમાધારી પણ કહી છે, તેમાં એકનો પણ ભંગ નીચેની સાત જાતની હાનિ કરે છે:

(૧) શંકા - પોતાને અસ્થિરતા, લોકોને શંકા.

(૨) કાંક્ષા - વિષયેચ્છા જાગે.

(૩) વિતિગિચ્છા - શીલ પ્રત્યેનો પ્રેમ અને રુચિ ઘટે. તેનું અપૂર્વ ફળ ભૂલાય અથવા ફળમાં સંદેહ થાય.

(૪) ભેદ - ભાવબ્રહ્મચર્ય નાશ પામે, મન વિષયોના પ્રસંગો અથવા તેવા સંયોગોને શોધે.

(૫) ઉન્માદ - બુદ્ધિનાશ થાય, હિતાહિત ન વિચારી શકે. ગાંડા માણસની જેમ સારી વસ્તુ ફેંકી ખરાબ ગ્રહણ કરે. પરમ સુખનું કારણ એવું બ્રહ્મચર્ય વ્રત છોડી અનંત દુઃખદાયી એવા ભોગમાં સુખ દેખાય.

(૬) રોગ - દીર્ઘકાળ પર્યંત દુઃખ આપે, તેવા ગંભીર-ભયંકર રોગો થાય. આ જન્મમાં કદાચ ન પણ થાય, તો જન્માંતરમાં તો અનંત રોગમય ભવો મળે જ.

(૭) ભ્રંશ - કેવળી દ્વારા પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય.

એકેક વાડને તોડવાથી જો ૭-૭ ગુણસ્થાન થાય,
તો અનેક વાડોને તોડનારની શી દશા થાય?
એ માટે નવ વાડ અને દશમા કિલ્લા દ્વારા
દૃઢતાપૂર્વક આત્મરક્ષા કરવી જરૂરી છે.

બ્રહ્મચર્યના પાલન વડે જેણે આત્મસ્વરૂપને ઓળખ્યું,
તે સંસારસમુદ્ર તરી ગયો, માત્ર ખાબોચીયાં જેટલું
તરવું બાકી છે, પછી અનંત - અવ્યાબાધ સુખ મળે!
ઠંડું અને સારું ખાવું, તે રોગ ખાવા બરોબર છે.
બ્રહ્મ માટે ચર્યા એટલે આચરણ, તે બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્યમાં પવિત્ર આચરણ તથા સત્ય, અહિંસા,
અપરિગ્રહ તથા સાત્વિક આહાર, જનસંગનો ત્યાગ,
અતિશ્રમનો પરિત્યાગ, પ્રાતઃસ્નાન, ત્યાગાદિ જરૂરી છે.
અહિંસા માટે ઇંદ્રિયોનો સંયમ અને
સંયમ માટે મન અને દેહનો નિરોધ તે ધર્મસ્વરૂપ છે.
અહિંસા એ આત્મસાક્ષાત્કારનું પરિણામ છે.
આત્મજ્ઞાન વડે મિથ્યાત્વ - અવિરતિ વિલીન થઈ જાય.

જેમ સાગર તરી જનારને નદી તરવી સુતર છે, તેમ
સ્ત્રીસંગનાં ત્યાગીને બાકી બધો જ ત્યાગ સુકર છે.

પુરુષમાં સ્ત્રી (માતા) - સ્ત્રીમાં પુરુષ (પિતા) અંતર્હિત છે.

આપણા મનમાં પરસ્પર વાસનાની
સરિતાનો પ્રચંડ ધોધ વહેતો જ રહેતો હોય છે,
તેને શુભ માર્ગે વાળતાં શીખવું જોઈએ.
એ માટેનો ઉપાય માતૃભાવ કેળવવો તે છે.

સંયમીને માટે વિભૂષા, સ્ત્રીસંસર્ગ, રસગૃદ્ધિ આદિ સૌ
તાલપુટ વિષ - ઝેર સમાન છે.

સ્ત્રીસંસર્ગ ત્યાગીને બાકી વસ્તુઓ છોડવી સહેલી છે.
સ્ત્રી - પુરુષ બન્ને માટે તે સમાન હિતકર છે.
બ્રહ્મવ્રતનું પાલન ઉત્તમ સમાધિને આપે છે.

અગ્નિ અને લાખ, બિલાડી અને ઉંદર, માર્જાર અને કુક્કુટ,
તેમ સંયમી પુરુષોને સ્ત્રીનો સંપર્ક ત્યાજ્ય છે.

સંયમ પાળવામાં જે પુરુષ પરમ નિપુણ હોય,
તે કોઈની પણ સાથે ક્યારેય વૈર અથવા વિરોધ ન કરે.

## છઠ્ઠું બ્રહ્મચર્ય એટલે... ૮ વસ્તુનો ત્યાગ

સ્ત્રીનું સ્મરણ, ગુણકથન, ક્રીડા, પ્રેક્ષણ, ગુહ્યવાર્તા, વિષયભોગનો સંકલ્પ, સમય અને સ્થાનનો સંયોગ તથા વિષયભોગ - એ આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ. પરસ્ત્રી તથા નિષિદ્ધ તિથ્યાદિના ત્યાગીને અને માત્ર ઋતુકાળે જ સ્વસ્ત્રીગમન કરનારને બ્રહ્મચારી કહ્યો છે, તે ગૌણ પ્રયોગ છે, કેમકે યોગદર્શનમાં કહ્યું છે કે: 'બ્રહ્મચર્યપ્રતીષ્ઠાયાં વીર્યલાભઃ।' બ્રહ્મચર્યથી સઘન મનુષ્યને સર્વ પ્રકારના કર્મ કરવાનું અને નિષ્કામ મનુષ્યને કામરૂપ શત્રુનો વધ કરવાનું સામર્થ્ય મળે છે. બ્રહ્મચારીને દેવની ઉપમા છે, કારણ કે કામજય દ્વારા દેવત્વ આદિ પ્રાપ્તિની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

આરોગ્યયુક્ત દીર્ઘાયુષ્યનું સાધન તથા પરમ શ્રેષ્ઠ તપ પણ પૂર્વોક્ત બ્રહ્મચર્ય જ છે.

## બ્રહ્મચર્ય એટલે... પ્રભુપ્રાપ્તિ માટે સર્વ ઈંદ્રિયોનો સમજપૂર્વકનો સંયમ.

તીર્થંકરો પણ બ્રહ્મવ્રતધારી હોય છે.

વીતરાગ પણ ગુપ્ત બ્રહ્મચારી હોય છે અર્થાત્
નવ ગુપ્તિ સનાથ બ્રહ્મવ્રતને ધારણ કરનારા હોય છે.
ગુપ્તિનો ભંગ તે બ્રહ્મચર્યનો ભંગ છે.
નવ ગુપ્તિનું પાલન તે બ્રહ્મચર્યનું પાલન છે.

શ્રાવકને સાંસારિક અર્થ-કામની ક્રિયામાં જરૂર હિંસા
લાગે છે, તે ત્યારે જ જાણે કે જ્યારે તે ક્રિયામાં
એની અકર્તવ્ય - હેય - અનુપાસ્ય બુદ્ધિ જીવંત હોય.
વળી સ્વદારાસંતોષ વ્રતધારીનું સ્થૂલ બ્રહ્મચર્ય એ
ત્યારે જ સાચું ગણાય કે એ શ્રાવક સ્વપત્ની સાથેના
અબ્રહ્મને પણ પાપ, હેય અને અકર્તવ્ય માનતો હોય.
એજ રીતે પાંચમું અણુવ્રત પણ ત્યારે જ સાચું ગણાય
કે પોતે જે પરિગ્રહ રાખે છે,
તેને પણ પાપ, હેય આદિ માનતો હોય.

કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અહંકાર, સ્વાર્થની સામે
તરફ ક્ષમા, ઉદારતા, નમ્રતા, તપ, શૌચ, બ્રહ્મચર્ય છે.

## દુષ્કર છે બ્રહ્મચર્યપાલન... તેથી

'देव-दाणव-गंधव्वा-जक्खरक्खस्स-किन्नरा।
बंभयारिं नमंसंति दुक्करं जे करेन्ति तं ॥१॥' અર્થાત્:

જે દુષ્કર એવું બ્રહ્મચર્ય પાળે છે, તેને દેવ-દાનવ-ગંધર્વ-યક્ષ-રાક્ષસ અને કિન્નરો નમસ્કાર કરે છે.

નિજસ્વરૂપમાં રહેવું, તે બ્રહ્મચર્ય છે અને પરસ્વરૂપમાં જવું, તે અબ્રહ્મચર્ય છે, તેનાથી ચામડાની ઝુંપડીની કાળજુની આગનો ભડકો ભપકી ઉઠે છે. તપરૂપી મહાતીર્થમાં તરબોળ થયેલાં તારકાત્માને શરીરની કૃશતા, જ્વર, કોમળતા, ઉલ્ટીની શંકાદિ થતું નથી. અન્ય ઈંદ્રિયોના વિકારોની વૃદ્ધિ પણ રોકનાર થાય, તેમ માનસિક વિકલ્પોનો રાફડો પણ રોકનાર જ છે.

પરબ્રહ્મનું પરમ કારણ, આત્માના સ્વરૂપ બ્રહ્મચર્ય માટે તે સમર્થ થઈ શકતો નથી. ઈંદ્રિય અને માનસિક વિકાર બ્રહ્મના પ્રતિપક્ષી છે! યોગની બધી સાધનામાં બ્રહ્મચર્ય જરૂરી છે.

ચિત તે આત્મા અને અચિત તે જડ.

અહિંસા જોઈતી હોય, તો બ્રહ્મચર્ય આવશ્યક છે.

બ્રહ્મચર્ય વિના અહિંસા ટકે નહીં, અબ્રહ્મવૃત્તિ એ તો હિંસામાત્રનું મૂળ છે. શરીરથી થતાં તપનું વર્ણન કરતાં ગીતાએ અહિંસા અને બ્રહ્મચર્યને એક કક્ષામાં મૂક્યાં છે.

શરીરથી પ્રાણનો વિયોગ ન કરવો તે અહિંસા, ઉપસ્થ ઇંદ્રિયને પોતાના સંયમમાં રાખવી તે બ્રહ્મચર્ય અને સ્વધર્મનું આચરણ કરવું, તે તપ.

મનોનિગ્રહ માટે તપની, ઇંદ્રિયનિગ્રહ માટે સંયમની અને શરીરનિગ્રહ માટે અહિંસાની જરૂર છે.

અહિંસા માટે આત્મસ્વભાવનું જ્ઞાન,
તપ કરવા માટે મનના સ્વભાવનું જ્ઞાન તથા
સંયમ માટે શરીરના સ્વભાવનું જ્ઞાન જરૂરી છે.

અહિંસા વિશ્વરૂપ છે, માટે ભક્તિપ્રેરક છે.
સંયમ સ્વરૂપ છે, માટે ક્રિયાપ્રેરક છે.
તપ સ્વપર ઉભયરૂપ છે, માટે જ્ઞાનપ્રેરક છે.

અરસ નહીં, વિરસ ગોચરી એ આહાર બરાબર છે,
ઉણોદરી એ કાયોત્સર્ગ તપ બરાબર છે નહીં,
વિહાર એ અનશન તપ બરાબર છે.

રસના જીતવાથી બ્રહ્મચર્ય - બ્રહ્મચર્યથી મનોગુપ્તિ.

આસક્તિથી રસ, રસથી વિકાર, વિકારથી દુર્ગતિ.

ઇંદ્રિયો મનના દલાલ - ઇન્દ્રિયવિકાર મનના દલાલ છે.

ઘૃતાદિ વિગઈઓ દૂધ રસમય પદાર્થો બ્રહ્મચારીએ વગર કારણે ઉપયોગમાં લેવા જ નથી, કેમકે તે ખાનારને વિગઈઓના તે રસો મોહનું દેદીપ્યમાનપણું કરનાર છે. વિગઈઓ જરૂર છોડવી. મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું.

'બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ।' અર્થાત્: બ્રહ્મચર્ય તથા અહિંસાસેવન શારીરિક તપ કહેવાય છે.

વિશુદ્ધ બ્રહ્મચર્યને ધારણા કરનારનું ધ્યાન કરવાથી સંકલ્પ - વિકલ્પોથી રહિત થઈ મનોગુપ્તિ સધાય છે.

બ્રહ્મચર્ય પાલન માટે પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોની સેવા - ભક્તિ પણ ખૂબ સહાયક નીવડે છે.

બ્રહ્મચર્યની સાધના માટે સંયમની દૃઢ સાધના જોઈએ.

મન, વાણી, દૃષ્ટિ, આહારનો સંયમ બ્રહ્મચર્યમાં પરિહાર્ય.

'નાણદંસણસંપન્નં સંજમે ય તવે રયં ।
એવં ગુણસમાઉત્તં સંજયં સાહુમાલવે ॥૧॥'

અર્થ: જ્ઞાન-દર્શનથી યુક્ત, સંયમ અને તપમાં રક્ત - આવા પ્રકારના ગુણોયુક્ત સાધુને 'સાધુ' કહેવાય છે.

આત્મરક્ષા કરનાર સાધુ છે. તે આત્મરક્ષા આ રીતે થાય.

અહિંસાવંત - લોકવ્યાપારરહિત સાધુને જે સુખ છે,
તેવું સુખ ઇંદ્ર કે ચક્રવર્તીને પણ નથી.

આત્મસાક્ષાત્કાર માટેની પ્રથમ શરત

અર્થ અને કામની વાસનાથી સર્વથા વિરક્ત થવું, તે છે.

જ્ઞાનદશા સહનશીલતા રૂપ છે અને
બ્રહ્મચર્યની ગુપ્તિ આદિના નિવાસસ્થાન રૂપ છે.

શુદ્ધ જ્ઞાનની સાથે તપ જોડાયેલો છે.

જ્ઞાનીઓ કહે છે: 'જ્ઞાનયોગઃ તપઃ શુદ્ધમ્ ।'

ઊર્જઃ = શારીરિક શક્તિ - બ્રહ્મચર્ય.

## બાર સ્થાનકોમાં પણ બ્રહ્મચર્ય પદ

અરિહંત, સિદ્ધ, પ્રવચન, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય,
સાધુને વિષે વત્સલતા, જ્ઞાન, દર્શન, વિનય, ચારિત્ર,
બ્રહ્મચર્ય, ક્રિયા, તપ, ગૌતમ, જિન,
સંયમ, અભિનવ જ્ઞાન, સૂત્ર અને તીર્થ—
એ રીતે પણ બાર સ્થાનકો અન્યત્ર કહ્યાં છે.
ઉપદેશકને અંતરાયનો બંધ નહિ, શ્રોતાને ઉદય નહિ.
તેમ ન માને તો બ્રહ્મચર્યનો ઉપદેશ પણ ન અપાય.
તપમાં જેમ રસનેન્દ્રિયના ભોગનો ત્યાગ, તેમ
બ્રહ્મચર્યમાં સ્પર્શેન્દ્રિયના ભોગનો ત્યાગ છે.
જેમ મોહનીયના ઉદયે બંધાતું અશુભ કર્મ બચવા
માટે વર્જવું જરૂરી છે, તેમ મોહના ઉદયથી થતી પાંચે
ઈંદ્રિયોની આસક્તિ આદિ અશુભ પરિણતિને રોકવા
માટે પ્રબળત્તર સાધન તપ અને તેનો ઉપદેશ છે.
મંદ સત્ત્વવાળાને ચલચિત્તતા બધા પ્રતિજ્ઞામાં રહેય,
તેમ તપમાં પણ ક્વચિત્ સંભવે.

દ્રવ્યક્રિયા ભાવક્રિયાનું કારણ બને, તેમાં બ્રહ્મચર્ય:
(a) ગચ્છપારતંત્ર્ય (b) અસદ્ગ્રહનો ત્યાગ
(c) આનુષંગિક કષાયનિરોધ, બ્રહ્મચર્યનું પાલન તથા
જિનપૂજાદિ પરિણામ દ્વારા માર્ગાનુસારીભાવની પ્રાપ્તિ.

બ્રહ્મચર્ય એ બંધનનું સ્થાન છે અને
અનુગ્રહબુદ્ધિ, શાસ્ત્ર અને યુક્તિ - એ ઉપાય છે.

ગચ્છમાં ઓછામાં ઓછું આટલું હોવું જોઈએ:
(1) બ્રહ્મચર્યપાલન માટે જાગૃતિ (2) સર્વ પ્રકારના
અર્થસંગ્રહનો ત્યાગ (3) ગુર્વાજ્ઞા પરતંત્રતા (4) ધાર્મિક
અનુષ્ઠાનોનું નિયમિત આચરણ (5) સમ્યક્ત્વની દૃઢતા.

અબ્રહ્મસેવન અનંત કર્મબંધનનો હેતુ છે અને
બ્રહ્મચર્યપાલન અવ્યાબાધ સુખનો હેતુ છે.

સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ,
જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી બની શકાય છે.

જે સ્ત્રીના દર્શનથી પુરુષની ભોગવાસના નાશ પામે, જેના
પ્રત્યે જનેતાભાવ જાગે, તે સંસારની શ્રેષ્ઠ નારી છે.

જૈન મુનિઓને જે - પાંચ યા માત્ર દશ વર્ષ નહિ...
પરન્તુ જીંદગીભર જવાબદારીવાળું જીવન સમતોલપણે
ટકાવી રાખવામાં બ્રહ્મચર્ય બહુ મોટો ભાગ ભજવે છે.

તમામ જૈન મુનિઓનું શિષ્ટસમ્મત - ક્રિયાવિધિ ભરપૂર
સર્વજ્ઞમાન્ય ધાર્મિક અનુષ્ઠાનોનું આચરણ હોય છે,
કોઈના દબાણ કે લાલચથી નહિ. કોઈની ખુશામત માટે કે
છૂપો સ્વાર્થ સિદ્ધ કરવા માટે પણ નહીં, કિન્તુ સ્વેચ્છાથી,
ઊંડી શ્રદ્ધાપૂર્વકની સમજથી, મહાન અને ઉદાત્ત જીવનના
હેતુથી, ઉત્તમ પરિણામો અને આદર્શની દૃષ્ટિથી કરે છે.

બાહ્ય દૃષ્ટિથી નહીં તો પણ
કેવળ મુનિઓના આચારના પાલનની ખાતર પણ
સ્વાશ્રય, સંયમ, સાદાઈ, ક્ષમા, સરળતા, નિર્લોભતા,
નિઃસ્વાર્થતા, ઉદારતા, ત્યાગ, બ્રહ્મચર્ય વિગેરે ગુણોના
પાલનની સચોટ તાલીમ ટકાવી જ રાખવાની હોય છે
અને સાથે તેના દાવામાં બાહ્ય અનેક
નૈતિક ગુણોની આરાધના જ ખીલવણી થાય છે.

જે ધર્મે અહિંસા - સત્ય - અચૌર્ય - બ્રહ્મચર્ય અને

સંતોષમય જીવન જીવવાનો ઉપદેશ કર્યો છે,

જે સર્વમંગળોનું મંગળ છે, સર્વકલ્યાણોનું કારણ છે,

સર્વ ધર્મોમાં અને સર્વ દર્શનમાં પ્રધાનપદ ભોગવે છે,

તે જૈન ધર્મને કોટિ કોટિ વંદના, અગણિત વંદના હો.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે કે:

તમારા જીવનમાં જેટલાં પ્રમાણમાં પવિત્રતાને સ્થાન

મળ્યું હશે, એટલાં જ પ્રમાણમાં તમને શાંતિ મળશે,

તેથી પ્રથમ પવિત્ર બનવા પ્રભુને પ્રાર્થના કરતાં રહો.

શ્રી ચૈતન્ય મહાપ્રભુ કહે છે કે:

પોતાના સંન્યાસી શિષ્યોને સુક્ષ્મ રીતે પણ

કામવાસનાનું ભોજન - પાલન કરવું કે કરાવવું નહિં.

શ્રી અરવિંદ કહે છે કે:

પૂર્ણયોગના સાધકોની માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન

અનિવાર્ય છે. જેને પણ અંતરમાંથી આદેશ થયો હોય,

તે પૂર્ણયોગની વિકટ સાધના અપનાવે.

## પંચશીલ ચરિત...

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

## દશવિધ ધર્મ એ તત્ત્વ છે.

(૧) ક્ષમા = અક્રોધિતા (૨) માર્દવ = માનવર્જન
(૩) આર્જવ = સરળ ભાવ (૪) મુક્તિ = નિર્ગ્રન્થિતા
(૫) તપ = ઇચ્છાનિરોધ (૬) દયા = જીવરક્ષા
(૭) સત્ય = અસાવદ્ય વાક્ય (૮) શૌચ = નિર્મલચિત્તતા
(૯) આકિંચન્ય = નિઃસ્પૃહતા. (૧૦) બ્રહ્મચર્ય = મૈથુનવિવર્જન

## (૧૦) દશમો બ્રહ્મચર્ય ધર્મ

વિવેકરહિત અને પશુ જેવી વૃત્તિનો ત્યાગ કરી, શુદ્ધ શીલવ્રત ધારણ કરવું તથા મૈથુન સંજ્ઞા ઉપર વિજય મેળવી આત્મહિત કરવું, તે બ્રહ્મચર્ય ધર્મ છે.

બ્રહ્મચર્ય ઉત્કૃષ્ટ તપ છે, સત્ય ઉત્કૃષ્ટ તપ છે.

તે વડે મન, ચિત્ત તથા બુદ્ધિની મલિનતા દૂર થાય છે.

જ્યાં બ્રહ્મચર્ય, જિનભક્તિ, કષાયનો રોધ અને સાનુબંધ જિનાજ્ઞાનું પાલન હોય, ત્યાં તે તપ શુદ્ધ છે.

## બે પ્રકારની સાધના : દૈવી અને આસુરી.

વેદાંતશાસ્ત્રમાં એને દક્ષિણ અને વામ માર્ગ કહેલ છે.
બંનેમાં શુદ્ધિ - શૌચ - બ્રહ્મચર્યનું પાલન આવશ્યક છે.

## વ્રતોમાં વ્રત - બ્રહ્મચર્ય વ્રત

વ્રતોના પાલનમાં દૃઢતા મેળવવા માટે નિયમો છે.
આત્માનાં ઊંડાણમાં રમમાણ કરવું, એજ બ્રહ્મચર્ય છે.
વ્રતો આપણા માટે છે, નિયમો માટે આપણે નહિ.
વ્રતના દાસ રહેવું નહિ. નિયમોના સ્વામી બનવું અર્થાત
પરિસ્થિતિવશ નિયમોમાં ફેરફાર કરવાનું પોતાને જ
સ્વાધીન રાખવું અને વ્રતોને સ્વાધીન પોતે રહેવું.
વ્રતભંગથી અનંત અલાભ અને દુઃખની પ્રાપ્તિ તથા
વ્રતપાલનથી અનંત લાભ અને સુખની પ્રાપ્તિ થાય.
બ્રહ્મચર્ય રૂપ તપથી રાજા રાજ્યનું રક્ષણ કરે છે અને
બ્રહ્મચર્યના બળથી જ આચાર્યો ધર્મના શાસ્ત્ર આદિને
લખવા ઉપરાંત લખાવવાનું બળ પ્રાપ્ત કરે છે, કેમકે
બ્રહ્મચર્યથી શરીરબળ અને બુદ્ધિબળ - બન્ને વધે છે.

## શીલ એટલે બ્રહ્મચર્ય.

શીલનું કારણ વ્યસનમુક્તિ અને અપ્રમાદ છે.
પોતાની જાતને જીતવી, તેનું નામ આત્મસંયમ છે.
આત્મસંયમ એજ આત્મબળ અને એજ આત્મપુરૂષાર્થ છે.
આત્મપુરૂષાર્થથી જ આત્મહિત સધાય છે.
આત્મહિત સાધવાથી પરહિત પણ થઈ શકે છે.
બ્રહ્મચર્યમાં બ્રહ્મપ્રાપ્તિની તાલાવેલી એ વિધાયક ધ્યેય છે.

## બ્રહ્મચર્ય પાળનાર જૈન નિર્ગ્રન્થોની ભક્તિ કેવી છે?

તે કામ, ક્રોધ, લોભ, હિંસા, અસત્ય તથા
અબ્રહ્માદિ દોષોની પ્રતિપક્ષભૂત ભાવનાથી ભરેલી છે.

## પ્રતિપક્ષ ભાવના એટલે શું?

એક તરફ કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, મોહ, સ્વાર્થ છે,
બીજી તરફ ક્ષમા, નમ્રતા, સરળતા, ઉદારતા, તપ, શૌચ
અને બ્રહ્મચર્ય છે. દ્વન્દ્વોમાંથી પ્રતિદ્વન્દ્વી શોધીને એને
સામસામ ગોઠવી લેવી, તે યોગ છે અને
એ જ પ્રતિપક્ષ ભાવના છે. 'કાર્યેષુ કૌશલ્યં યોગઃ'।

## કઈ આઠ વસ્તુઓ દુઃજેય જણાય?

'अक्खाण रसणा कम्माण मोहणी तह वयाण बंभवयं।
गुत्तिण य मणगुत्ती, चउरो दुक्खेहिं जिप्पंति ॥१॥

ઈંદ્રિયોમાં રસના, કર્મોમાં મોહનીય, વ્રતોમાં બ્રહ્મચર્ય
અને ગુપ્તિમાં મનોગુપ્તિ દુઃજેય જણાય છે.

પ્રથમ કર્મયોગ, પછી રાજયોગ અને છેલ્લે જ્ઞાનયોગ.

જીવ પોતે જ બ્રહ્મ છે.

એ બ્રહ્મમાં આચરણ તે પરમાર્થ - બ્રહ્મચર્ય છે.

મનને જીતવાના ત્રણ ઉપાયો

ઈંદ્રિયોનો જય, રસનાનો વિજય ઉપરાંત દુર્ધર બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્ય = બ્રહ્મ - પરમાત્મા સમાન આચરણ. પરમાત્મા
પૂર્ણ છે, તેમ પૂર્ણતામાં રમણતા તે તાત્વિક બ્રહ્મચર્ય છે.

સંયમનો એક અર્થ છે: માનસિક સંયમ.
તેના વ્યાપક અર્થમાં બ્રહ્મચર્ય પણ આવી જાય.

બ્રહ્મચર્ય એટલે સર્વ પ્રકારની કામનાનો નિરોધ અને
બ્રહ્મ, આત્મા અથવા પરમાત્મામાં રમણ.

'ગુરુકુલવાસો બ્રહ્મચર્ય ।'

ગુરુસેવા પણ બ્રહ્મચર્યનો જ એક પ્રકાર છે. અહીં
અપરિગ્રહ વ્રતની સાથે આજ્ઞાપાલન અને બ્રહ્મચર્ય
વ્રત પણ આવશ્યક છે. ઉપરીઓની આજ્ઞા અને
અધિકારીનો સહકાર - બંને વસ્તુઓ પરસ્પર પૂરક છે.
જૈન મુનિ જગતના સર્વ જીવોને અભયદાન આપે છે.

'બ્રહ્મચર્ય' એટલે વિશ્વને બ્રહ્મમય જોવું.

૫ મહાવ્રતપાલક, ૯ વાડથી વિશુદ્ધ બ્રહ્મચર્યને પાળનાર,
૧૮ પ્રકારે બ્રહ્મચર્ય આરાધક, ૨૨ પરિષહને જીતનાર,
જૈન ધર્મને ઉપદેશનાર શ્રમણો વિશ્વને વંદનીય છે.

તપ વડે દેહનું દમન કરવું.

જેઓ બ્રહ્મચર્યમાં રહીને તપથી સદા શરીરને દમે છે,
તે મહાપુરુષો જ મુક્તિને મેળવનાર થાય છે.
કર્મોનો ક્ષય એટલે દેહનો વિલય અને આત્માનો ઉદય.

તેનો ઉપાય ત્રણનો સમન્વય:

નવકારનો જપ - આયંબિલનો તપ - બ્રહ્મચર્યનો ખપ.

જિહ્વા અને જનનેન્દ્રિયનો સીધો - સામો સંબંધ છે.

બંનેનો સંયમ - સદુપયોગ મુક્તિ અપાવે છે, અસંયમ તથા દુરુપયોગ આ ભવે - પરભવે ભમાડે છે. બંને એકી સંખ્યામાં છે, કાર્ય બે કરે છે. બેમાંથી એકેયને અસ્થિ નથી.

વૃત્તિનિરોધનો ઉપાય શું ? ધર્મચતુષ્ટય.

વિદ્યા - શ્રદ્ધાસહિત બ્રહ્મચર્ય અને તપનો અભ્યાસ. તેને જ જૈન શબ્દોમાં દર્શન (શ્રદ્ધા), વિદ્યા (જ્ઞાન), બ્રહ્મચર્ય (ચારિત્ર) - તપ, એમ 'ધર્મચતુષ્ટય' કહી શકાય.

પ્રભુભક્તિ એ બ્રહ્મચર્યની ૧૦મી વાડ છે અને બ્રહ્મચર્ય એ ચિત્તપ્રસન્નતાનું પરમ ધામ છે.

સર્વોત્તમ ધર્મ સહનશીલતા, નમ્રતા, સરળતા, અપરિગ્રહ, સંતોષ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, તપત્યાગ છે.

બ્રહ્મચર્ય અને ક્ષમા દ્વારા કામ અને ક્રોધનો નાશ કરો.

જ્યાં દૃઢ ઇચ્છા છે, ત્યાં અનુકૂળ માર્ગ મળી જ આવે.

પ્રથમ 'શસ્ત્રપરિજ્ઞા અધ્યયન'માં નવ પ્રકારે બ્રહ્મચર્યનો સમવતાર કરવામાં આવ્યો છે.

એ વિચાર ચિત્તસમાધિને માટે પરમાવશ્યક છે કે:
'ધર્મ છે તો હું સનાથ છું, ધર્મ નથી તો હું અનાથ છું.'
જીવ જેનાથી સનાથ છે, એવા
અહિંસા, બ્રહ્મચર્ય આદિ ધર્મનું શરણું જ ઇષ્ટ છે.
ઇંદ્રિયોને પોષક હોય, તે આસક્તિ અને
આત્માને પોષક હોય, તે ભક્તિ.
ઇંદ્રિયોને પોષક સિનેમા, રેડીયો, હોટેલો, ક્લબો વગેરે છે
અને આત્માને પોષક એવા સાધનો
દેવદર્શન, ધાર્મિક પ્રવચનો, પાઠશાળાઓ વગેરે છે.
વિષયનિવૃત્તિ, કામવિજય, બ્રહ્મચર્યસિદ્ધિ -
આમાં બધી ઇંદ્રિયોનો સંયમ આવી જાય છે.
માનવના પગ જમીન પર, માથું આસમાનમાં રહેલું છે,
તે એમ સૂચવે છે કે માનવનો જન્મ
દેહાતીત થવા - પરમ જ્યોતિની પ્રાપ્તિ કરવા માટે છે.
માટે બ્રહ્મચર્યના પાલન વડે આત્માને સાર્થક કરવું છે,
આવા દૃઢ નિર્ધારક નિઃશંકપણે શાંતિસ્વામી બને છે.

સર્વત્ર બ્રહ્મદર્શન એ સાચું બ્રહ્મચર્યપાલન છે.

જ્યાં દ્વૈત દેખાયું, ત્યાં બ્રહ્મચર્યનું ખંડન થયું.

આ સૂક્ષ્મ અર્થ છે - સ્થૂલ બિંદુનું સંરક્ષણ છે.

સ્વાસ્થ્યની રક્ષા માટે જરૂરી છે કે:

દિનચર્યામાં બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જવું, ઈશ્વરસ્મરણ કરવું, દિવાશયન કે દિવસે શયન વર્જવું, સત્ય - અહિંસા - બ્રહ્મચર્ય આદિનું પાલન કરવું.

અન્ન અને ઈંદ્રિયજય - એ બન્ને હોય, તો જ મનની પ્રસન્નતા રહે, તનની સુખાકારી જળવાય.

અન્નમાંથી રસ, રસમાંથી રક્ત, રક્તમાંથી રેતસ અને રેતસમાંથી ઓજસ બને છે. ઓજસનું મુખ્ય સ્થાન સહસ્રાર ચક્ર છે. ઓજસમાં આકર્ષણ શક્તિ છે. શિષ્યમાં આ ઓજસ દ્વારા જ ગુરૂ શક્તિ સંક્રમિત કરી શકે, માટે જ શક્તિપાત કરનારા ગુરૂઓ સાચા, બ્રહ્મચારી અને સર્વત્ર બ્રહ્મદર્શન કરનારા હોવા જોઈએ,

અન્યથા તે ગુરૂ પાખંડ રૂપ છે.

'સંવર ઉપાદેય છે' એનો અર્થ છે કે:

કાયાદિ અહિંસા, અચૌર્ય તથા બ્રહ્મચર્યનું વિશુદ્ધ પાલન,
સંવેગ તથા વૈરાગ્યાદિ ભાવો - એ બધા
શુભ વ્યાપારો ઉપચારથી સંવરરૂપ છે અને ઉપાદેય છે.

'તપસા બ્રહ્મચર્યેણ શ્રદ્ધયા વિદ્યયાઽઽત્માનમન્વિષ્ય ।'
અર્થાત્: આહારના નિયમરૂપ તપ,
ઉપસ્થના નિગ્રહરૂપ બ્રહ્મચર્ય,
દેવ - ગુરુની ઉપાસનારૂપ વિદ્યા ઉપરાંત શાસ્ત્રોમાં
સુદૃઢ વિશ્વાસરૂપી શ્રદ્ધા વડે આત્માની શોધ કરવી.

ભારત અને વિદેશની સંસ્કૃતિમાં શો ફેર ?

અહીં મનાય છે કે બ્રહ્મચર્યના પાલનથી વીર્યરક્ષા થાય,
વીર્યનું રક્ષણ થતાં બળ વધે અને બુદ્ધિ તેજસ્વી થાય,
કેમકે ભારતની સંસ્કૃતિ મહેલોમાં નહીં પણ
વનોમાં અને ઋષિ - મુનિઓના આશ્રમોમાં રહેલી છે.
જેને રામનામનો સહારો અને બ્રહ્મચર્યનું બળ મળ્યું છે,
તે હનુમાનજીની જેમ સંસારસાગરને ઓળંગી શકે છે.

ધર્મનાં સાધનો: દયા, દાન, પ્રશમ, બ્રહ્મચર્ય, જિનપૂજાદિ.

દેવપૂજનાદિ વિધિના પાલનપૂર્વક જે થાય,
તે પરિશુદ્ધ અને વિધાનપૂર્વક (બ્રહ્મચર્ય) કહ્યું ઇત્યાદ.

જ્ઞાનતંતુઓની નબળાઈ વગેરે અવસ્થાના પ્રતિકાર છે:
દાન, દયા, પરોપકાર, સત્ય, બ્રહ્મચર્ય, યમનિયમ, તિતિક્ષા.

દયાનું અમલીકરણ એ જીવનનું ઉત્તમ અમલીકરણ છે.
દયામાં સત્ય છે, દયામાં અચૌર્ય છે, દયામાં બ્રહ્મચર્ય છે.
સનાતન ધર્મનું મૂળ સર્વ જીવો ઉપર દયા, સત્ય,
કરુણા, તપસ્યા, બ્રહ્મચર્ય, નિર્લોભતા, અદ્રોહ ઇત્યાદિ છે.
ધર્મનું મૂળ દયા છે તથા દયા એ ચૈતન્યની અનુભૂતિ છે.
પ્રાણીમાત્રમાં એક સમાન આત્માનો અનુભવ થવાથી
અન્ય જીવોની પીડા જોતે થતી કરુણાદિની લાગણીઓ
અહિંસા, સંયમ અને તપધર્મથી ઓળખાય છે.
અહિંસા, સત્ય, દયા અને સેવાધર્મ પરમ ગહન છે.
અહિંસા અને બ્રહ્મવ્રતની રક્ષાને માટે તપ વિહિત છે.
ઉપવાસ નમસ્કારથી બ્રહ્મચર્ય વ્રતની શુદ્ધિ થાય છે.

## સંયમનો માર્ગ

મનુષ્ય ચાહે તો પણ સર્વ જીવોને સુખ આપવાની ક્રિયા એકલા હાથે કરી શકતો નથી. સર્વ જીવોને સુખ મળે એવી ભાવના કરી શકે છે, એટલું જ નહીં પણ કોઈપણ જીવને દુઃખ ન થાય, એવી પ્રવૃત્તિ પણ કરી શકે, એનું જ નામ સંયમમાર્ગ છે. પોતાની આસપાસના જીવોને ય ઘણા મુશ્કેલીથી સુખી કરી શકાય, તો પછી સંસારના સર્વ જીવોના સુખની જવાબદારી એકલો કેવી રીતે લઈ શકે? છતાં કોઈને ય દુઃખ ન આપવાની જવાબદારી લઈ શકે છે, એનું જ નામ સંયમમાર્ગ. એને જ સમ્યક્દર્શન - જ્ઞાન - ચારિત્ર - સંયમ - તપ - બ્રહ્મચર્ય - પ્રત્યાખ્યાન વગેરે એનાં જ સાધન બને છે.

## અધ્યાત્મ જીવનની અનિવાર્ય જરૂરીયાતો

અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, સત્ય અને અપ્રમાદ ઉપરાંત નિર્વ્યસનીપણું - માંસાહાર તથા મદિરાપાનનો ત્યાગ છે, જેમકે બ્રહ્મચર્યનો ગુણ પરમાત્મરમણતા રૂપ પણ છે.

## <u>વૃત્તિઓને શુદ્ધ કરવાની પ્રક્રિયા</u>

'ब्रह्मणि चरणम् इति ब्रह्मचर्यम्।
वार्य - निरोधो ब्रह्मचर्यम् । ब्रह्म च कुशलानुष्ठानम्,
तस्य तस्यार्थं चाऽऽसेव्यमिति ब्रह्मचर्यम् ।'

'કામ' એટલે ધર્મમાર્ગથી ઉત્ક્રમણ કરાવનાર.
વાસનોત્તેજક નિમિત્તો દ્વેષપાત્ર છે, વ્યક્તિઓ નહીં.
વૃત્તિઓને દાબવાની નહિ, શુદ્ધ કરવાની છે.
તે માટે તત્ત્વજ્ઞાન અને સંયમ-આચારમાર્ગ ઉપાય છે.
શુદ્ધિ વિના દમન કે નિયમન અહંને પોષનારાં બળો બને.

### <u>'બ્રહ્મચર્ય' શબ્દમાં બ્રહ્મના ત્રણ અર્થ</u>

<u>બ્રહ્મ</u> = આત્મામાં રમણ કરવું (ચારિત્ર).
<u>બ્રહ્મ</u> = બધા જીવોમાં બ્રહ્મભાવ રાખવો (દર્શન).
<u>બ્રહ્મ</u> = જ્ઞાનગુણ કેળવવા સ્વાધ્યાય કરવો (જ્ઞાન).
'गुरुकुलवासो ब्रह्मचर्यं ।'
<u>બ્રહ્મ</u> = સમષ્ટિમાં ઓગળીને રહેવું, સર્વત્ર ચૈતન્ય જોવું.
બ્રહ્મચર્ય વ્રત એ લોકોત્તમ છે, વિનયનું મૂળ છે.

## નિજ સ્વરૂપમાં રહેવું, તે બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્ય એ શાંતિદાયક તીર્થ છે.
એમાં સ્નાન કરવાથી આત્મા નિર્મળ - શાન્ત થાય છે.
'વૃત્તિસંક્ષેપ' એટલે ચિત્તવૃત્તિને - મનને પરવસ્તુમાં
ભટકતું રોકવું અને તે જ સાચું બ્રહ્મચર્ય છે.
વિશુદ્ધ બ્રહ્મચર્ય વિના આત્મિક પ્રગતિ અશક્ય છે.
વાર્યને ઓજસમાં ફેરવવું જોઈએ. જે જે સાધકોને
આત્મનિસ્તારની તીવ્ર લગન છે, તેઓએ
મન, વચન, કાયાથી અખંડ બ્રહ્મચર્ય પાળવું જોઈએ.
આત્મામાં રહેવા રૂપ નિશ્ચય બ્રહ્મચર્ય
એ પરવસ્તુનો સર્વથા ત્યાગ કરવાથી થાય છે.
પરસ્વરૂપમાં જવું, તે પરસ્ત્રી કે પરપુરુષગમનની જેમ
નિશ્ચય અબ્રહ્મચર્ય છે. નિશ્ચયનયથી એક જ મનુષ્ય
જેમ જુદી અપેક્ષાએ બાપ, પુત્ર, ભાઈ, ભત્રીજો, પતિ વગેરે
હોઈ શકે, તેમ એક જ આત્માને આત્મત્વ દર્શન, જ્ઞાન,
ચારિત્ર, બ્રહ્મચર્ય, પ્રત્યાખ્યાનરૂપ એક જ સમયે હોઈ શકે.

કામ (Lust) : શિકાર, જુગાર, દિવાનિદ્રા, પરનિંદા, ખરાબ સંગ, ગીત, નૃત્ય, વાજિંત્ર અને ફોગટ રખડવું - એ ૯ વિઘ્નો - ચાર કામપુરુષની સાથે રહેલ છે.

બ્રહ્મચર્યના પાલન માટે વિચારવું કે...

(1) વીર્યનાશ એ મૃત્યુ, બ્રહ્મચર્ય એ જ ઉત્તમ તપ.
(2) આધ્યાત્મિક વિકાસ માટે અખંડ બ્રહ્મચર્યની જરૂર છે.
(3) ભારે અને માદક ખોરાકની ઇચ્છા કામોત્તેજક છે.
(4) કઠણ શય્યા, વહેલું શયન બ્રહ્મચર્ય માટે સહાયક છે.
(5) બ્રહ્મચર્ય તપમાં ઉપવાસ - ઉણોદરી બહુ સહાયક છે.
(6) સ્મરણ, મુદ્રા, પ્રાણાયામ ખરાબ વિચારો અટકાવે છે.
(7) વિશ્વની સ્ત્રીજાતિ પ્રત્યે દિવ્ય માતૃભાવ કેળવવો.
(8) વૈષયિક પ્રેમને પ્રભુપ્રેમમાં પલટવા પ્રયાસ કરવો.
(9) શરીરની અંદર રહેલી સર્વ અશુચિને વિચારવી.
(10) પ્રભુપ્રેમથી ભયંકર દોષો જીતી શકાવા શક્ય છે.
(11) વૈષયિક આનંદની વૃત્તિનું આત્મિક આનંદમાં રૂપાંતર કરવું, એ અબ્રહ્મને જીતવાનો સહેલો ઉપાય છે.

બ્રહ્મચર્યની 32 ઉપમા (પ્રશ્ન વ્યાકરણસૂત્ર અધ્યયન - ૯):

(૧) ગ્રહગણમાં ચંદ્રમા (૨) માળામાં સુવર્ણની માળા
(3) રત્નમાં વૈડુર્ય (૪) આભૂષણમાં મુકુટ (૫) ગિરિમાં મેરુ
(૬) ચંદનમાં ગોશીર્ષ (૭) ફૂલમાં અરવિંદ (૮) પર્વતમાં હેમવંત
(૯) નદીમાં સીતા - સીતોદા (૧૦) સાગરમાં સ્વયંભૂરમણ
(૧૧) વસ્ત્રમાં ક્ષોમયુગ્મ (૧૨) હાથીમાં ઐરાવણ
(૧૩) ચતુષ્પદમાં સિંહ (૧૪) ભવનપતિમાં દેવેન્દ્ર
(૧૫) સુવર્ણકુમારમાં વેણુદેવેન્દ્ર (૧૬) દાનમાં અભયદાન
(૧૭) દેવલોકમાં બ્રહ્મલોક (૧૮) સભામાં સુધર્મસભા
(૧૯) સ્થિતિમાં સર્વાર્થસિદ્ધ (૨૦) સંસ્થાનમાં સમચતુરસ્ર
(૨૧) રંગમાં કીરમજ (૨૨) સંહનનમાં વજ્રઋષભનારાચ
(23) લેશ્યામાં શુક્લ લેશ્યા (૨૪) ધ્યાનમાં શુક્લ ધ્યાન
(૨૫) જ્ઞાનમાં કેવળજ્ઞાન (૨૬) વૃક્ષોમાં સુદર્શન કલ્પવૃક્ષ
(૨૭) ક્ષેત્રમાં મહાવિદેહ (૨૮) મુનિઓમાં તીર્થંકર
(૨૯) વૃત્તપર્વતમાં કુંડલગિરિ (30) સુભટમાં વાસુદેવ
(3૧) વનમાં નંદનવન (3૨) ઋદ્ધિમાં ચક્રવર્તીની ઋદ્ધિ.

'શ્રી પ્રશ્ન વ્યાકરણ'માં બ્રહ્મચર્યનું માહાત્મ્ય કહ્યું છે કે:

'જમ્મિ ય આરાહિયમ્મિ આરાહિયં વયમિણં સવ્વં સીલં
તવો ય વિણઓ ય સંજમો ય ખંતી મુત્તીગુત્તી
તહેવ ય ઇહલોઇય પરલોઇય જસેયકિત્તીય પચ્ચઓય।'

અર્થાત્ : બ્રહ્મચર્યનું શ્રેષ્ઠ પાલન કરવાથી
શીલ, તપ, વિનય, સંયમ, ક્ષમા, નિર્લોભિતા અને ગુપ્તિ
- એ સર્વની આરાધના સુલભ બની જાય છે.

અહિંસા એ સ્વાસ્થ્યપ્રદ છે,
સત્ય એ બલપ્રદ છે, વિદ્યા એ વૃદ્ધિકારક છે,
તત્ત્વબોધ એ સુખપ્રદ છે તથા બ્રહ્મચર્ય મોક્ષપ્રદ છે.

બ્રહ્મમાં રમમાણ થાઓ, તે અર્થે અહિંસાનું પાલન કરો,
તે અર્થે વિનયની વૃદ્ધિ કરો, તે અર્થે સત્યનું રક્ષણ કરો.
અહિંસા અને બ્રહ્મને તથા વિનય અને વીર્યરક્ષાને સંબંધ છે.

'તવેસુ ઉત્તમં બંભચેરં ।' - સૂત્રકૃતાંગ

'બ્રહ્મચર્ય સબ મેં બડી, સર્વ રત્ન કી ખાન,
તીન લોક કી સંપદા, બ્રહ્મચર્ય મેં માન.' - કબીર કે દોહે

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં ચોથું સ્વપ્ન લક્ષ્મીજી.



શ્વેત કમલાસન ઉપર વિરાજમાન એવા દિગ્ગજોની
વિશાળ પીવર સૂંઢ વડે સુગંધિત જળ છંટકાવ દ્વારા અભિષિક્ત
લક્ષ્મીદેવી આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

દેવલોકથી દેવો આવીને
આ ઉત્તમ બાળકના આત્મગુણોનો અભિષેક કરશે.



: અહિંસા એક અનુભવ છે, સિદ્ધાંત નહીં! :

ક.કા.સ.શ્રી હેમચંદ્રાચાર્યજીએ શ્રી કુમારપાળ મહારાજાને પ્રતિબોધ્યાં કેઃ
'જેને તું હણે છે, તે તું જ છે!' તેથી તેઓના રાજ્યમાં
માંસાહાર, મત્સ્યાહાર તો બંધ કરાવ્યાં જ, ઉપરાંત પશુ-પંખી,
કીડી, મંકોડા, માખી, માંકડ કે જૂ સુદ્ધાંને ય કોઈ મારી ન શકતું!
આજના યુગમાં મનુષ્ય મનુષ્યને ન મારે,
આટલી મર્યાદાએ જ અહિંસાની પ્રવૃત્તિ દેખાય છે!

www.fiestadesigns.in